


ભગવાન મૈત્રેય
એક તિબેટન શિલ્પકૃતિ ઉપરથી
રેખાંકન

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક


તંત્રી : રવિશંકર મ. રાવળ ★ સંપાદક : બચુભાઈ રાવત

માર્ચ '૪૦

૧૯૫

સંગમ

'બાળપણ ઉપર જ્યારે યૌવનનો હુમલો થાય છે, અથવા યૌવન ઉપર ક્ષયરોગનું આક્રમણ થાય છે ત્યારે અંદર આમૂલાગ્ર પરિવર્તનથઇ ગયું હોય તો યે એનાં બહારનાં પરિણામ તરત દેખાતાં જ નથી. આ શારીરિક ઘડતર જો તરત વરતાતું નથી તો માનસિક ઘડતર શી રીતે વતરાય ?' પરંતુ મનુષ્ય સ્વયંજાગૃત રહે તો પ્રજ્ઞાચક્ષુ વડે પોતાના મનઃપ્રવાહના મુખથી તે મૂળ સુધી પહોંચી, એ પ્રવાહને પુષ્ટ કરનારાં અંગોપાંગો નાણી, પોતાના વર્તમાન જીવન સાથે તેમનું સામંજસ્ય સાધી શકે છે એ વાત કાકાસાહેબનું 'મનોમંથન' સાબિત કરે છે. દરેકે દરેક જણની યુવાનીનો અમુક ગાળો એવાં મનોમંથનો જન્માવવાનો અને 'સ્વનિષ્ઠા અથવા અધ્યાત્મનિષ્ઠા કે કુટુંબનિષ્ઠા ?' એવો સવાલ તેની સામે આવી ઊભો રહેવાનો. વાચકો એવાં મનોમંથનથી માત્ર કલ્પનાસુખ અનુભવી બેસી ન રહેતાં પોતાની પ્રવૃત્તિ પર નિગેહબાની કરતી નવી દૃષ્ટિ તેમાંથી મેળવે. ¶ અને જીવનના નિર્ગમન પાછળ રહેલો એકાદ ચોક્કસ દૃષ્ટિકોણ વ્યક્તિજીવનમાં કેટલું સામર્થ્ય પૂરે છે એ 'માધવ જુલિયન'નું ચરિત્ર હૂબહૂ રજૂ કરે છે. ઉપનિષદો કહે છે, ऋषिः दर्शनात्। જીવનના આમૂલાગ્ર દર્શન વિના આર્ષ દૃષ્ટિ સંભવતી નથી. અને એ દૃષ્ટિ જીવનની સઘળી પ્રવૃત્તિઓનો જ્યાંથી ઉત્સર્ગ થાય છે એ વ્યક્તિવિશેષના ચરિત્ર સિવાય બીજે ક્યાંથી મળવાની ? 'સાબુની ગોટી' પણ છે તો એક લઘુકથા, છતાં એમાં પણ માનવજીવન પ્રત્યેનો એક પ્રકારનો સાંકેતિક સંદેશ રહ્યો છે. 'જીવી જાણનાર' પણ જીવનની એક વિશિષ્ટ દૃષ્ટિ સાથેની તહદિલી નિરૂપે છે. જ્યારે 'જીવનનું પરોઢ' પણ એ જ દૃષ્ટિનો ક્રમવિકાસ આલેખે છે. ¶ છતાં રંજન સામગ્રીની આ અંકમાં ઉણપ નથી એ તમે જોઈ શકશો. 'કોલસાના ડામરમાંથી રંગ', 'વનવગડાનાં વાસી' જેવા અભ્યાસપ્રેરક લેખો ને વિભાગો સાથે 'માધુકરી' તો જેવી ને તેવી પથ્ય રહી છે, પરંતુ બાકીની સામગ્રી જોતાં તો તમને ખસૂસ લાગશે કે આ અંક જીવન પ્રત્યે અભિનવ દૃષ્ટિ પ્રેરતા સંદેશોનો એક વિશિષ્ટ સંગમ બની ગયો છે.



ચિત્રો

ભગવાન મૈત્રેય (તિબેટન શિલ્પ ઉપરથી રેખાચિત્ર)		પૂઠું
કલાપી (પૂર્ણરંગી)	રવિશંકર રાવળ	(મુખચિત્ર)
આકાશી ચિતારા	સ્વ. હરિવદન ભટ્ટ	૯૬
એકાંતી (ફોટો)	આર. આર. ભારદ્વાજ	૯૭
ફોટોગ્રાફી હરીફાઈનાં ચિત્રો		મુખચિત્ર પાછળ

કાવ્ય

યુગ ઘડતા લોહારને	અશોક હર્ષ	૮૯
મણિ	જેઠાલાલ ત્રિવેદી	૧૧૫

ચરિત્ર

માધવ જુલિયન	અશોક હર્ષ	૯૫

વાર્તા

સાબુની ગોટી	જનાર્દન રાવળ	૯૮

લેખો

મનોમંથન	દત્તાત્રેય બા. કાલેલકર	૯૨
બુલ્લાલચશ્મ (વનવગડાનાં વાસી)	'વનેચર'	૧૦૪અ
ડામરમાંથી રંગ	ડૉ. નરસિંહ મૂ. શાહ	૧૦૫
મહાજનોની મુલાકાતે		૧૦૯
ભૂતકાળની શોધમાં	અમૃતલાલ વ. પંડ્યા	૧૧૧
જીવી જાણનારા-૩	દેસાઇ વાલજી ગોવિંદજી	૧૧૪
જીવનનું પરોઢ	પ્રભુદાસ છ. ગાંધી	૧૧૬

વિભાગો

મારી નજરે	.ર.મ.રા.	૯૦
પહેલું સુખ તે જાતે નર્યાં		૧૦૦
સરદાર પૃથ્વીસિંહનો સંદેશો		૧૦૪ક
ટિકિટો સંગ્રહવાનો શોખ		૧૦૮
સંસારનાં શહેરો (૯-બાર્સિલોના)		૧૧૩
પંચતંત્રની વાર્તાઓ (બાળવિભાગ)	દે. વા.	૧૧૯
પ્રાર્થના (બાળકાવ્ય)	રમણિક અરાલવાળા	૧૧૯
આ મહિનો (માર્ચ) ઇતિહાસમાં		૧૨૧
માધુકરી		૧૨૨
છેલ્લું પાનું		૧૨૮

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬II, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના: મુંબાઇના ખાસ કેન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કું. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

યુગ ઘડતા લોહારને

• લાવણી •

ઓ યુગ ઘડતા લોહાર મને તું તપાવ તાતી આંચે,
જો વ્યર્થ જળે અંગાર મને કર વધુ ન આઘેપાસે;
ઉન્માદ રંગે રંગ વાધેઃ
નહિ શમે હવે તન્નૂર મહીં તું ઉછાળને ઉલ્લાસે!

તું બધી કુશળતા બતાવ આજે રંગ રહેતા ઊણો;
હું રક્તતપ્ત, તું મૂક એરણે, કર ઘણુણાટ ઘણોનો
ને બનાવ આયુધ ભાવેઃ
ના કરે ઘાવ, પણ ઘાવ ઝીલતાં નિજ પોરસ પ્રગટાવે.

દેમાર ધમણ તું ચલાવ આજે ભલે કરે ફૂંફાડા,
તું ટીપ જોરથી ટીપ ભાઈ! છો રડે રૂંવાડાં સારાં;
રે, મેલ પરી તું માઝા
કે રહ્યા કાળના શેષ ઘાવ તે શિરે વધાવું તાઝા.

ના હવે મણા કૈં, કાળ સાથ દે, ગજગજ ઉછળે છાતી,
તો બનાવ છીણી તુર્ત બાપલા! ઘા ખમતી મદમાતી;
જંજીર માતની છેદે
ને મૂઢ મારની એકેક આંકે ચિરંકથા આલેખે.

ઓ યુગ ઘડતા લોહાર મને ના વિશેષ એથી વાંછા,
એ પૂર્ણ કરી તું પછી બધાને જુહાર દેજે ઝાઝા.

અશોક હર્ષ





'કુમાર'નો ૨૦૦મો અંક

● 'કુમારે' સોળ વર્ષ પૂરાં કર્યાં એ વાત વાચકોની નજર બહાર નહિ હોય. આજે સોળ વર્ષથી કુમારનો અશ્વ અનેક ખાડા ટેકરા અને મુસીબતો વટાવતો આજ સુધી જ્ઞાનનાં અનેક ક્ષેત્રોની સતત ખેડ કરી રહ્યો છે. અને હવે ૨૦૦મા અંકના સીમાસ્તંભ તરફ નજર માંડે છે. બધાને ખબર છે કે 'કુમાર'નો ૧૦૦મો અંક ગુજરાતમાં એક નવી સજધજની સાથે બહાર પડ્યો હતો અને એની નવીનતાની કલગી ફરકી ન ફરકી ત્યાં એ જ અંકને જાણે વિશિષ્ટતા મળવાની હોય તેમ અમદાવાદનાં પત્રોમાંથી પહેલો જ તે જપ્ત થવાનો ડંકો પડ્યો હતો. બીજી બાજુ તેની મુક્તિ પણ સૌથી છેલ્લી થઈ હતી. પહેલા શતકનું એ સીમાચિહ્ન એ રીતે ગુજરાતની સત્યાગ્રહ લડતના ઇતિહાસમાં છપાયું છે. હવે આવતું બીજા શતકનું સીમાચિહ્ન જગતના યુદ્ધના અને મોંઘવારીના રુદન વચ્ચે પણ યથાશક્તિ યાદગાર બનાવવાનો અમે સંકલ્પ કરી રહ્યા છીએ. પરંતુ એ બિરદ પાર ઉતારનાર તો કુદરતના આદર્શોને પ્રેરનાર અદૃષ્ટ જ છે, એમ સ્વીકાર્યા વિના આજે બીજું કશું કહી શકાય એમ નથી.

આજે અનેક વાચકો એવા હશે કે જેમણે આ બધાં વર્ષો કુમારનો સાથ છોડ્યો નથી. એવા વાચકોમાંથી કોઈકને જ રૂબરૂ મળવાના સંજોગો અમને મળ્યા છે; અનેક અનજાણ્યા ખૂણાઓમાં 'કુમાર'ને જ એક માત્ર પ્રિય સ્વજન માની આજસુધી અપનાવી રહેલા જે અસંખ્ય પ્રેમી ગ્રાહકોએ અમારી આત્મશ્રદ્ધાને અખંડ રાખવામાં અને અમને કાર્યતત્પર રાખવામાં જે આંદોલનો આપ્યાં છે તેમને હું 'કુમાર'નું અરધોઅરધ શ્રેય આપું છું. 'કુમાર' માત્ર લવાજમો ભેગા કરવા ખાતર કદી ચલાવ્યું નથી. કોઈ ને કોઈ આત્માના દીપકો સતેજ રાખવા, કોઈ ને કોઈ પ્રવાસીના સાથીદાર બનવા, કોઈ ને કોઈ હતાશને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા, રાષ્ટ્રની મૂંઝવણમાં તરુણોને ભાવીના ઘડવૈયા બનાવવા 'કુમારે' અભિલાષા અને આકાંક્ષા સેવ્યા જ કર્યા છે. તેના જીવતા પુરાવા અમને મળતા રહ્યા ન હોત તો આજે કલમ, કાગળ, પત્રો કે ચિત્રોનો સરંજામ ખરાબ કરવા કરતાં અમે તે સદંતર બંધ જ કર્યું હોત. પણ 'કુમાર'માં રજૂ થતી પ્રેરણાસામગ્રીના ભોક્તાઓએ અમને અનેકવાર આત્મવિશ્વાસ પ્રેર્યો છે કે એમાંની કોઈ વસ્તુ વ્યર્થ ગઈ નથી. કેટલાંક આત્મનિવેદનોએ અમને ખાતરી આપી છે કે 'કુમારે' આ યુગના ઘડતરમાં, તાલીમમાં અને સંસ્કારમાં ન વિસરાય એવો ફાળો આપ્યો છે.

પણ અમારી મોટી આકાંક્ષા તો 'કુમાર'ને કોઈ દિવસે રાષ્ટ્રીય સંસ્થા બની ગએલી જોવાની છે. આજના તેના નિયામક કે સંચાલક ન હોય તે દિવસે પણ 'કુમાર' પોતાની પ્રેરણાથી પુષ્ટ થએલા સમાજમાંથી જ તેના સંચાલકો અને સેવાહકો મેળવી શકે એવી કોઈ યોજનાની ગને ઝંખના છે. એવી તંત્રયોજના કરવાની વ્યવહારકુશળતા અને સંસ્કારપરાયણતાવાળી કોઈ વ્યક્તિનો આજે તો અમને અભાવ લાગે છે. માત્ર ભાવના ઉપર માસિક, છાપખાનું કે ચિત્રશાળાની સંસ્થાઓ ઊભી કરનારને આજની અટપટી દુનિયાનાં નાણાપ્રકરણો, વેચાણપ્રકરણો અને વિશાળ વ્યવસ્થાના પ્રશ્નોનો સામનો કરવાનું મુશ્કેલ લાગ્યું છે એ કબૂલ કરવું જ જોઈએ. છતાં યે જે શ્રદ્ધાએ અજબ રીતે આજસુધી આ સાહસ નભી રહ્યું છે તે જ શ્રદ્ધા અમને એ મોરચા પર ટકી રહેવાનો આદેશ આપી રહી છે.

અમારી એક જ ખાહેશ છે કે નિરાશા કે શોકનાં મોજાંઓ હુમલો કરે તે વખતે આદર્શ અને શ્રદ્ધાને દૃઢ રાખવા 'કુમાર'ના સહધર્મી વાચકો જ તેમની પ્રાણપ્રેરણા મોકલે અને 'કુમાર'ને દિશાસૂચન, પ્રોત્સાહન અને પ્રચારણામાં સાથ આપે. અમે ખચીત જાણવા માગીએ છીએ કે આ વિચારોમાં અમારો કોઈ ભ્રમ તો થતો નથીને? આગામી ૨૦૦મા અંકમાં અમે અમારા ચિરમિત્ર-જીવનમિત્ર બનેલા વાચકો તરફથી તેના પુરાવા રજૂ કરવા ઇંતેજાર છીએ. જેમણે દશ વર્ષ કે તેથી વધુ પણ 'કુમાર'નો સાથ જાળવી રાખ્યો હશે તેમને તે સંબંધ ટકાવી રાખવાનાં સબળ કારણો જરૂર હશે; અને આજકાલનાં વિવિધ વાચનોથી ભરાઈ જતાં ટબલો અને પુસ્તકાલયોનાં પ્રલોભનો છતાં 'કુમાર'ને લાડકું પત્ર ગણી સંઘરનારા ગ્રાહકોનાં સંસ્કાર, ભાવ અને જીવન જરૂર જાણવા યોગ્ય હશે એવી અમારી માન્યતા છે. અમે 'કુમાર'ના એ પરમ મિત્રોને વીનવીએ છીએ કે 'કુમાર'ના આગામી ૨૦૦મા અંકમાં તમે તમારો જ પરિચય આપો. 'કુમાર'ના સહચારવાળું તમારું જીવન અને આજની તમારી પ્રવૃત્તિ જણાવો. એમાં જે કંઈ અજબ ને આકર્ષક અને પ્રેરણારૂપ હશે તે અમે

બહુ હર્ષથી ૨૦૦મા અંકમાં પ્રકટ કરીશું જો બને તો 'કુમાર'ના ગ્રાહક થયા તે સમયનો તમારો ફોટોગ્રાફ મોકલશો. તે ન હોય તો આજનો ફોટોગ્રાફ તો અવશ્ય મોકલશો. તમે 'કુમાર'ના છો, 'કુમાર' તમારૂં છે એ વાતની નોંધ એ રીતે ૨૦૦મા અંકમાં રહેશે.

'કુમાર' પર અથાગ ભાવ અને પક્ષપાત ધરાવનારા ગુજરાતના પ્રથમ પંક્તિના વિદ્વાનો, કવિઓ અને લેખકો છે તેમને તો આ એક ધન્ય અવસર બનશે. અનન્ય અને એકનિષ્ઠપણે આ સરસ્વતી સેવકોએ 'કુમાર'નાં સોળ વર્ષોમાં પોતાની ઉત્તમોત્તમ સામગ્રી સ્વાર્થ કે સાટાંની શરત વગર આપ્યા કરી છે એ વાત 'કુમાર'નાં પાનાં ફેરવનારાને દીવા જેવી દેખાશે. અને કળાકાર મિત્રોએ તો 'કુમાર'ને જ ગુજરાતનું રંગપટલ માન્યું છે, એની શોભા અને શણગારમાં એકેએક તરુણ અને પ્રૌઢ ચિત્રકારે રસ લીધો અને તેથી 'કુમાર' ઇતર પ્રાંતોમાં પણ ગુજરાતનું 'એકમેવ' પ્રતિનિધિરૂપ બન્યું છે. ચિત્ર સિવાય અન્ય પ્રાંતવાસીને આકર્ષણ કરાવવાનું બીજું કયું પ્રબળ સાધન છે? ગુજરાતી ભાષા નહિ સમજનારા ઘણા યે પરદેશીઓ ગુજરાતને આ કલાકારોની કૃતિઓથી પિછાનતા થયા છે. 'કુમાર'ના ૨૦૦મા અંક માટે કોઇપણ સાહિત્યકાર કે કલાધર તરફથી વિશેષ સૂચન અને સંસ્કારપ્રદાનની નવીન સૂચના સહાય કે સહકાર મળશે તેનો સહર્ષ અને સાભાર સ્વીકાર થશે. માત્ર તે 'કુમાર'નાં ગૌરવ અને પ્રતિષ્ઠા નિભાવનારાં કે વધારનારાં હોય.

'વૅકેશન કેમ ગુજારી?'

● એ ભવિષ્ય પર સ્વાનુભવનું જ વર્ણન લખી મોકલવા મેં 'કુમાર'ના ૧૯૬મા અંકમાં વાચકોને જણાવેલું. તે પરથી ગ્રાહક વિદ્યાર્થી મિત્રોએ લેખો લખી મોકલ્યા છે એ વાત હું સંતોષપૂર્વક જણાવું છું. કારણકે આવા આત્મસંવેદનમાંથી હું 'કુમાર'ના વાચકોને શું માર્ગદર્શન કે શું વિચાર નિરૂપણ જરૂરનાં છે તે બરોબર સમજી શકીશ. લખનાર ભાઇઓને હું ફરીવાર ખાતરી આપું છું કે મારામાં મૂકેલ વિશ્વાસ અને શ્રદ્ધામાં તેમને જરા યે નિષ્ફળ નહિ થવા દઉં. એ પત્રો પૈકીનો એક પત્ર અહીં આપું છું. બીજા અનુક્રમે આપવા ધારૂં છું. દરમિયાન બીજાઓને પણ એ પ્રકારની નોંધ મોકલવા આમંત્રણ છે જ.

હું ગયા ઉનાળાની રજાઓમાં 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ' તરફથી ચાલતા વ્યાયામવર્ગમાં ગયો હતો. આ વર્ગ દર વર્ષે એક જ જગ્યાએ રાખવામાં આવતો પણ આ વખતે પ્રયોગ ખાતર ચાર જગ્યાએ ભરાએલો: (૧) વડોદરા, (૨) કાલોલ, (૩) કપડવણજ અને (૪) આણંદ. હું આણંદ ગએલો. આણંદમાં આ વર્ગ ચરોતર એજ્યુકેશન સોસાયટીના મકાનમાં રાખેલો અને તેમાં ૧૨૫ ભાઈઓએ લાભ લીધેલો. વર્ગ તા. ૫-૫-૩૯ના રોજ શરૂ થયો હતો. કાર્યક્રમ:- સવારમાં ૪-૪૫ ઊઠવાનું ને પછી ૨૦ મિનિટમાં પરવારી પ્રાર્થના માટે જવાનું. ત્યાં પ્રાર્થના પછી દરેકની હાજરી લેવામાં આવતી. હાજરી લેવા માટે દરેકે પોતાને આપેલા નંબર બોલવાના હોય છે. ત્યાર બાદ દરેક ટુકડીને માર્ચ કવાયત કરાવે છે. કવાયત ૪૫ મિનિટ કરાવે છે ને પછી જેવી રીતે શાળામાં પીરીઅડ હોય છે તેવીજ રીતે ત્યાં પણ પીરીઅડ ચાલુ થાય છે. ત્યાર પછી આઠ વાગ્યે નાસ્તા માટેનો ઘંટ થાય છે. નાસ્તો કર્યા પછી એટલે ૮-૩૦ દરેક જણે લાઈનમાં ઊભા રહીને હાજરી આપવાની. ત્યાં સવારના નાસ્તામાં ગરમ કરેલું અરધો શેર દૂધ ને સાથે પાઉં આપે છે. એ પછી અમારા પીરીઅડ ચાલુ થાય છે ને તેનું ૧૦-૩૦ સુધી કામ ચાલે છે. ત્યાર બાદ અમને બે વાગ્યે રજા મળે છે. તેમાં નહાવું, જમવું, આરામ, નોંધ લખવી વગેરે કામ કરી શકાય છે. બે વાગે એટલે અગાઉ શીખેલીને માટે જવાનું હોય છે. તેમાં અમને શરીરશાસ્ત્ર અને રમતશાસ્ત્ર શીખવવામાં આવે છે. આ પછી સાંજનો નાસ્તો ૪ વાગ્યે મળે ને નાસ્તા પછી ૪-૩૦ સવારની માફક પીરીઅડ શરૂ થાય. સાંજ પડે એટલે દરેક ટુકડીને રમત રમાડવામાં આવે છે. આ પછી અમે છૂટા થઈએ છીએ-તેમાં સ્નાન કરવું, જમવું વગેરે હોય છે. જમ્યા પછી નવ વાગ્યે સૂઈ જવાનું. ત્યાં નવ પછી વધારે જાગી શકાતું નથી. આવી રીતે ફરી સવારમાં ૪-૪૫ ઊઠીને પહેલાંની માફક કામ ચાલે. તેમજ ત્યાં દર રવિવારે માર્ચડ્રીલ કર્યા પછી કંઇ કામ કરાવતા નહિ ને બજારમાં જવાની રજા આપતા, તેમજ ગામમાં માર્ચ કરતા ફેરવતા ને રાત્રે કૅમ્પ ફાયર રાખતા. તેમાં દરેક જણ છૂટથી બોલી પોતાના વિચારો જણાવી શકે છે. ત્યાં વ્યાયામ ઉપરાંત બૅન્ડ, સ્કાઉટીંગ વગેરે શિખવાડતા. આવી રીતે મારો વર્ગ ચાલતો હતો. આ વર્ગ તા. ૪-૬-૩૯ પૂરો થતો હતો એટલે એ દિવસે વ્યાયામ વર્ગનો ઉત્સવ રાખવામાં આવેલો હતો. તેમાં બહાર ગામનાં ઘણા જોવા આવેલાં. આ વર્ગના પ્રમુખ એક મરાઠી ભાઇ મિસ્ટર ગુણે હતા. આ વખતે વ્યાયામના પ્રયોગો તેમજ પાસ થનારને તેનાં સર્ટીફીકેટ આપેલાં.

લાભ: પહેલું તો આપણું શરીર સુધરે છે અને શારિરીક કેળવણી મળે છે. ત્યાં ગયા પછી નમાલા માણસ મટીને બહાદુર બનીએ છીએ, તેમજ શિસ્ત પાળતાં શીખીએ છીએ. સાથે એક બીજાને ઓળખાણ પડે છે ને નવા મિત્રો બનાવીએ છીએ તેમજ સારા નેતાઓને જોવાના મળે છે, ને મોટા પુરુષોનો પરિચય થાય છે. વ્યાયામના ફાયદા લખીએ એટલા ઓછા જ છે. આ વર્ગમાં જવાથી રજાઓ જલદી પસાર થાય છે ને આનંદ પડે છે. આવા વર્ગોનો દરેક ભાઈએ લાભ લેવો જોઈએ. ર. મ. રા.

મનોમંથન

'સ્મરણયાત્રા' પછીનાં યુવાકાળનાં સ્મરણો

પ્રારંભ

અમેરિકન નિગ્રોના તારણહાર જનરલ આર્મસ્ટ્રૉંગ જ્યારે કૉલેજમાં ભણતા હતા ત્યારે કોઈ સમોવડિયાએ એમને પૂછ્યું કે 'કેળવણી પૂરી કર્યા પછી તમારે શું થવું છે? કઈ career (કરીઅર) પસંદ કરશો?' આર્મસ્ટ્રૉંગે જરાક વિચાર કરીને જવાબ આપ્યો, 'કાં તો ચાંચિયો થાઉં, નહિ તો મિશનરી.'

પીઢ લોકોને આવો જવાબ સાંભળી મારે આશ્ચર્ય થશે, કે આ છોકરો શું કહેવા માગે છે? દરિયા પરનો લૂંટારો બની, દરિયા ખેડનાર વેપારીઓને અને ખલાસીઓને રંજાડનાર ચાંચિયો થશે, નહિ તો પોતાની જાતને ભૂલી જઈ, દરેક જાતનાં કષ્ટ વેઠી, ભગવાનને નામે, સ્વદેશથી દૂર નમ્રપણે સેવા કરવાની કારકીર્દિ એ શોધશે; આ બે વચ્ચે કાંઈપણ મેળ છે ખરો? કોઈ તાપસી તપ કરે અને ભગવાન એને પ્રસન્ન થઈ વર માગવાનું કહે અને એ તાપસી કહે કે 'ભગવાન, મને શુક્રાચાર્ય બનાવો, નહિ તો ઇન્દ્ર બનાવો' એના જેવી આ વાત થઈ. પણ યુવાવસ્થા એવી તો વિચિત્ર હોય છે કે એમાં આ વસ્તુ તદ્દન સ્વાભાવિક હોય છે. એ જિંદગીમાં ઉત્સાહ હોય છે, ઉત્કટતા હોય છે, કશાકમાં જીવનસર્વસ્વ અર્પણ કરવાની—ન્યોછાવર કરવાની—તમન્ના હોય છે, પણ તે શું એ નક્કી થએલું નથી હોતું. યુવાન દરેક કાર્ય માટે તૈયાર હોય છે, દરેક આદર્શ એને આકર્ષક લાગે છે; એને માટે કોઈ વસ્તુ અસાધ્ય કે ત્યાજ્ય લાગતી જ નથી.

એવી જુવાનીનાં સંસ્મરણો લખવાં સહેલાં નથી. દરેક માણસને પોતાની જુવાનીનો અનુભવ હોય છે. પણ પાકટ થયા પછી જુવાનીમાં ચાલતી ગડમથલ એ ભૂલી જાય છે. એક વાર ઠરેલ થયા પછી આપણે કેટલાં ઝોકાં ખાધાં એનાં સ્મરણો એ ભૂલી જાય છે, અને પરસ્પર વિરોધી એવી કેટલીક વિચિત્ર વાતો પોતે સેવતો હતો એનું આશ્ચર્ય એના મનમાંથી મરી જાય છે; અને તેથી નાનપણનાં સંસ્મરણો વાંચતાં એને થાય છે કે આ પરસ્પર વિરોધી વાતોનો મેળ કેમ ખાઈ શકે? કૉલેજ જીવન દરમ્યાન, તેમજ ત્યાર પછી, કેટલીક કાળ જીવનનું એકેએક પાસું યુવાનો આગળ ખડું થાય છે અને એની પાસે સ્વયંવર કરાવે છે. કુદરતની એ એક અકળ કળા છે કે જ્યારે માણસને કશો જ અનુભવ નથી હોતો, એક પણ વસ્તુની દૃઢતા એણે કેળવેલી નથી હોતી, પરિણામનો ખ્યાલ એની આગળ ભાગ્યે જ પ્રત્યક્ષ થાય છે, એવે વખતે જ એની પાસેથી એ નિર્ણય માગે છે.

મૅટ્રિક પાસ થયા પછી ચાર વર્ષ કૉલેજમાં ભણીને હું બી.એ. પાસ થયો એ દરમિયાન જે સંસ્કારો લીધા, આદર્શો કેળવ્યા, મનમાં ગડમથલ ચલાવી અને કેટલાક પાકા નિર્ણય ઉપર આવ્યો તેનું વર્ણન મારે આ લેખમાળામાં આપવું છે. આમાં અસાધારણ એવું કશું નથી. કૉલેજનો દરેક વિદ્યાર્થી પોતાના જમાનાનો એક જાતનો પ્રતિનિધિ હતો. એ જમાનો કેવો હતો, એ જમાનાના હૈયાને અસ્વસ્થ કરી મૂકનાર—હચમચાવી નાખનાર—સવાલો કયા કયા હતા, એની મારે અહીં નોંધ લેવી છે. એ જમાનો જ્યારે પાક્યો ત્યારે એના પરિપાકમાંથી જ આજનો જમાનો પેદા થયો છે.

આજે જ્યારે અમારા એ જમાનાનો વિચાર કરું છું, અને આજની લોકસ્થિતિનો સાક્ષાત્કાર કરું છું ત્યારે કેટલો બધો ફેરફાર આ ત્રીસ વર્ષમાં થઈ ગયો છે એનો ખ્યાલ મનમાં લાવી હું વિસ્મય પામું છું.

કૉલેજનો વિદ્યાર્થી પોતાના જમાનાનો પ્રતિનિધિ હોય છે ખરો, પણ જૂનું અને નવું બન્ને એનામાં અસ્પષ્ટ રૂપે વાસ કરતાં હોય છે. તેમ ન હોત, એના બધા સંસ્કારો જો પાકટ હોત, તો એ કશી જ પ્રગતિ ન કરી શકત. જેમાંથી સૃષ્ટિ પેદા થવાની હોય છે તે નિહારિકા ઘનરૂપ તો શું પણ દ્રવરૂપ પણ હોતી નથી; એ તો વાયુ રૂપે જ પોતાની અંદરની અંદર ગડમથલ ચલાવે છે. યથા સમયે એને નિશ્ચિત રૂપ મળે છે અને એમાંથી એક નવી અભૂતપૂર્વ સૃષ્ટિ પેદા થાય છે.

અમારો જમાનો અને આજનો જમાનો એ બન્નેમાં ગમે તેટલો ફરક ભલે હોય, પણ બન્નેમાં ગડમથલનું તત્ત્વ તો સરખું જ રહ્યું છે. અને બન્ને જમાનામાં એક પ્રત્યક્ષ કાર્યકર્તા તરીકે મેં મારો હિસ્સો લીધેલો હોવાથી, જેમ બે રાજ્યોનો રહીશ બન્ને ઠેકાણે નાગ-

> પોતાની કુમાર–કિશોર વયનાં સ્મરણો સાથે 'સ્મરણયાત્રા' પૂરી કરીને તે પછીના કૉલેજ–જીવનનાં સ્મરણો 'મનોમંથન' નામથી આપવાનો કાકાસાહેબનો ઇરાદો હતો, અને તેનાં થોડાં પ્રકરણો 'સ્મરણયાત્રા'ની સાથોસાથ લખાયેલાં પણ ખરાં. બાકીનો ભાગ પાછળથી સમય મળ્યે પૂરો કરવાનો તેમનો સંકલ્પ હતો; તે મુજબ ૧૯૩૮ના ઉનાળામાં પોતે સિંહગઢ હતા ત્યારે તે કામ શરૂ કરેલું, પણ ત્યાં એક જ પ્રકરણ લખાયું. ત્યાર પછી હજુ સુધી તેમાં આગળ વધવાનું બન્યું નથી. એ તૈયાર પ્રકરણો એમની સંમતિથી અત્રે ક્રમશઃ પ્રકટ કરીએ છીએ. અંગત પરિચયને લીધે અમે જાણીએ છીએ કે કાકાસાહેબના યુવાકાળનાં મનોમંથનોની એ લેખમાળા 'સ્મરણયાત્રા' કરતાં યે વધુ રોમાંચક અને રસભર છે, અને દેશના તરુણ વર્ગ માટે તો એ ખાસ પ્રેરક અને માર્ગદર્શક થઇ પડે એવી છે. એમને આપણી વિનતિ છે કે હજી પણ સમય કાઢી તેઓ એ માળા પૂરી કરે.— સં.

રિકના અધિકારો ભોગવે છે તેમ હું ભોગવતો આવ્યો છું, અને તેથી મને લાગે છે કે મારા જમાનાની ગડમથલ આજના જમાનાને ઉપયુક્ત નીવડો કે ન નીવડો, આશ્ચર્યક તો થશે જ.

એ વિશ્વાસે, જીવનના સંધ્યાસમયે આ કેટલાંક સંસ્મરણો મૂકી જવા તૈયાર થયો છું. આમાં મારા વ્યક્તિગત અંગત અનુભવો ચીતરેલા હોવાથી એની મૌલિકતા તો એની મેળે સચવાઈ હશે, અને કોઈ પણ માણસનું મૌલિક લખાણ જો તટસ્થભાવે લખાયું હોય તો બીજા માણસને–જેની જિજ્ઞાસા મરી નથી ગઈ. જેનો જીવનરસ સુકાઈ નથી ગયો–એવાને આશ્ચર્યક લાગવાનું જ.

'સ્મરણયાત્રા'માં જે જીવનનો ઉલ્લેખ છે તે મોટે ભાગે વ્યક્તિગત અને કૌટુંબિક જીવન છે. આટલે વરસે જ્યારે એ સમયનો વિચાર કરું છું ત્યારે જોઉં છું કે એ બાર વર્ષ દરમિયાન જિજ્ઞાસાનો કેવળ ઉદય માત્ર થયો હતો. એમાં ધર્મબુદ્ધિનું પ્રભાત હતું અને જીવનનું ક્ષેત્ર બહુ જ પરિમિત હોવાથી એના ઉપર છવાએલાં વાદળાં પણ નાનાં નાનાં જ હતાં.

પ્રવાસને કારણે એમાં જે વિવિધતા આવી હતી અને ભિન્નભિન્ન સમાજનો જે આછો સરખો પરિચય એમાં કેળવાયો હતો, તેને કારણે સ્મરણયાત્રામાં વર્ણવેલું જીવન પણ કાંઈક અંશે વ્યાપક થવા માંડ્યું હતું ખરું, પણ સામાજિક જીવનનો સાચો પ્રારંભ અને વિચારક્ષેત્રમાં નિર્ભય સ્વાતંત્ર્ય એ બંને તો કૉલેજમાં ગયા પછી જ જોમ પકડ્યું છે. આ ચારપાંચ વર્ષ દરમિયાન જૂના અને નવા વચ્ચે દારુણ ગજગ્રાહ જામ્યો હતો, જેને પરિણામે જીવનના પાયામાં કયાં કયાં તત્ત્વો રહેલાં છે તેની આમૂલાગ્ર તપાસ કરવી પડી હતી.

વડીલોની આજ્ઞાને વશ થઈને આત્મવિલોપન કરવાની નિષ્ઠા અકાળે કેળવી હોવાથી મારામાં પોતાની જાત પ્રત્યેની નિષ્ઠા બહુ જ મંદ થઈ હતી. જો માણસ પોતાની જાત (personality) ને વફાદાર ન રહે તો એની ઘણીખરી શક્તિ મરી જાય છે. વ્યક્તિગત સ્વાર્થ કે કુટુંબનિષ્ઠા એવો સવાલ જ્યારે ઊભો થાય છે ત્યારે માણસે નિઃશંક થઈ કુટુંબનિષ્ઠાને જ પ્રધાનપદ આપવું જોઈએ, પણ કુટુંબનિષ્ઠા કે પોતાની જાત પ્રત્યેની 'અધ્યાત્મ'નિષ્ઠા એવો સવાલ ઊભો થાય ત્યારે, મને લાગે છે કે, આત્મનિષ્ઠાને વધારે મહત્ત્વ આપવું એમાં જ ખરી સલામતી રહેલી છે.

મારા જીવનના એ સંક્રમણકાળમાં કૉલેજમાં ગયા પછી જ મારી સ્વતંત્રતા હું અજમાવી અને અનુભવી શક્યો. અને એટલા પૂરતો વિચાર કરતાં મને લાગે છે કે એ ઉંમરે હું ઘરથી દૂર રહ્યો અને સ્વતંત્રપણે મારી જાતને સાચવી શક્યો એ એક મોટો લાભ છે.

સામાન્ય કુટુંબોમાં સેવાતા વ્યક્તિગત સ્વાર્થને વશ થવું કે દેશમાં નવાનવા ફેલાતા દેશભક્તિના આદર્શને પોતાનું જીવન અર્પણ કરવું એ એક મોટો સવાલ અમારી આગળ હતો. સામાન્ય જનસમુદાયની શ્રદ્ધા તે વખતે એટલી તો ક્ષીણ હતી કે પાંચ પચાસ વર્ષની અંદર સ્વરાજ મળવાનું છે એમ કોઈને લાગતું જ ન હતું. *

સુધારક ને ઉદ્ધારક વચ્ચેના મુખ્ય ઝગડાઓ તો એ બે પક્ષોએ મારા બાળપણમાં જ લડી લીધા હતા; છતાં શ્રદ્ધા કે તર્કબુદ્ધિ એ સવાલ અમારી યુવાનીના દિવસોમાં

---

* લોકમાન્ય તિલકે પણ એક વ્યાખ્યાનમાં કહ્યું હતું કે સ્વાતંત્ર્યની વાત હું અહીં કરતો નથી. પાંચસો વર્ષ પછીની વાતો આજે શા માટે કરું? હું તો આ સામ્રાજ્યમાં અમને જે નાગરિકના હક્કો મળવા જોઈએ એની જ વાત કરું છું.

ખૂબ જોશથી ચર્ચાતો હતો અને મન એ બે વચ્ચે એવાં તો અચાનક ઝોલાં ખાતું હતું કે જીવનમાં અનેકવાર ભૂકંપનો અનુભવ થતો હતો. આ બે વચ્ચે દ્વૈત કે વિરોધ હોવાનું કારણ નથી એમ જ્યારે સમજાયું ત્યારે જ એ ક્ષોભ શમી ગયો અને જીવનમાં સ્થિરતા આવી.

સ્ત્રીસ્વાતંત્ર્ય, સ્ત્રીકેળવણી અને સ્ત્રીઓના હકની ચર્ચા અમારી પહેલાં ઘણી થઈ ચૂકી હતી; છતાં સ્ત્રીઓનો સવાલ આજના જેટલો ઉત્કટ અને વિકટ થયો ન હતો. સંસારસુધારાની ગમેતેટલી વાતો ચાલે તો યે લગ્નજીવન, કામોપભોગ, સુપ્રજાનિર્માણ, સંતતિનિયમન વગેરે આધુનિક પ્રશ્નો તે વખતે આજના જેટલા સમાજ આગળ પ્રત્યક્ષ થયા ન હતા.

રાજદ્વારી ક્ષેત્રમાં પણ આ પચાસ વર્ષમાં જે ભારે ક્રાંતિ થઈ છે તેનો સૂત્રપાત અમારી જુવાનીનાં એ ચારપાંચ વર્ષ દરમિયાન જ થયો હતો. હું જ્યારે જન્મ્યો ત્યારે '૫૭ની સાલના બળવા'ને ત્રીસ વરસ પણ પૂરાં થયાં ન હતાં.' ૫૭ સાલના પ્રયત્નમાં લશ્કરી દૃષ્ટિએ આપણે બહુ પછાત ન હતા; અંગ્રેજો આપણા દેશમાં પારકા હતા; દેશનો ખૂણેખૂણો જોઈ તેઓ જાણતા હતા, છતાં દેશ ઉપર કે દેશવાસીઓ ઉપર એમનો કાબૂ જામ્યો ન હતો; પણ જાગૃતિમાં, વ્યવહારશાસ્ત્રમાં, શાસનકળામાં અને ભૌતિક શાસ્ત્રોમાં તેમની પ્રગતિ આપણા કરતાં ઘણી વધુ થઈ હતી. બંદુક, તોપ, લશ્કરી કવાયત વગેરેની તૈયારી તો ખરી જ; તે ઉપરાંત ઘડિયાળ, છાપખાનું, નૌકાનયન વગેરે સાધનોની બાબતોમાં તેઓ અનેકગણી સરસાઈ ભોગવતા હતા. કાચનો ઉપયોગ વધવાથી રસાયનશાસ્ત્રમાં ભારે પ્રગતિ થઈ હતી. વખત સાચવવામાં એ લોકો આગ્રહી હોવાથી તેમની કાર્યશક્તિ આપણા કરતાં ઘણી વધી ગઈ હતી. સ્વાર્થના એક્કા હોવાથી ઝીણામાં ઝીણી વસ્તુ તરફ તેઓ આપણા કરતાં વધારે ધ્યાન આપતા હતા. ટૂંકામાં, જીવનસિદ્ધિમાં તેઓ આપણા કરતાં વધી ગયા હતા. છતાં સામાન્ય લોકો એમને વાંદરા કહી, સીતાના આશીર્વાદને કારણે તેઓ રાજ્ય ભોગવે છે પણ એમને આપણા જેટલી બુદ્ધિ નથી એમ કહીને પરાધીનતાનું દુઃખ ઢાંકી દેતા હતા.

જ્યારે મેં કૉલેજમાં પ્રવેશ કર્યો ત્યારે દેશમાં રાજદ્વારી બાબતોમાં બે વિચારધારાઓ સમાન્તર ચાલતી હતી. અંગ્રેજ સરકાર કહે છે તે પ્રમાણે પ્રજાનું હિત એ જ એમનો રાજ્યનો હેતુ છે એમ માની લઈ એમને વિનવી–સમજાવી એમની પાસેથી રાજ્યવ્યવસ્થામાં વધુ ને વધુ હક મેળવવાની પેરવી કરવી એ એક માર્ગ હતો. દેશમાં ભણેલા, સરકારી નોકરીમાં ઉતરેલા કે વકીલ ડૉક્ટર એન્જીનીઅર આદિ પાશ્ચાત્ય કેળવણીને લીધે ખીલેલા ધંધો કરનારા લોકો મોટે ભાગે આ દિશાએ વિચાર અને પ્રવૃત્તિ કરતા. બીજી બાજુ, અંગ્રેજોનું રાજ્ય એટલે ભારતમાતા ઉપર થતો હડહડતો અત્યાચાર છે. એટલા માટે એમનું રાજ્ય ઉથલાવી પાડવાનો છાનો પ્રયત્ન કરવો જોઈએ, તેમ કરવા માટે દેશી રાજ્યોને અનુકૂળ કરી લેવાં જોઈએ, અંગ્રેજોની કાળી ફોજમાં ફિતુરી પેદા કરવી જોઈએ. પરરાષ્ટ્રો સાથે મંત્રણા ચલાવી એમનો હૂમલો નોતરવો જોઈએ અને જેમ ફાવે તેમ આ રાજ્ય ઉથલાવી અને ઠેકાણે સ્વરાજની સ્થાપના કરવી જોઈએ, એ જાતની બીજી ધારા ચાલતી હતી. આ ધારામાં પણ કેટલાક ભણેલા લોકો હતા. સામાન્ય જનતાની સહાનુભૂતિ આ બીજી વિચારશ્રેણીને જ અનુકૂળ હતી; પણ શું કરવું એનો ય કોઈને ખ્યાલ ન હતો. અંગ્રેજોએ હથિયારનો કાયદો પસાર કરીને અને આપણા લોકોએ એનો અમલ ચુપચાપ સ્વીકારીને જૂની પરિસ્થિતિ સાવ તોડી નાખી હતી. દેશી રાજાઓએ પોતાના દાંત અને નહોર અંગ્રેજને ચરણે અર્પણ કરી દેશનું ક્ષાત્રકુળ નિર્બીજ કરી નાખ્યું હતું. એટલે, ૫૭ની સાલની પુનરાવૃત્તિ થઈ શકે જ નહિ એ લોકોના ધ્યાનમાં પૂરતું આવ્યું ન હતું.

હું જ્યારે વિચાર કરતો થયો અને રાજકીય આકાંક્ષાઓનો મારા હૃદયમાં ઉદય થયો ત્યારે આ બીજી વિચારધારા જ મને યોગ્ય લાગતી હતી. એ પ્રમાણે કાર્ય કરવા માટે પોતાનાથી બનતું કરવા હું તૈયાર હતો. પણ એ ધારા સેવનારા પીઢ લોકો પણ કેટલા ભોળા છે, કેટલી છીછરી તૈયારી કરે છે એ જોઈને તે વખતે પણ મને આશ્ચર્ય થતું. 'अविदित्वा आत्मनः शक्ति परस्य च समुत्सुकः' એ શ્લોક ફરીફરીને મારા ધ્યાનમાં આવતો. મોટા મોટા પ્રખ્યાત દેશભક્તો ફલજ્યોતિષ ઉપર અને ભવિષ્યવાણી ઉપર વિશ્વાસ રાખનારા હતા. ૧૯૦૭માં સ્વરાજ મળવાનું છે કેમકે તે વખતે બળવાને ૫૦ વર્ષ પૂરાં થશે ૧૯૨૦માં (અનુસંધાન પાન ૧૦૧મે)

જીવનના પંકમાં મનઃપદ્મો ખીલવી જનાર મહારાષ્ટ્રના અભિજાત કવિ અને પંડિત



માધવ જુલિયન

એક જ કલમે ગુજરાતને એમની ઓળખાણ આપવાનો પ્રયાસ કર્યો છે, અને તે 'ગુચ્છે પોલાંડ'-માંની સૉનેટચર્ચામાં શ્રી ઉમાશંકર જોષીએ. પરંતુ પોતાની સમગ્ર પ્રતિભાની મહારાષ્ટ્રીય સમાજને ખેરાત કરી દેનાર એ મહારથીને ગુજરાતે વધુ પિછાનતા થવાની જરૂર છે, કારણ એ જેટલા મહાન કવિ હતા, મહાન પંડિત હતા, એટલા જ મહાન માનવ હતા.

'અપરિમિત કષ્ટ સહન કરવાનું સામર્થ્ય એનું નામ પ્રતિભા' એ એક અંગ્રેજ કવિની ઉક્તિ સ્વીકારીએ તો એ સામર્થ્ય માધવ જુલિયનમાં પૂરેપૂરૂં ઊતર્યું હતું. પુનાથી વડોદરા, વડોદરાથી મુંબઇ, મુંબઇથી પુના, પુનાથી અમલનેર, અમલનેરથી પાછા પુના, પુનાથી કોલ્હાપુર ને કોલ્હાપુરથી ફરી પાછા પુના એમ આજીવન અથડાયા કરવા છતાં કોઈ દિવસ એમનો આશાવાદ ડગ્યો ન હતો. છ વરસ એક જ કોટમાં કાઢવા સુધીની કપરી સ્થિતિ પસાર કરવા છતાં એમને કદી નિર્વેદ નહોતો ઊપજ્યો.

આળસને ને એમને તો સદાનું વેર હતું. મુસાફરીમાં પણ એ નવરા ન બેસતા. ખોલીમાં ઇતર માણસો બોલતા હોય, છોકરાં ધાંધાટ કરતાં હોય છતાં એમનું લેખનકાર્ય અવ્યાહત ચાલુ રહેતું. લખવું એ જ માત્ર એમનો કેફ હતો. એ સિવાય તમામ બાબતોની એ ઉપેક્ષા કરતા. પોતાનું કામ નિરંતરાય ચલાવવા ઘણી વાર કુટુંબને પુના મૂકી મહિનો મહિનો એ કોલ્હાપુર એકલા રહી આવતા. કૉલેજની રજાઓ પડે એ પહેલાં જ તે માટેનો ભરચક કાર્યક્રમ એ ઘડી નાખતા. અને આમ સમયને બંદીવાન બનાવીને એમની કલમને કાટખૂણેથી એમણે જે સર્જન કર્યું છે તે તો સદા વંદનીય જ રહેશે, પણ ઘણાને ખબર નહિ હોય કે સર્જનની એ સુંદર ઇમારતના ગર્ભમાં તો એમની અનેક ઉમેદોનાં ખંડિયેર ઓછાડેલા પડ્યા છે.

મરાઠી ભાષા બીજી કોઇ પણ ભાષાને ખંડણી ભરતી ન રહેવી જોઇએ એ એકમાત્ર ઉલટથી ભાષા, કોશ ને છંદોરચનાના દરિયા ડોળનાર આ પંડિતે જ મરાઠીમાં આધુનિક પ્રેમકાવ્યનો પ્રકાર દાખલ કરેલો એ વાત કદાચ એમના જીવનકાર્ય સાથે વિસંગત લાગશે, પણ હજુ એમને પ્રેમકવિ તરીકે જ ઓળખનારા અનેક મહારાષ્ટ્રીયો પડ્યા છે. રાધાકૃષ્ણની ઓથે, ભાષાંતર રૂપે યા સાંકેતિક સ્વરૂપે ચાલતા એ કાવ્યપ્રકારને એમણે સ્વતંત્ર રીતે વિકસાવી એમાં પ્રણયી મનનાં પ્રહર્ષ-નિર્વેદ ઉતાર્યા. પરિણામ એ આવ્યું કે એક સંભાવ્ય ટીકાકાર તરફથી એમને 'પ્રણય પંઢરીચા વારકરી'નું બિરૂદ મળ્યું ને એમના ચારિત્ર્ય વિષે આશંકા જન્મી. રગતપીતિયા જેમ લોકો એમનાથી દૂર રહેવા લાગ્યા. અને જે સ્ત્રીજાતિને પોતાના પ્રતિભાબળે ઉચ્ચ આસને સ્થાપી તેઓ મનોભાવે તેની પૂજા કરતા એ સ્ત્રીજાતિએ પણ એમને દુઃખદ અનુભવો કરાવ્યા.

પણ એ માત્ર આત્મનિષ્ઠ પ્રેમકવિ બની બેસી નહોતા રહ્યા. પ્રેયસીના પ્રેમે એમને સમાજથી પરાઙ્મુખ નહોતા બનાવ્યા. એમની દૃઢ માન્યતા હતી કે સમાજને સુધાર્યા વિના વ્યક્તિનું દાસ્યમોચન શક્ય નથી. પણ એ માટે આજના દાંભિક સુધારાનો સમાશ્રય એમણે ન લીધો. 'સુધારકો' વચ્ચે પાંચ સાત વર્ષ કામ કરતાં એમને ખાતરી થઇ ગઇ હતી કે એમાં આગરકર જેવી વિભૂતિઓ તો કોઈ વિરલ જ હોય છે. એટલે એકલા ને અડગ રહી જેટલું થઇ શકે એટલું કામ પ્રમાણિકપણે કરતા ગયા અને 'મારી કબર પર ત્યાં

કલાને વેરશો કોઇ નહિ' ગાઈ ગએલા આપણા કલાપી જેમ પોતાની એવી જ કદરદાની માગતા ગયા કે,

'મત્સ્મૃતિલા માળ તૂં ઘાલૂં નકો વાયા પૃદે'.

માધવ જુલિયન અથવા માધવરાવ ત્રિંબક પટવર્ધનનો જન્મ ઇ. ૧૮૯૪ના જાન્યુઆરીની ૨૧મીએ વડોદરા મુકામે થએલો. વડોદરા, અમદાવાદ, મુંબાઈ વગેરે જુદે જુદે સ્થળે શિક્ષણ મેળવી ઈ. ૧૯૧૮માં બીજા વર્ગમાં એમ. એ. થયા ને એ જ સાલમાં ડેક્કન એજ્યુકેશન સોસાયટીના સભ્ય બની ફર્ગ્યુસન કૉલેજમાં ફારસીના પ્રાધ્યાપકની નોકરી સ્વીકારી. સોસાયટીથી એમનો મતભેદ ન સહન થવાથી ૧૯૨૫માં એમને રાજીનામું આપવું પડ્યું ને ત્યારથી યોગક્ષેમ માટેની એમની અથડાઅથડી શરૂ થઇ.

વડોદરાને પાદરે વહેતી, સાબરની સખી વિશ્વામિત્રીએ પણ મહારાષ્ટ્રના અનેક સંસ્કારક્ષમ આત્માઓને કલ્પનાનાં અનુપાન પાયાં છે, જેમાં દત્ત અને ચંદ્રશેખર સાથે માધવરાવની પણ ગણના કરી શકાય. અને તેમાં યે માધરાવ તો કેશવસુત અને ગોવિંદાગ્રજની જેમ મરાઠી વાઙ્મયમાં પોતાનો આખો યુગ સ્થાપી ગયા. ભાવના, ભાષા, વિચાર, અલંકાર કે છંદ—કાવ્યશાસ્ત્રની એવી એકે બાજુ નથી જેમાં એમની ગતિ અપ્રતિહત ન ચાલી હોય. આપણે અહીં બળવંતરાય ઠાકોરે આદર્યું છે એ જ રીતે એમણે મરાઠી શબ્દોના ઉચ્ચાર, અર્થ, યોજના, ઘટના ને વાકપ્રયોગમાં સમૂળ ક્રાન્તિ આણી દીધી એટલું જ નહિ પણ પોતે જીવી ગયા એ યુગનાં વિશિષ્ટ તત્ત્વોનો આવિષ્કાર કરી તે પોતાનું સ્થાન ચિરસ્થાયી બનાવી ગયા. એમના અવસાન પરનો એ વિલાપ અકૃત્રિમ જ છે કે, 'એકાદ પ્રચંડ વિદ્યુદ્દીપ—જેના પ્રકાશમાં આપણે દૂર દૂર સુધી વિહરતા હોઇએ તે વિલાય એટલે અનેક દીવા છતાં જેમ અંધારૂં જ લાગે, તેમ માધવરાવના નિધને મહારાષ્ટ્ર-શારદાની સ્થિતિ તમોમય બનેલી છે.'

કિશોરાવસ્થામાં 'ટેલ ઑવ ટૂ સિટીઝ' વાંચી માધવરાવે પહેલાં પોતાને તેમાંના સિડની કાર્ટર જેવા માની લીધેલા. પણ પછી એમને મારી કૉરેલીના 'ગૉડ્ઝ ગુડ મૅન'માંના 'જુલિયન'માં વધુ આત્મીયતા લાગી ને એ નામ એમણે અપનાવી લીધું જે તેમના નામ સાથે સદા જડાએલું રહ્યું.

'જીવન એટલે પરિવર્તન' એ તત્ત્વ રોમે રોમે રોપા રહેલા માધવરાવે ઇ. ૧૯૨૮માં રાજારામ કૉલેજમાં ફારસી પ્રાધ્યાપકની સ્થાયી નોકરી મેળવી તે પહેલાં અનેકવિધ રખડપાટો સહી અને જીવનમાં અનેક દુઃખદ અનુભવો કર્યા, તે વચ્ચે એક સુખદ પ્રસંગ પણ બની ગયો. અને તે, શ્રી બાબાસાહેબ ગરુડનાં પુત્રી શ્રી લીલાતાઈ બી.એ. સાથેનાં લગ્ન.

જો કે એમનો યશ ત્યાર પહેલાં પ્રસ્થાપિત થઇ ગયો હતો. અનેક અવતરણો સાથેનો ફારસી મરાઠી કોશ એમણે બહાર પાડી દીધો હતો એટલું જ નહિ પણ પ્રેમકાવ્યોના 'કિરણ,' 'ઉષા,' 'મધુમાધવ' 'શલાકા,' 'પ્રભા' આદિ સંગ્રહો, 'વિરહ તરંગ' તથા 'સુધારક' નામનાં ખંડકાવ્યો તથા મરાઠી વૃત્તશાસ્ત્ર પરની એક રચના પ્રસિદ્ધ થઈ ચૂક્યાં હતાં. રવિકિરણ-મંડળના સભ્યોમાંથી કવિ યશવંત સિવાય પોતાની યશસ્વી કારકિર્દી સ્થાપનાર એ જ હતા. અને લોકપ્રિયતામાં તો યશવંતથી પણ એ આગળ વધ્યા.

અનુભવ, અવલોકન ને કલ્પનાનું સુંદર સંમિશ્રણ ધરાવતા 'વિરહ તરંગ'ને ઘણા મહારાષ્ટ્રીય વિવેચકો 'મેઘદૂત'ની હરોળમાં મૂકે છે. 'સુધારક' આજની દાંભિક અને અદીર્ઘદર્શી સુધારાવૃત્તિ પર લખાએલું છે. એમાંના વર્ણનની કુમાશ અને નમ્ર વિનોદ સાથે ક્રાન્તિકર છતાં દર્પરહિત પ્રગતિપ્રિયતા આપણને એના પ્રવાહમાં છેવટ સુધી મુગ્ધ જ રાખે છે. બહિર્મુખ વૃત્તિએ લખાએલા એ ખંડકાવ્યમાં બાયરનનું 'ડૉન જુઆન' ને પુશ્કિનનું 'યુજિન ઓનેજિન' જાણે નવસંસ્કરણ પામ્યાં છે. ગયા જ વર્ષે એમણે 'નકુલાલંકાર' નામનું એવું જ ખંડકાવ્ય બહાર પાડેલું પણ એ એના અગિયાર વર્ષના પુરોગામી 'સુધારક'ની કક્ષાને ન પહોંચે. કેટલાક એમાં એમની બાલિશવૃત્તિ જુએ છે; પણ એ માટે ચેસ્ટર્ટને શૉ માટે આપેલો રદિયો જ એમને આપી શકાય કે 'એ બાલિશપાણુમાં બાલસહજ નિર્દોષતા પણ રહેલી છે.'

ત્યાર બાદ 'ઉમર ખય્યામની રૂબાયતો', 'દ્રાક્ષ કન્યા,' 'ગઝલાંજલિ' વગેરે એમની પ્રણયતરલ વૃત્તિનો જ પરિપાક છે, જ્યારે ૧૯૩૮માં 'તુટલેલે દુવે' નામક બહાર પાડેલો ૧૦૧ સૉનેટોનો ગુચ્છ એક શોકપર્યવસાયી પ્રેમકથા છે. પણ એના પ્રવાહમાં તુટકતા ઘણી

હોઈ એમણે એ નામ યોજ્યું છે. આપણી આજની નવી કવિતા પ્રત્યે સૂગ ધરાવનારો જેવો મરાઠીમાં પણ એક સનાતની વર્ગ છે જે આ ગુચ્છના વિચારસૌન્દર્યની ઉપેક્ષા કરી એમાં રુક્ષતા આરોપે છે. પરંતુ દેવદેવલાંને કવિતાના વાઘા સજાવનારો, ભાડૂતી વિચારોએ પદ્યની ઇમારત ચણનારો એ વર્ગ પોતાના જીવનના ખાતરમાંથી આવાં મનઃપુષ્પો ખીલવી જનાર યુવાનોનો દોસ્ત ને વૃદ્ધોનો આદરપાત્ર કોઈ અભિજાત કવિ કદી આપી શકશે!

બાળવયે શિક્ષણ માટેની દોડાદોડ, તરુણ વયે પ્રેમ માટેની, પ્રૌઢ વયે નોકરી માટેની ને ઉત્તર વયે વિદ્યા માટેની દોડાદોડમાં મચ્યા રહેલા માધવરાવનું સઘળું કર્તૃત્વપ્રયાણ ધ્યેયના ધ્રુવતારકે નિશ્ચિત હોય, મામૂલી વિરોધોની એમણે લગીર પણ પરવા નહોતી કરી. પોતાનાં આમ જનોને પણ એમણે એ જ બોધ આપેલો કે 'સ્વાર્થત્યાગ કરો પણ સ્વત્વત્યાગ કદી ન કરતા.' એમના એ 'સ્વત્વ'માં વૈયક્તિકથી માંડી રાષ્ટ્રીય સુધીની તમામ બાજુઓ સમાઈ જતી. અને એટલે જ ઉમર ખય્યામના અનુરાગી હોવા છતાં નૈરાશ્યમૂલક બનવાને બદલે આવાં નક્કર જીવનમૂલ્યો તે સ્થાપતા ગયા છે કે:

'મેલોં તરી મેલોં, મરણ ન ચૂકે!
મન માઝે ભુકે, ધ્યેયાસાઠી.'

માધવરાવના સંશોધનનાં ક્ષેત્રો બે: શબ્દ અને વૃત્ત. અને એ બંને વાઙ્મયનાં પ્રધાન અંગો છે. ૧૯૩૩થી એમને ભાષાશુદ્ધિની ધૂન લાગી ને પોતાનાં બધાં કાવ્યોમાંથી ફારસી ને અરબી શબ્દો એમણે વીણી વીણીને કાઢી નાખ્યા. એથી એ કાવ્યોની 'લિજ્જત' ઊડી જવાના મિત્રોના વિરોધને પણ એમણે ન ગણકાર્યો. ત્યાર પહેલાં સંસ્કૃત ભાષાને એમણે સંપૂર્ણ હાથ કરી લીધેલી ને એ રીતે ફારસીનો એક ઉસ્તાદ સંસ્કૃતનો પણ પંડિત થઈ શકે છે એ પુરવાર કરી આપ્યું હતું. ભાષાશુદ્ધિની આ ઝુંબેશે બીજાઓને તો શું પણ આંધના રાજસાહેબ જે પહેલાં 'B. S. Pant' તરીકે પોતાની સહી કરતા તેમને મરાઠીમાં 'ભવાનરાવ પંડિત' લખતા કરી દીધા હતા.

એમની ધીરજ અજબ હતી. દરેકે દરેક કવિતાનું ઓછામાં ઓછું ત્રણ વખત પરિષ્કરણ (retouching) કર્યા વિના તેઓ બહાર ન પાડતા. તાંબે કવિની કવિતાઓનું સંપાદન કરી તેની લખેલી ભૂમિકામાં એમની ઉત્કૃષ્ટ વિવેચક વૃત્તિ પણ તરી આવે છે અને એ વૃત્તિ કેવી તલસ્પર્શી હતી એ ૧૯૩૬માં જળગામના મહારાષ્ટ્રીય સાહિત્ય સંમેલનના પ્રમુખપદેથી એમણે બતાવી આપેલું. પરંતુ માત્ર નુકતેચીનીથી તે સદા દૂર રહ્યા હતા.

એમના પ્રાંતવાસીઓએ એમને 'ઝુંઝાર માધવરાવ'નું નામ આપ્યું હતું. ને ખરેખર એ એવા યુયુત્સુ હતા. એનું કારણ એમનું જાજ્વલ્યમાન સ્વત્વ. એ ઉત્કૃષ્ટ કાવ્યો લખી શક્યા હોય તો યે આ પરાકાષ્ટાએ પહોંચેલી આત્મકેન્દ્રિત વૃત્તિને લઈને. કેમ જાણે શિવાજીનો કોઈ અંગરક્ષક તરવારને બદલે કલમ સજી મહારાષ્ટ્રની સારસ્વત ભૂમિ પર ઊતરી ન પડ્યો હોય!

છતાં એટલા જ પાછા લડાઈના મેદાનની બહાર સ્નેહાળ હતા. પત્નીને ચા બનાવવાથી માંડી છોકરાં નવડાવવા સુધીની સ્વૈચ્છિક મદદ તે કરતા ને એવા જ મદદરૂપ મિત્રોને હતા. પોતે ગમે તેટલી કરકસર કર્યા છતાં મિત્રોની બાબતમાં હમેશ ઉદાર રહેતા. એક મિત્ર સારુ તો એમણે છ હજાર રૂપિયાનું નુકસાન વેઠ્યું હતું છતાં કદી એક કડવો બોલ તેને કહ્યો ન હતો. પરંતુ બદલામાં મિત્રોની નિખાલસતા તેમને નહોતી મળી. 'છંદોરચના'ના એમના શકવર્તી ગ્રન્થ પર ૧૯૩૯ના ફેબ્રુઆરીની ૧૫મીએ મુંબાઇ યુનિવર્સિટીએ ડી.લિટ.ની ઉપાધિ આપી તે પહેલાં તેમને એ ન મળે એ માટે કેટલાક મિત્રોએ જ ખાનગી ચળવળ ચલાવેલી. એ વિરોધ સામે જંગ જમાવી એમણે ડૉક્ટરેટ હાંસલ તો કરી (ઘરઆંગણેના એ રત્નનું મૂલ્ય યુનિવર્સિટીને એક ફ્રેન્ચ પારેખે સમજાવેલું!) પરંતુ એટલા જખમી થયા કે 'ગડ આલા પણ સિંહ ગેલા'—એ જખમોમાં જ માધવરાવ ગયા નવેંબરમાં ખપી ગયા. હજુ ગયા વર્ષે જ મુંબાઇ યુનિવર્સિટીએ એમને એમ.એ.ના મરાઠીના પરીક્ષક નીમ્યા હતા.

કોઈ પણ મંડળીમાં સહેજે ભળી જઈ શકે એવી શુદ્ધ વિનોદવૃત્તિ ધરાવનાર માધવરાવની સ્મરણશક્તિ પણ અસામાન્ય હતી. ઇ. ૧૯૧૫–૧૬માં એ વડોદરા કૉલેજમાં હતા ત્યારે કવિ ચંદ્રશેખરે તેમને પોતાનું

'ગોદાગૌરવ' ખંડકાવ્ય સંભળાવેલું. ત્યાર પછી તેમનું અવસાન થયા બાદ ઇ. ૧૯૩૦માં તેમના એક ચાહકે તેમની છપાએલી કવિતાનો સંગ્રહ પ્રસિદ્ધિ અર્થે તૈયાર કર્યો, પણ 'ગોદાગૌરવ' રહી જતું હતું ને હાથ-પ્રત પણ મળે એમ ન હતી. ત્યારે આ માધવરાવે ૧૫ વર્ષ પૂર્વે સાંભળેલા એ કાવ્યની ત્રણસો લીટીઓ પોતાની યાદદાસ્તથી ઉતારી આપી હતી!

ઇ. ૧૯૧૯ની સાલનો એક પ્રસંગ પણ અહીં ઉતારવા જેવો છે. પુનાના નાગરિકોએ એ વર્ષે લોકમાન્યને માનપત્ર આપવાનું નક્કી કર્યું ત્યારે માત્ર એક જ વ્યક્તિ તેની વિરુદ્ધ પડી. અને તે માધવરાવ પોતે! પાછળથી તેનું કારણ પૂછવામાં આવતાં એમણે ખુલાસો કર્યો. 'અસ્પૃશ્યો સંબંધેના એક જાહેરપત્રક પર સહી આપવાની લોકમાન્યે ના પાડેલી એટલે મેં વિરોધ કર્યો; બાકી એમનું રાજકારણ મને પૂર્ણતયા માન્ય છે.'

કવિને દુર્લભ એવી બુદ્ધિની તીવ્રતા સાથે પંડિતને દુર્લભ એવી ઊર્મિશીલતાનો સુંદર સમન્વય સાધેલા એ નરોત્તમે અનેકવિધ આભૂષણોથી મહારાષ્ટ્રીય કવિતાને મઢી દીધી. ગઝલોથી માંડી બંગાળી પદ્ધતિના અક્ષરમેળ છંદો સુદ્ધાં એમણે મરાઠીમાં ઉતાર્યા ને પાછી એથી અનભિજ્ઞ જનતાને એ વિષયક શાસ્ત્રોક્ત માહિતી પણ પૂરી પાડી. ગોવિંદાગ્રજ પછી શાબ્દિક કસરતમાં ઊતરી પડેલી મહારાષ્ટ્રીય કવિતાનો એમણે પુનરુદ્ધાર કર્યો એટલું જ નહિ પણ સૉનેટનો જીર્ણોદ્ધાર કરી કેશવસુતના સાચા વારસદાર બન્યા. એ વિદગ્ધ રસિક, પ્રૌઢ વિદ્વાન, અણનમ લડવૈયા ને ઉદાત્ત આશાવાદીને સમકાલીનોએ ભલે અન્યાય કર્યો હોય પણ મહારાષ્ટ્રની નવી પેઢી જરૂર એમને પુરસ્કાર્યા સિવાય નહિ રહે. અને એમનો કાવ્યપરામર્શ કરતાં પ્રોફેસર જોગ તો આજે પણ કહે છે કે, 'ગોવિંદાગ્રજ પછી કવિ કોણ! શ્રાન્ત ચિત્ત શોધ ચલાવતાં દૃષ્ટિ તરત માધવરાવ પર પડે છે.'

અને છતાં હજી માધવરાવના, 'નકુલાલંકાર' પછી 'મધુલહર' લખવાનો, 'ફારસી મરાઠી કોશ' પછી બધાં ઇતિહાસસાધનો છણવાનો, 'છંદોરચના' પછી રસચર્ચા પર ઊતરવાનો, 'ભાષાશુદ્ધિવિવેક' પછી લિપિની શુદ્ધિ આદરવાનો—વગેરે એટલા બધા તો મનોરથ અધૂરા રહી ગયા છે કે જેની જાણ થતાં ખુદ કાળને પણ કદાચ અફસોસ થાય.

અશોક હર્ષ

સાબુની ગોટી

મારા સિવાય બીજું કોઇ એ બાંકડા પર ન હતું. આસપાસના બીજા બાંકડા પણ ખાલી હતા. સાંજ લગભગ પડી ગઇ હતી અને ઘાડું ધુમ્મસ વાતાવરણને ભરી દેતું હતું. મીલોનો ધુમાડો તેમાં સાથ પૂરી વધુ ગુંગળામણ ઉત્પન્ન કરતો. બાગમાં ફરતા લોકો સ્વપ્નસૃષ્ટિના અધિવાસીઓ જેમ ઝાંખા ફિક્કા જણાતા, અને નીચે નદીના પટમાં પણ કેટલાયે ઝાંખા આકારો પુલના પડછાયામાં ભળી જતા કે બહાર નીકળી ગમગીન દેખાતા. આ વાતાવરણમાં મને કવિ ન્હાનાલાલની લીટીઓ સાંભરી આવી:

"ઝિંદગી છે અંધારી રાત;
એ અંધારામાં જ કોડવાના છે
સહુએ ઝિંદગીનાં નિશાન."

ખરી વાત છે. જિંદગી એ એક અંધારો કિસ્સો—આંધળું વહેણ જ નથી? જે લોકોને જીવન શું છે તે ખોજવાની પડી નથી તેમને માટે તો આયુષ્યના બળે એ પ્રવાહમાં તણાવું સહેલું છે. પણ જે લોકો આ ગુંગળામણમાંથી નીકળવા માગે છે તેમણે માત્ર શું મોજાંઓની છાલકો ખાઇ નીચે જ પડતા રહેવાનું? ના, ના, એમ તો ન હોય. ઘણા વિરલ આત્માઓએ એ કોડો હાથ કર્યા છે. સ્વચ્છ હવા લીધી છે અને વમળો પર લાલ બત્તી ધરી છે. પરંતુ . . . . . .

પરંતુ, પડખેના બાંકડા પર એક આધેડ વયના ગૃહસ્થ આવી બેસતાં જ મારો વિચાર અટક્યો. તેમણે લાંબો સફેદ કોટ, ધોતિયું ને માથે ગોળ કાળી ટોપી પહેર્યાં હતાં. આ લક્ષણો ઉપરથી મેં અનુમાન કર્યું કે તે પોસ્ટ અગર રેલ્વે ખાતામાં હશે. ઝીણવટથી જોતાં જણાયું કે તેમના મુખ ઉપર થાક અને પ્રસન્નતા બંને હતાં. તેમના હાથમાં છાપાનું પાનું હતું. એવા ઝાંખા પ્રકાશમાં વાંચી શકાય એમ ન હતું, એટલે તેમણે છાપું પડખે મૂક્યું. આવા ખાતામાં કામ કરતા માણસો પગાર આવે ત્યારે જ પ્રસન્ન હોય છે—મારી વિચારણા પાછી શરૂ થઇ—આવા લોકોમાં સંસ્કાર જેવું કાંઇ હશે! એ બાનું જ એવું છે કે માણસને

જેણે મારાં હૃદય અને બુદ્ધિ બંનેને છેતર્યાં



એકાએક મારી નજર તે જે બાંકડા ઉપર બેઠો હતો તેની નીચે પડી

માણસ ન રહેવા દે. આણે કદી જીવન શું છે તેનો વિચાર સરખો પણ કર્યો હશે ? તો પછી આદર્શ જીવન ક્યાંથી જ જીવી શકે? બહુ બહુ તો છોકરાને પરણાવી કે દીકરીને આણું વળાવી આનંદ માણ્યો હશે.

એકાએક એક ફક્કડ જુવાન પેલા ગૃહસ્થ બેઠેલા તે જગ્યાએ આવી બેસતાં મારો વિચારપ્રવાહ અટકી પડ્યો. પેલા ગૃહસ્થ ચાલ્યા ગયેલા, તેની પણ મને ખબર નહિ રહેલી. આ જુવાન સહેજ ગુસ્સે થએલો લાગતો હતો. અને એ ગુસ્સો હાથના અને મોંના ચાળાથી બીજાને બતાવવા માગતો હોય તેમ અભિનય કરતો હતો. મારાથી ન રહેવાયું એટલે મેં પૂછ્યું, 'કેમ ભાઇ, કાંઈ ખૂબ ગુસ્સે છો !'

પેલાએ તરત જવાબ આપ્યો, 'શું કહું, ભાઇ ! મારા જેવો મૂરખ દુનિયામાં નહિ હોય.'

'કેમ એટલું બધું?'' મેં કુતૂહલથી પૂછ્યું.

'અરે યાર, જોવા જેવી થઇ ગઇ;' તેણે શરૂ કર્યું. 'જાણે હું છું અમદાવાદથી અજાણ્યો. આજે સવારે બહારગામથી આવ્યો. સ્ટેશને ઊતરી કોઈ એક લૉજમાં ઉતારો લીધો ને સરસામાન ગોઠવી પેલી સરક્યુલર મોટર બસમાં ફરવા નીકળી પડ્યો. નીકળ્યા પહેલાં મેં મિત્રોને લખેલા કાગળમાં મારૂં લૉજનું સરનામું પણ લખેલું. વાત એમ બની છે કે મોટરમાંથી ઊતર્યા પછી મેં સાબુની એક ગોટી ખરીદી, ને તે પછી ફરતાં ફરતાં મેં ખૂબ મગજ કસ્યું પણ લૉજનું નામ તથા સરનામું જ યાદ ન આવે. ન આવ્યું, તે હજી સુધી યાદ નથી આવતું. અધુરામાં પૂરૂં હું મારૂં પાકીટ લૉજમાં ભૂલી આવ્યો છું. હવે શું કરવું! મારો વિચાર મારે ગામ તાર કરી મારા મિત્રો પાસેથી લૉજનું સરનામું મંગાવવાનો થાય છે, પણ જે કાંઇ થોડા પૈસા હતા તે સાબુની ગોટી ખરીદવામાં ખરચાઈ ગયા છે.'

'હા, પણ પુરાવા તરીકે સાબુની ગોટી તો તમે બતાવતા નથી.'

મારા આ વાક્યની અસર વીજળી પડ્યા જેવી થઇ. તેના મુખ ઉપર એકાએક ફેરફાર થવા લાગ્યા. માણસ ખોટો પડ્યા પછી પણ છેવટના ખોટા પ્રયત્નો કરે તેમ તે તેનાં ખિસ્સાં ફંફોળવા લાગ્યો. પણ કંઇ હાથ ન આવતાં એકદમ ઊભો થઇ બોલી ઊઠ્યો, 'અરે! એ ગોટી પણ ખોવાઇ ગઇ! થઇ રહ્યું! કોઇને કોઇમાં વિશ્વાસ નથી'—અને તે એકદમ ચાલતો થયો.

મને હસવું આવ્યું. ગ્લાનિ સહેજ દૂર થઇ અને કંઇક ગર્વથી હું બબડ્યો. 'જોઈ દુનિયા? ભાઇ સાહેબ બનાવવા આવ્યા! આવા ને આવાં ક્યાંથી—'

એકાએક મારી નજર તે જે બાંકડા ઉપર બેઠો હતો તેની નીચે પડી. નીચે પાતળા લીસા કાગળમાં કાંઇક વીંટાએલું પડ્યું હતું. એકદમ મેં તે ઉપાડી લઇ, કાગળ ઉખેડી જોયું તો—અરે! સાબુની ગોટી!.

ખરેખર હું પશ્ચાત્તાપથી સળગી ઊઠ્યો. મારો ગર્વ કોણ જાણે ક્યાં ઊડી ગયો. મુશ્કેલીમાં આવેલા એક યુવાનને મેં જ તરછોડ્યો—જગતની છેતરપીંડીમાં ન માનનાર મેં !!

હાથમાં સાબુની ગોટી લઈ, લોકોના પ્રવાહમાં ઝપાટાબંધ માર્ગ કરતો હું એકદમ બાગના દરવાજા તરફ ધસ્યો. દરવાજાની પાસે જ ભૂલેલી જેમ એ ઊભો હતો. મેં જઇને તેનો હાથ ઝાલી લીધો, અને જાણે વીનવતો હોઉં તેમ હું બોલ્યો, 'મને માફ કરો. આ રહી તમારી ગોટી..હવે જરૂર હું તમારામાં વિશ્વાસ

મૂકું. બોલો, તમારે કેટલા પૈસાની મદદ જોઇએ?'

તે તો જાણે આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયો હોય તેમ મારી સામે તાકી રહ્યો. અને પછી હર્ષમાં આવી જઈ બોલ્યો, 'ખરેખર! તમારો કેટલો ઉપકાર માનું! મારે અત્યારે તો પાંચેક રૂપિયા જ જોઇશે—'

'લો.' મેં પાંચની નોટ કાઢતાં કહ્યું. હું આટલો બધો ઉદાર કેમ થઇ ગયો તેની મને જ ખબર નથી. 'અને લો, આ મારું સરનામું. જ્યારે જરૂર પડે ત્યારે બેલાશક આવજો. જરા પણ મુંઝાતા નહિ.'

પાંચ રૂપિયાની નોટ અને સરનામું ખીસ્સામાં મૂકયા પછી જોરથી મારો હાથ દાબી તે લોકોના ટોળામાં અદૃશ્ય થઇ ગયો.

હું તેને જતો જોઇ રહ્યો. મારું હૃદય કાંઇક હલકું થયું, તેમાં એક જાતના આનંદ સાથે આર્દ્રતા આવી. દરેક પ્રત્યે સહાનુભૂતિથી તે ઉછળી રહ્યું.

સહેજ આગળ વધતાં મારી નજર મેં પહેલાં જોએલા પેલા આધેડ વયના ગૃહસ્થ ઉપર પડી. તે ખિસ્સે હાથ દેતાદેતા આમતેમ જોતા હતા. કોઈની પણ પ્રત્યે જોઇએ તેટલી સહૃદયતા બતાવવા જેટલો નમ્ર બનેલો હું ગમે તેને સહાય કરવા તૈયાર થઇ ગયો હતો. એટલે પાસે જઇ નમ્રભાવે પેલા સદ્‌ગૃહસ્થને પૂછ્યું, 'કેમ સાહેબ, આપનું કાંઈ ખોવાય છે?'

'હા, ભાઇ હા, સાબુની ગોટી! . . . જડી છે?'

(અંગ્રેજી પરથી) **જનુ રાવળ**

પહેલું સુખ તે જાતે નર્યા

આગાઉના કોઈ પણ કાળ કરતાં ચાલુ સમયમાં માણસે હૃદય પર વધુ બોજો લાદવા માંડ્યો છે, અને એ જ કારણે આજે 'હૃદયરોગ' (હાર્ટ ડિઝીઝ) બહુ પ્રચલિત શબ્દ થઈ પડ્યો છે.

એ બોજો ભારે વજનો ઊંચકવાથી કે ખૂબ મહેનતુ ધંધાથી હૃદય પર સવાર થાય છે એમ રખે માનતા. એવાં કારણો ક્યારેક શારીરિક વિક્રિયા જન્માવી ભયંકર પરિણામ આણે છે એ ખરું, પણ તે માત્ર, શરીરનાં અંગો પૂરાં પુખ્ત ન હોય અગર બેદરકાર વર્તનથી શિથિલ થયાં હોય ત્યારે જ.

વળી લાગણીવશતા પણ હૃદય પર અસર કરે છે. દુ:ખનો આંચકો, ભય, ક્રોધ વગેરે આઘાતો ઠંડા કે ગરમ પરસેવો જન્માવે છે, આંખમાં તેજ કે શૂન્યતા આણે છે એ બધાના અનુભવની વાત છે. એ બતાવે છે કે એ વેળા આપણું લોહીનું દબાણ ૫૦ ટકા વધી ગયું હોય છે, નાડીનો વેગ બમણો અથવા ક્યારેક ત્રણગણો થઈ ગયો હોય છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો હૃદયના પ્રવાહબળમાં ક્ષોભ પેદા થયો હોય છે.

પણ આ પ્રકારની લાગણીજન્ય અવ્યવસ્થા બહુ લાંબો કાળ નથી ચાલતી. તેને અંગે લાગતા પાછળના થોડાક થાક સિવાય બીજાં કશાં અપચિહ્નો વિના શરીર પાછું પૂર્વવત્ થઇ જાય છે. જેમની દેહક્રિયા સામાન્ય રીતે વ્યવસ્થિત હોય છે તેઓ તો આ પ્રકારના ચાંડે તેવા આઘાતો નિભાવી લે છે, એટલું જ નહિ પણ આવાં ઊર્મિલ સંવેદનો તો હૃદયને નબળું નહિ પણ ઊલટું મજબૂત બનાવતા જાય છે.

આપણું શરીર રક્તપ્રવાહ પરનો બમણો કે ત્રમણો બોજો પણ સહન કરી શકે છે. માત્ર એટલું ખરું કે એ વખતે આપણા મજ્જાતંત્ર (નર્વસ સિસ્ટમ)ની સંવાદિતા અક્ષુબ્ધ રહે અને લોહીમાં ગ્રન્થીઓનો સ્રાવ વધારે પડતો ન થઈ જાય. એટલે ખરું ચેતવાનું એનાથી જ છે. અને એ જન્મે છે માનસિક બોજા વડે. શારીરિક બોજા કરતાં માનસિક બોજો જુદો પડે છે તેનું કારણ આપણા શરીરમાં આવેલી ઍડ્રીનલ નામની ગ્રન્થીઓ પરની અસર. જોકે આ ગ્રન્થીઓનો થોડો સ્રાવ તો આપણા લોહીમાં રેડાતો જ રહે છે, પણ માનસિક બોજો એ સ્રાવ વધારી દે છે. એને લઇને લોહીનું દબાણ વધે છે, અને એ બધાની અસર હૃદય પર થતાં તે પોતાની સ્થિતિસ્થાપકતા ગુમાવતું આવે છે જે સ્થિતિને 'hard heart'ના નામથી આજકાલ ઓળખવામાં આવે છે.

છેલ્લાં પચાસ વરસથી હૃદયકાઠિન્યનો આ રોગ વધી પડ્યો છે, અને આપણા વડવાઓની 'ગુલાબી તબિયત'ને ઠેકાણે આપણાં 'પીળાં શરીરો' ને સૂકી ચામડી તેનો પુરાવો છે. એ બતાવે છે કે આપણા શરીરની સ્થાનિક શિરાઓ (local tissues) લોહીનું પૂરું પોષણ નથી પામી શકતી.

मनोमंथन

(અનુસંધાન પાન ૬૪થી) સ્વરાજ ખાતરીથી મળવાનું છે; ફલાણાએ સિદ્ધ પુરુષે તેવી આગાહી કરી છે. ૧૯૨૫માં હિંદુસ્તાન સ્વતંત્ર થશે એમ શ્રી નરસિંહ સરસ્વતીએ એક ભક્તને સ્વપ્નામાં કહ્યું છે, વગેરે વાતો એવા લોકોની ગોષ્ઠીમાં ચાલતી.

મને એનું આશ્ચર્ય થતું. કોઈની પાસે જૂની તલવાર હોય તો જાણે એટલી તૈયારી થઈ એમ મનાતું. સિપાહીઓની પલટણમાંથી કોઈક સુબેદારે કહ્યું કે 'અમને અંગ્રેજોનું રાજ્ય ગમતું નથી. અણીને પ્રસંગે અમારી બંદૂકોની દિશા ફેરવી અમારા અમલદારોને જ ગોળીથી વીંધી નાખતાં અમને વાર કેટલી? તમે તૈયારી કરો, લશ્કરને પગાર આપવા જેટલા પૈસા ભેગા કરો. અમે તમારા જ છીએ'.–એટલે 'બળવા'વાળાને પરમ આનંદ થતો. પણ પૈસા ક્યાંથી મેળવવા એનો વિચાર બહુ જ થોડો થતો. અંગ્રેજોનો ખજાનો મુંબઈ જતો હોય ત્યારે રસ્તામાં એ લૂંટી લેવો એવી કલ્પનાઓ ઘણા કરતા, પણ તેનો અમલ કેમ કરાય એની તૈયારી ભાગ્યે જ થતી. દેશના ધનવાનોને લૂંટવા એવી સૂચનાઓ પણ અનેકવાર સેવાતી. શિવાજીના ઇતિહાસમાંથી જેટલી સૂચનાઓ મળે તેટલી અજમાવવી, એથી વધારે વિચાર કોઈએ કર્યો હોય એમ લાગતું નહિ. તલવાર, બંદૂક કે તોપ જોઈને જે ભય અને આદર મનમાં પેદા થતા, તે જ ભાવ જિલ્લાઓ અને ગઢીઓ જોઈને મનમાં પેદા થતો. કેટલાક લોકો માનતા કે તૈયારી તો દેશી રાજ્યો મારફતે જ થઈ શકે. નિઝામ, વડોદરા રાજ્ય અને નેપાળ તરફ ઘણા લોકોની નજર હતી. કેટલાક ત્યાં વાતો કરી જોવાનું પણ કહેતા. પણ પોલી આશા અને નક્કર નિરાશા એ જ એની ફલશ્રુતિ રહેતી. અને એમાં યે કેટલી વાત સાચી અને કેટલી કાલ્પનિક એ પણ કહેવું મુશ્કેલ છે. સત્તાવનની સાલના પ્રયત્ન પછી એવો જ બીજો પ્રયત્ન મોટા પાયા ઉપર થવાનો હતો એમ કૉંગ્રેસપિતા હ્યુમે લખી રાખ્યું છે. એવો પ્રયત્ન તોડી પાડવાની દૃષ્ટિથી જ એમણે કૉંગ્રેસ સ્થાપી અને દેશના આગેવાનોને constitutional (બંધારણીય) હિલચાલ તરફ પ્રેર્યા. આ constitutional હિલચાલ નર્યું થતીંગ છે એમ સમજનારા ઘણાખરા હતા. Constitutional હિલચાલમાં વિશ્વાસ રાખનારા કાં તો સાવ ભોળા છે અથવા પોતાનો જ નાનોમોટો સ્વાર્થ સાધવા માટે કાંઈ ને કાંઈ તૂત ઊભાં કરનારા છે એમ જ સામાન્ય દેશભક્તોની માન્યતા હતી. અરજીઓ મોકલ્યે, વિનંતિઓ કર્યે અને રોદણાં રડ્યે કશું થવાનું નથી એમ માનનારા લોકો જંગલના ભીલ લોકોને વશ કરી, અને તારયંત્ર તથા તાર તોડીને અંગ્રેજોનું રાજ્ય બંધ પાડવાની આશા રાખતા હતા!! તમામ દેશી લોકો જો નોકરી છોડી દે તો પણ અંગ્રેજોનું રાજ્ય ખાટકી જાય એમ કહેનારા લોકો હતા ખરા; પણ તેમાં પોતે શું બોલે છે એ સૂચના પાછળ કેટલી જબર દસ્ત શક્તિ રહેલી છે એનો તેમને સ્વપ્નામાં યે ખ્યાલ ન હતો. રાષ્ટ્રવ્યાપી હડતાળનો એ જમાનો ન હતો. સામાન્ય જનતા શું કરી શકે, એ અંદાજ કોઈને હતો જ નહિ. એ કલ્પનાનો જમાનો શરૂ થતાં હજી વાર હતી. વાસુદેવ બળવંત ફડકે કરીને કોઈ કમિશ્નરની કચેરીનો કારકુન લૂંટારા અને ડાકુઓ સાથે મળી ગયો હશે, એટલે વખતે એ પણ સ્વાતંત્ર્યવીર થશે એવી આશા લોકોના મનમાં પેદા થઈ હતી, અને સરકારને પણ થયું હતું કે કોણ જાણે રાવબહાદુર મહાદેવ ગોવિંદ રાનડે જેવા પણ એમની પાછળ હશે.

સત્તાણુની સાલમાં જ્યારે પ્લેગ મટાડવાના પ્રયત્નમાં સરકારે પ્રજાને હેરાન કરી ત્યારે એનો બદલો વાળવા એક કાવત્રું રચાયું. રાણીના રાજ્યનાં પચાસ વર્ષ પૂરાં થયાં એની ડાયમંડ જ્યુબિલી (હીરક મહોત્સવ) તે જ વખતે કાંઈક અપશુકન કરવું જોઈએ એવા ખ્યાલથી પણ પૂનામાં બે રાજકીય ખૂન થયાં. અને પરિણામે લોકોની રાજકીય પ્રગતિ ઠીક ઠીક અટકી. અંગ્રેજોનું રાજ્ય એટલે C.I.D. ખાતું, એમ જ લોકોનાં મનમાં થઈ ગયું. નેપોલિયન, પાર્નેલ, ગૅરીબાલ્ડી વગેરેના વિચારો મહારાષ્ટ્રમાં વધારેમાં વધારે લોકપ્રિય થયા. ગુપ્ત કાવતરું રચવું જોઈએ, લોકોમાં સ્વાતંત્ર્યલાલસા વધારવી જોઈએ, સરકારી અમલદારોનાં ખૂન કરી એમનામાં દહેશત પેદા કરવી જોઈએ, પરદેશ જઈ લશ્કરી વિદ્યામાં પ્રવીણ થવું જોઈએ, હિંદુસ્તાનની સરહદ ઉપર શસ્ત્રાસ્ત્રના ઢગલા કરવા જોઈએ, યુવાનોને જંગલોમાં લઈ જઈ લશ્કરી કવાયત શીખવવી જોઈએ વગેરે વિચારો હવામાં ફેલાવા લાગ્યા. એ વખતે કોલ્હાપુર રાજ્યની નીતિ, મને લાગે છે કે દેશને રાજકીય કેળવણી આપવામાં કીમતી નીવડી.

કોલ્હાપુરના એક રાજાને ગાંડો ઠેરવી ગાદી ઉપરથી ઉઠાડ્યો હતો એનું ઉપરાણું લઈ લોકમાન્ય પહેલી વાર જેલમાં ગયા હતા. એ જ કોલ્હાપુર રાજ્ય દેશના સ્વાતંત્ર્યભક્ત યુવાનોને અંગ્રેજ સરકારના હાથમાં સોંપી દેવાનો પ્રયત્ન કરે છે, સ્વાતંત્ર્યવીરોનાં કાવત્રાંઓ ઉઘાડાં પાડવામાં એને રસ છે, ત્યાંનું C.I.D. ખાતું ક્રાન્તિવીરોને માર મારીને બીવાવે છે, એવી માન્યતાઓ લોકોમાં ફેલાવા લાગી. દેશભક્ત વિજાપુરકર, વામન મલ્હાર જોષી અને સાતવળેકર જેવા લોકોને જેલમાં પૂરી દેવાથી તો દેશભક્તોનાં મનમાં કોલ્હાપુર રાજ્ય વિષે કશી જ આશા ન રહી, અને દેશી રાજ્યો મારફતે બળવો કરી શકાય અથવા સ્વરાજ મેળવી શકાય એ આશા સાવ જ ઓગળી ગઈ. ઉપરઉપરથી દેશભક્તો પ્રત્યે જે થોડીઘણી પણ સહાનુભૂતિ સયાજીરાવ ગાયકવાડ જેવા બતાવતા હતા તે એમને બહુ મોંઘી પડવાથી એમણે પણ કાચબાની પેઠે પોતાનો સંકોચ કર્યો અને લોકોની રાજદ્વારી બુદ્ધિ નિર્મળ થઈ.

મહારાષ્ટ્રનો કાવત્રાંવાદ અને બંગાળનો દહેશતવાદ એકબીજા પ્રત્યે ખૂબ સમભાવ રાખતા હતા. એનો એ જમાનો હતો. ૧૯૦૪થી માંડીને ૧૯૧૪ સુધી આ વાદ વધારેમાં વધારે જોરમાં હતા. ૧૯૧૪ સુધીમાં લોકોને અનુભવ થયો કે આવા પ્રયત્નોમાંથી નથી થતું પ્રજાસંગઠન કે નથી વધતી પ્રજાની શક્તિ. આવા પ્રયત્નો માટે જે નૈતિક ગુણો જોઈએ છે અને ખાસ કરીને દેશભક્તોમાં જે ખડતલપણું, દીર્ઘદૃષ્ટિ અને નિર્મળતા જોઈએ છે તે નહિ હોવાનું વિચારી લોકો એ દિશાએથી પરાવૃત્ત થતા હતા. '૧૪ પછી જે મહાયુદ્ધ જામ્યું, તેમાં આ ગોરાં રાજ્યોની લશ્કરી શક્તિ કેટલી જબરદસ્ત છે એનો ખ્યાલ લોકોને પૂરેપૂરો આવ્યો અને લશ્કરી બળવો કરીને આપણે સ્વરાજ્ય જીતી શકીશું એ ખ્યાલ લોકોના મનમાંથી નીકળી ગયો.

બ્રિટિશ સામ્રાજ્યના સદ્‌હેતુ ઉપર વિશ્વાસ રાખવો, હિંદુસ્તાનની સાચી સ્થિતિ વિષે બ્રિટિશ પ્રજાને જ્ઞાન આપવું તથા ધીમેધીમે એમને અનુકૂળ કરી લેવા. અને એમના જ કૃપાપ્રસાદથી સ્વરાજ પ્રાપ્ત કરવું એમ માનનારા પક્ષે મહાયુદ્ધ વખતે અંગ્રેજોને હાર્દિક મદદ કરવાનો અખતરો કરી જોયો. દેશમાંથી દહેશતવાદ નીકળી ગયો છે, આપણે સરકારને અણીને પ્રસંગે મદદ કરી છે, અંગ્રેજોને આપણી મદદની જરૂર છે, એટલે હવે તો એમની પાસેથી આપણને સ્વરાજના ઘણાખરા હક્કો મળશે જ એવી આશા બંધાઈ હતી. મૉડરેટ લોકો વતી મહાત્મા ગાંધી અને જહાલ લોકો વતી લોકમાન્ય તિલક, એક થઈને નહિ છતાં એક જ દિશામાં કામ કરતા હતા. પણ સરકારે રોલેટ કાયદો કરી એ તમામ આશા ધૂળભેગી કરી.

દહેશતવાદ, કાવત્રાંવાદ, અરજી–વિનંતિવાદ, એ બધા જ વાદ નિરર્થક છે એવો અનુભવ દેશને થયો ત્યારે જ દેશે ગાંધીજીના સત્યાગ્રહના માર્ગને પોતાની માન્યતા આપી. સાર્વત્રિક નિરાશાને લીધે દેશમાં એક જાતની અંધારી એકતા પેદા થઈ હતી. એટલે ગાંધીજીને એમાં પોતાનું બીજ વાવતાં ઘણી અનુકૂળતા મળી.

દહેશતવાદની લોકમાન્યતા નષ્ટ થઈ ગઈ હોવા છતાં એના ઉપર વિશ્વાસ રાખનાર કેટલાક લોકો બંગાળમાં રહ્યા હતા ખરા. યજ્ઞયાગ કરીને સ્વર્ગ મેળવી શકાય એ વિચાર હિંદુ ધર્મમાંથી નીકળી ગયો હોવા છતાં કેટલાક લોકો યજ્ઞ કરતા જ હતા અને હજી યે કરે છે, એના જેવી આ વસ્તુ છે. થોડાક અવશેષો દેખાય તો યે એ વસ્તુ જનતાના હૃદયમાંથી નીકળી ગઈ છે, કાલગ્રસ્ત થઈ છે એ વિષે શંકા નથી.

ધાર્મિક વાતાવરણમાં પણ એવી જ રીતે ઘણી ક્રાંતિ થઈ છે. કૌટુંબિક હિંદુધર્મ એટલે રૂઢ સદાચાર અને આખા વર્ષમાં ચાલતી પૂજા, વ્રત-ઉત્સવ અને માન્યતાઓની ધમાલ, ન્યાતજાતનું જોર, સાધુસંન્યાસીઓની પ્રતિષ્ઠા અને અજ્ઞાતની બીક એ જ વસ્તુઓ મુખ્યત્વે હતી. વેદાન્તની ચર્ચા અને ભક્તિનો ઉપદેશ ઘણે ઠેકાણે ચાલતો અને તેથી ધાર્મિક વાતાવરણ શુદ્ધ થતું. પણ સરવાળે લોકો ભોળા, શ્રદ્ધાજડ, બીકણ અને લાલચથી દેવદેવીઓને ભૂતોને અને ગોત્રજોને પૂજનારા એવા જ હતા. આજે એ સ્થિતિ ગઈ છે. કર્મકાંડનું જોર ઘણું ગયું છે. આધુનિક રહેણીકરણીને લીધે લોકોના વિચારો બદલાયા—બદલાયા કહેવા કરતાં ઊડી ગયા અથવા ઓગળી ગયા એમ જ કહેવું જોઈએ. ધાર્મિક વિચારો જેમ બદલાયા તેમ સામાજિક વિચારો પણ બદલાયા. રાષ્ટ્રીયતાને કારણે ભિન્ન ધર્મીઓ પાસેપાસે આવવા લાગ્યા. અસ્પૃશ્યતાનિવારણની હિલચાલને કારણે ઉચ્ચનીચ ભાવ તૂટી ગયો. કેળવણીને કારણે

શ્રદ્ધાની જડ ઢીલી થઅી અને હવે હિંદુધર્મ તેમજ હિંદુ સમાજ મર્કીમાં પડેલા ધાતુના કકડા જેવો દ્રવ સ્થિતિમાં છે. હવે એ જ રૂપ લેશે તે હિંદુ સમાજને જ નહિ પણ આખી દુનિયાને માટે આશીર્વાદ રૂપ નીવડશે એવી મારી દૃઢ માન્યતા છે.

મારા નાનપણમાં લોકો આજના જેટલી મુસાફરી કરતા નહિ. મુસાફરીની સગવડો ઓછી હતી. એટલું જ નહિ પણ ઘરરખુ વૃત્તિને કારણે પણ લોકો બહુ મુસાફરી કરતા નહિ. હવે તો કેળવણી, વેપાર, રાજદ્વારી હિલચાલ અને શોખને કારણે પ્રવાસ વધ્યો છે, અને તેથી અુદારતા, વ્યાપકતા અને એકતા ત્રણેના વાતાવરણ માટે ઘણી અનુકૂળતા પેદા થઅી છે.

વધતી જતી ગરીબાઅી અને વધતો જતો રહેણીનો ખર્ચ એ પણ સામાજિક ક્રાંતિમાં મદદગાર થયાં છે.

આપણી પ્રજાએ દેશીપરદેશી વૈદક પાછળ જ પૈસા ખર્ચ્યા છે એના પ્રમાણમાં એ શાસ્ત્રે બહુ ઓછી પ્રગતિ કરી કહેવાય. અને છતાં લોકોને વૈદકીય અીલાજની એવી તો લત લાગી છે કે આપણા જાતીય સ્વભાવમાં જે ખડતલપણું ને અીશ્વરનિષ્ઠા હતાં તે લગભગ નષ્ટ થયાં છે.

જે વખતનાં સંસ્મરણો હું લખવાનો છું તે વખત અિતિહાસ–સંશોધનની દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે. અંગ્રેજ લોકોએ ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ જેટલું લખ્યું હતું તેનો વિરોધ કરવો અને લોકોમાં પોતાની સંસ્કૃતિ વિષે અભિમાન પેદા કરવું, એ એ જમાનાનો ખાસ પ્રયત્ન હતો. એ જમાનો કેવળ સ્વાભિમાનનો હતો. આત્મપરિચયની ભૂખ ત્યાર પછી જાગી છે. હરબિલાસ સારડાનું Hindu Superiority એ પુસ્તક, આર્યસમાજના પ્રયત્નો, Bengal National Council of Education' અને 'Dawn Society', એ બધાં આનાં પ્રતિનિધિ કહેવાય. Theosophical Societyના પ્રયત્નો પણ આમાં મદદગાર થયા છે. બ્રાહ્મોસમાજ, સ્વામી વિવેકાનંદની હિલચાલ, રવીન્દ્રનાથ ઠાકુર, આનંદકુમાર સ્વામી તેમજ સિસ્ટર નિવેદિતા એ બધાં આત્મપરિચયના જમાનાનાં સંસ્થાપક ગણાય.

હવેનો યુગ કેવળ સ્વાભિમાનનો નથી; આત્મપરિચય પાછળ ઝંખવાનો પણ નથી. હવે તો આત્મવિશ્વાસથી અને તદ્દન સ્વાભાવિકતાથી શ્રદ્ધાને જોરે આગળ વધવાનો છે. હવે આપણે વિશ્વદરબારમાં બેસવાને લાયક છીએ એટલો આત્મવિશ્વાસ આપણામાં આવી ગયો છે. મહાત્મા ગાંધી, અરવિંદ ઘોષ, સર રાધાકૃષ્ણન્, અુદયશંકર, સર ચંદ્રશેખર રામન વગેરે લોકો આ જમાનાના પ્રતિનિધિઓ છે.

આ ચારપાંચ વર્ષમાં જે મનોમંથન ચાલ્યું તેમાં જીવનનાં લગભગ બધાં જ પાસાં વલોવાયાં. વિજળી જેમ આકાશને એક છેડેથી બીજે છેડે ઝટ જઅીને પાછી આવે છે અને આડાંઅવળાં વજ્ર ફેંકીને આખા આકાશના ખૂણેખૂણાને વીંધી નાખે છે તેવી જ રીતે યુવાન માનસ પોતાનો જીવનોદ્દેશ નિશ્ચિત કરતાં પહેલાં આખું વિચારક્ષેત્ર અને કલ્પનાક્ષેત્ર હચમચાવી નાખે છે. જાણે આજની પૃથ્વીનો પૃષ્ઠભાગ નિશ્ચિત થતાં પહેલાં તેમાં થએલા અુત્પાત! જેને પરિણામે સાગરમાંથી હિમાલય અુપસી આવ્યો, દક્ષિણ હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચેનો ભૂભાગ દબાઅીને સમુદ્ર બન્યો, આટલાંટિસનો ખંડ મહાસાગર બન્યો, અને આફ્રિકા તથા યુરોપ વચ્ચેની સંસ્કૃતિની સ્મૃતિ પણ ભૂમધ્ય સમુદ્રને તળિયે બેસી ગઅી.

અને આ બધો અુત્પાત અંદર ને અંદર જ ચાલતો હોય છે. બહારની દુનિયા કશું જાણતી જ નથી. બાળપણ અુપર જ્યારે યૌવનનો હુમલો થાય છે, અથવા યૌવન અુપર ક્ષયરોગનું આક્રમણ થાય છે ત્યારે અંદર આમૂલાગ્ર પરિવર્તન થઅી ગયું હોય તો યે એનાં બહારનાં પરિણામ તરત દેખાતાં જ નથી. આ શારીરિક ઘડતર જો તરત વરતાતું નથી તો માનસિક ઘડતર શી રીતે વરતાય? દરેક માણસ પુખ્ત અુમરે જો પોતાના યૌવનના મનોમંથનનું પ્રામાણિક વર્ણન લખી રાખે તો એમાંથી માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર, કેળવણીશાસ્ત્ર ને રાજશાસનશાસ્ત્ર દરેકને કીમતી મસાલો મળશે. પણ જેમ નદીનાં વહેતાં પાણીનો કોઅીપૂરતો અુપયોગ કરતું નથી અને અંતે એ ખારા સમુદ્રમાં વેડફાઅી જાય છે તે જ પ્રમાણે માનસધારાનો પ્રચંડ પ્રવાહ વિસ્મૃતિના સાગરમાં અલોપ થાય છે, અને એ રીતે કીમતીમાં કીમતી પ્રવૃત્તિના જ્ઞાનથી મનુષ્ય–સમાજ વંચિત જ રહે છે.

ત્રીસ પાંત્રીસ વર્ષ પછી એ બધાં સંસ્મરણો જાગૃત કરવાં અને તે વખતના વાતાવરણને જ વફાદાર રહી એનાં ચિત્રો ચીતરવાં એ લગભગ અશક્ય છે. એમાં જો હું ન ફાવ્યો તો તેનું આશ્ચર્ય નહિ થાય. અલ્પમાત્ર પણ જો લખી શક્યો અને વીતી ગએલા એ જમાનાને અલ્પમાત્ર જાગૃત કરી શક્યો તો એનો સંતોષ થશે.

'સ્મરણયાત્રા'ની શૈલી કેટલાક મિત્રોને એટલા તો

ગમી ગઈ છે કે એ જ શૈલીમાં આ ભાગ પણ લખાય એવો એમનો આગ્રહ છે. મને પોતાને લાગે છે કે જ્યાં ભૂમિકા આખી બદલાઈ છે ત્યાં શૈલી પણ બદલાવાની જ. દરેક લખાણ પોતાની શૈલી માગી જ લે છે. શૈલી ખરું જોતાં પસંદગીનો વિષય હોતો જ નથી.

તે વખતનું વાતાવરણ

બંગભંગના દિવસો હતા. કૉલેજમાં બધે રાજદ્વારી ચર્ચા જ ચાલે. ઘણાંખરાં તો છાપાંઓ વાંચે અને ચર્ચા જ કરે. ચર્ચા કરીએ એટલે દેશ પ્રત્યેનું બધું ઋણ અદા કર્યું. લોકો કહે કે નહિ. પણ વિદ્યાર્થીઓને લાગતું કે આપણે દેશભક્ત છીએ. દેશભક્તિને અંગે કંઈક કરવાપણું હોય છે એ ખ્યાલ ચિત્તને અડતો પણ નહિ. પછી ચાલ્યાં સ્વદેશી વ્રત અને બહિષ્કારની ધમાલ. એને અંગે દરેક જણને કંઈક કરવાપણું આવ્યું. ઘણાખરા વિદ્યાર્થીઓએ સ્વદેશી કપડાં કરાવ્યાં. પરદેશી કપડાં બાળી નાખનાર બહુ જ થોડા હતા, પણ સંતાડી રાખવા જેટલો વિવેક ઘણાખરાઓએ બતાવ્યો. મારા જેવા જૂના સ્વદેશીવાળાઓને કંઈ કરવાપણું હતું જ નહિ એટલે અમારા મનમાં તો ક્રાંતિકારક વિચારો જ આવે. આ ગોરા લોકોનાં હૈયાંમાં આપણા વિષે દહેશત રહી નથી તેથી જ આટલા બુદ્દામ થયા છે, પ્રાંત દીઠ પાંચ દસ અમલદારોને ખ્રિસ્તવાસી કર્યા હોય તો ગોરાઓ ઝટ ઠેકાણે આવે, પછી એ લોકો એવા તો ડરે કે જ્યાં નક્કર જમીન હોય ત્યાં પણ પોલું છે અને અંદર દારૂખાનું ભરેલું છે એમ માનીને ચાલશે, એ અમારી વિચારસરણી હતી. આ હીલચાલની સામાન્ય પ્રજા પર શી અસર થશે એ વિચાર સરખો અમને સૂઝેલો નહિ.

એટલાં વિદ્યાર્થીઓ ક્રાંતિકારક વિચારો ધરાવે અથવા ચર્ચે એ બધા જ ક્રાંતિકારક છે એમ માનવાની ભૂલ અમારા પ્રોફેસરોએ કરેલી અને પછી બે વચ્ચેનો રાગ એકદમ તૂટી ગયો.

આટલું છતાં વિદ્યાર્થીઓમાં એક વર્ગ—નાનો જેવો—એવો હતો કે જે રાજદ્વારી ચર્ચાથી વિમુખ અથવા વિરોધી રહે. પરદેશી કપડાં તત્ત્વનિષ્ઠાથી પહેરે, દેશના આગેવાનોની નિંદા કરે અને દેશસેવાની ચર્ચા અને સ્વદેશી વ્રતને 'વલ્ગર' ગણી કાઢે. ખાનદાન છોકરાઓ તો રાજનિષ્ઠ જ હોય. સારામાં સારાં કપડાં પહેરે, સંસારસુધારાના ટેસ્ટની અને સાહિત્ય વિષયક વાતો કરે. આવા વિદ્યાર્થીઓ ઘણીવાર પ્રોફેસરો અને પ્રિન્સિપાલને મળવા જાય, એમને ત્યાં ચાહ પીને આવે. અમે મળવા જઈએ તો અમને બારણે ઊભા રાખીને જ પ્રોફેસરો વાતો કરે. કેટલાક પ્રોફેસરો સ્વદેશી કપડાં પહેરે ખરા, પણ અમારી પ્રત્યે એમની દિલસોજી ઓછી.

સ્વાભાવિક રીતે અમને થતું કે આ લોકોની દેશભક્તિ મોળી ખરી. તિલકને મળવા જઈએ તો અમને પ્રથમ બાંકડા પર બેસવાનું કહે, ધીરજપૂર્વક અમારી વાતો સાંભળે અને અમારું કૌવત જોઈ અમને કંઈક દેશભક્તિની પ્રેરણા આપે. એક વખતે એમણે કહેલું, 'તમારું ભણતર છોડો એમ અમે નથી કહેતા; પરંતુ ભણતરની સાથેસાથે દેશસેવા પણ કરો, અને તેમ કરતાં ફર્સ્ટ ક્લાસમાં આવનાર છોકરાને સેકન્ડ ક્લાસ વા પાસ ક્લાસમાં આવવું પડે તો દેશને માટે એટલો ભોગ આપવો.'

વિદ્યાર્થીઓમાં તિલક પ્રત્યે અસાધારણ શ્રદ્ધા હોય તેમાં આશ્ચર્ય શું! **दत्तात्रेय बालकृष्ण कालेलकर**

ગણિતગમ્મત

પાસેપાસેની ચાર સંખ્યાઓનાં રહસ્ય

કોઈપણ ચાર પાસેપાસેની સંખ્યાઓ લઈ તેમનો ગુણાકાર કરીને તેમાં ૧ ઉમેરવાથી જે સંખ્યા બનશે તેનું ચોક્કસ વર્ગમૂળ નીકળી શકશે. અને તે વર્ગમૂળ તે ચાર સંખ્યા પૈકી વચલી બે ના ગુણાકારથી ૧ કમી હશે. ઉદાહરણ:

$(૧ \times ૨ \times ૩ \times ૪)+૧=૫^{૨}=(૨ \times ૩ - ૧)^{૨}$

$(૨ \times ૩ \times ૪ \times ૫)+૧=૧૧^{૨}=(૩ \times ૪ - ૧)^{૨}$

$(૪ \times ૫ \times ૬ \times ૭)+૧=૨૯^{૨}=(૫ \times ૬ - ૧)^{૨}$

$(૫૪ \times ૫૫ \times ૫૬ \times ૫૭)+૧=૩૦૭૯^{૨}=(૫૫ \times ૫૬ - ૧)^{૨}$

એ મુજબ $(૦ \times ૧ \times ૨ \times ૩)+૧=૧^{૨}=(૨ \times ૧ - ૧)^{૨}$ કારણ કે $૦ \times ૧ \times ૨ \times ૩=૦$ અને $૦ + ૧ = ૧$ અને ∵ ૧નું વર્ગમૂળ ૧ તેમજ ૧નો વર્ગ પણ ૧ થાય છે.

એ પછીની કોઇ પણ ચાર પાસેપાસેની સંખ્યાઓ લીધી હોય તો તેમાંની વચલી બે સંખ્યાના ગુણાકારને પહેલી સંખ્યા વડે ભાગવાથી છેલ્લી ચોથી સંખ્યા ભાગાકાર આવશે અને શેષ ૨ જ વધશે.

		ભા૦	શે૦
૩, ૪, ૫, ૬	એમાં (૪ × ૫) ÷ ૩ ∴	૬	૨
૪, ૫, ૬, ૭	,, (૫ × ૬) ÷ ૪ ∴	૭	૨
૮, ૯, ૧૦, ૧૧	,, (૯ × ૧૦) ÷ ૮ ∴	૧૧	૨
૫૯, ૬૦, ૬૧, ૬૨	,, (૬૦ × ૬૧) ÷ ૫૯ ∴	૬૨	૨
૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧	એમાં (૧૬૯ × ૧૭૦) ÷ ૧૬૮ ∴	૧૭૧	૨

ઉપર મુજબ ચાર પાસેપાસેની સંખ્યાઓમાં રહસ્ય રહેલાં છે. ગણિતમાં રસ લેનારા જે વિચાર કરે તો બીજાં પણ એવાં રહસ્યો જાણી શકે.

—મ. ના. ખત્રી

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી લેખમાળા

વન વગડાનાં વાસી



બુલાલચશ્મ

પક્ષિવર્ણનનો આ પ્રયોગ કેટલો સફળ થયો છે, એ તો કોણ કહી શકે? પરંતુ એકાદ વખત પણ જેણે આ લેખમાળા વાંચી હશે, તેના અંતરમાં પક્ષીઓ પ્રત્યે સદ્‌ભાવ, સદ્‌ભાવ નહિ તો કુતૂહલ અવશ્ય થયું હશે એમ તો હું માનું છું. પંખી અનેક છે. એમના આહારવિહાર અને વ્યવહાર પણ એટલા જ પરસ્પર ભિન્ન છે. એ બધાનો પ્રત્યક્ષ પરિચય કરવાનો અવકાશ કે અવસર બધાને ન મળે, છતાં અકસ્માત પણ આપણી નજરે જેટલાં પંખી ચડે છે એ તમામ પ્રત્યે આપણે એક વાતથી તો ખેંચાઈએ છીએ જ. એ વિશિષ્ટતા તે પંખીનાં વિવિધરંગી કલેવર. જુદાજુદા સ્વભાવવાળાં પંખીનાં રૂપરંગ જુદાંજુદાં હોય એ તો જાણે ઠીક, પરંતુ એક જ પ્રકારનો જીવનવ્યવહાર નભાવનારાં પંખીમાં પણ ગોત્રભેદે ભિન્નભિન્ન વર્ણ જોવામાં આવે છે, એ શા હેતુથી એની સમજણ નથી પડતી. રંગની એકલી વિવિધતા જ નહિ, પણ પ્રત્યેક રંગની વ્યાપકતા પણ એટલું જ કુતૂહલ જગાડે છે.

વ્યાપકતા એટલે કયો રંગ કેટલાં વધુ પંખીઓમાં મોટા પ્રમાણમાં જોવામાં આવે છે, એ. સૌથી મોટા ભાગનાં પંખીઓ આછા, સાદા, ચમકારા વિનાના રંગવાળાં એટલે ભૂખરા, આછા બદામી કે ફિક્કા તપખીરિયા વર્ણવાળાં હોય છે. એથી ઊતરતે પદે આવે સહજ ચમકતા વર્ણવાળાં: પીળાં, લીલાં પંખી. પછી કાળાં, આસમાની, ધોળાં વગેરે વિવિધ વર્ણની છાયાવાળાં આ બધાંયથી ઓછી સંખ્યામાં. (આ બધી વર્ણવિવિધતા કયા હેતુથી સરજાઈ હશે, એ સમસ્યાનો ઉકેલ તો ભલભલા પક્ષિવિદ્‌રેણ્ય પણ કરી શક્યા નથી, પરંતુ પાછળના લેખોમાં પ્રસંગોપાત્ત કરેલી એની ચર્ચા ઉપરથી એટલું તો સ્પષ્ટ થયું હશે કે પંખીઓના વર્ણ અને એમના જીવનવ્યવહાર વચ્ચે કોઈ અનિવાર્ય સંબંધ તો છે જ.) આ બધા રંગોમાં કોઈ પણ વર્ણની અલ્પતમ માત્રા હોય તો એકલા લાલ રંગની જ.

તમે અનેક પંખી જોયાં હશે, યાદ કરો. અશેષ શરીર રક્તવર્ણે રંગાયલું હોય એવું એકેય પંખી તમારી નજરે ચડ્યું છે? પોપટ અને દશરથ તથા ઘોડાકાબર જેવાં લાલ કે લાલની છાયાવાળા નારંગી રંગની ચાંચવાળાં જોયાં હશે; લક્કડફોડ અને ટીટોડી જેવાં લાલશિરા પણ આંખે ચડ્યાં હશે; હોલા, કબુતર, તેતર, સારસ, હંસ કે કલકલિયાના રક્તપાદથી અંજાયા હશો; બુલબુલ અને દેવલી જેવાંની પૂંછડી કે સુરખાબ અને કાકડિયાકુંભારની પાંખોની શોભા જોતાં આંખો નહિ ધરાઈ હોય; થરથરીયા કે કુકડાની ઈષત્પીત લાલકાયા પણ સહેજે હૈયે વસી હશે: આમાંના કોઈના રંગ ફિક્કા કે પીળાની ભળસેળવાળા, લાલ તો કોઈના આછા કે ઘેરા તપખીરિયા; પણ જેના શરીરનો પ્રધાન વર્ણ કેવળ લાલ જ હોય—લાલ એટલે મજીઠ જેવો, અળતાની છાયાવાળો, હરિતહરિણના માંસખંડ કે જાસુદના રક્ત સ્તબકની ભભકભર્યો, ચળકતો ઘેરો—નિતાન્તરક્ત, એવું કોઈ તમને યાદ આવે છે?

હું પણ આપણે ત્યાં આવાં બે જ ગણાવી શકું: એક સુરખ, બીજો બુલાલચશ્મ. એમાં યે સુરખ ('લાલ', –લાલ ચાંચવાળી મુનિયાના નર)ના લોહિત વર્ણની પૂરી શોભા તો કેવળ સંવનન પ્રસંગે જ ઝળહળે છે: એય અન્ય રંગથી ખરડાએલી, મેલી; બાકીના દિવસો તો એને પણ તપખીરિયા કે એને મળતા રંગના વાઘા ઓઢે જ વીતાવવા પડે છે. પરંતુ બારે માસ જેની લાલી એવી ને એવી જ ઉજ્જ્વલ રહેતી હોય, એવીકાયા તો એકલા બુલાલચશ્મની જ.

બુલાલચશ્મ એટલે મિનિવેટ, લટોરાને મળતું અને એના ગોત્રમાં અન્ય પ્રવરનું પંખી.

ત્રણેક વર્ષની વાત છે. મોડાસાથી પાછા વળતાં

વાત્રક કાંઠે હું વિસામો ખાવા બેઠો હતો. ત્યાં પાસેની અમરાઈમાં કોલાહલ સંભળાયો. પાસે જઈ નજર કરું છું ત્યાં એની ગાઢ ઘટાના અંધકારને ઉજાળતાં, અદ્ભુત રાગરંજિત તનુવાળાં આઠ દસ પંખી ફરતાં, ઊડતાં કલરવ કરી રહ્યાં હતાં. ભર ઉનાળાના દિવસો હતા. ખરેખરો બપોર હતો. ચોપાસની જમીન સીમાન્ત લગી સળગી રહી હતી અને એમાંથી ઊઠતી જ્વાળાઓ આ વૃક્ષરાજીને ભેદવા, અંગારિકા સમા આ પંખી-ગણની સ્પર્ધા કરવા મથતી હતી. આવું મેં કદી જોયું ન હતું. એટલે જોતાંવેંત જ હું ભાન ભૂલી ગયો. વિમર્શશૂન્ય દશામાં પોકારી ઊઠ્યો કે,

‘अये रक्ताशोकस्तबकसमरागो मणिरयं
यमुद्धर्तुं पूषा व्यवसित इवालम्बितकरः।

પેલા ગાંડા પુરુરવાની આંખે ચઢ્યો હતો પૃથ્વિ-તલને અજવાળતો સંગમનીય મણિ: અહીં મને લોભાવનાર નીકળ્યો પર્ણાભ્યન્તરે પ્રભાક્ષેપી અનુષ્ણ અગ્નિકણ સમો વિહંગમણિ' એને સ્વપ્ન કહો, માયા કહો કે મતિભ્રમ કહો: પણ એ ચિત્ર આજે પણ એવું જ મારા અંતરમાં સજીવ છે. એ પછી તો એ રસ્તે અનેક વખત નીકળ્યો છું. એ જ પ્રદેશમાં એ પંખી પાછળ ખૂબ આથડ્યો છું. છતાં પ્રથમ દર્શનની શોભા તો ફરી જોવા ન મળી તે ન જ મળી.

આ સુહાગી પંખીની ત્રણ જાત આપણે ત્યાં થાય છે. ત્રણે સ્થાયી નિવાસી. ત્રણે ઘટાની વસનારી, એટલે જ્યાં ઘટાવાળાં વૃક્ષ હોય ત્યાં જ એ દેખાય. એમનો આહાર (જીવાત, એનાં ઈંડાં તથા ઈયળો) પણ પર્ણાન્તરે જ મેળવવાનો, એટલે એ જમીન ઉપર કદી ઊતરતાં નથી. એને લીધે જ એ જનસમૂહની નજરે અકસ્માત ચડતાં નથી. છતાં આપણે ત્યાંનાં એ સામાન્ય પંખી ગણી શકાય, ફેર એટલો કે ત્રણે જાતો જુદાજુદા વાતાવરણમાં નજરે પડે છે: એક ઈડરની ગાઢ વનસ્થલીઓમાં તો બીજી જાત અમદાવાદ જેવા આછા ઝાડપાનવાળા પ્રદેશમાં. આ ત્રણેનાં નામ Short Billed Minivet, Small Minivet અને White Bellied Minivet. बुलालचश्म એ એનું ઉત્તર ભારતનું સામાન્ય અભિધાન. આપણે ત્યાં એનો વાચક કોઈ શબ્દ મારા સાંભળવામાં આવ્યો નથી. એને अंगारिका કે अग्निरज એવું કંઈ કહીએ તો?

૧

અલ્પચંચુ બુલાલચશ્મ

એને छोटा पहाडी પણ કહે છે. આશરે સાતેક આંગળની, પણ કોમળ, નાજુક કાયાવાળું આ પંખી અમદાવાદની આસપાસ મારા જોવામાં આવ્યું નથી. એનો પ્રથમ પરિચય મને થયો મોડાસાના રસ્તે. પછી તો અનેક વખત, એ રસ્તે તથા ઈડર પાસે વીરેશ્વરમાં એને મેં જોયું છે. આબુમાં પણ એ જોવામાં આવે છે.

એના નરનો (બુલાલચશ્મમાં નર માદા એકરૂપી નથી હોતાં) રંગ: માથું, ગળું, ગરદન, બરડો, પાંખો અને પૂંછડી વચલાં પીંછાં ચકચકિત બ્લ્યુ બ્લૅક રંગનાં. છાતી, પેટ, પેડુ, પીઠનો હેઠલો ભાગ, પૂંછડી ઉપરનાં તથા હેઠળ બાજુનાં પીંછા તથા પાંખો વચ્ચેનો ઊભો પટો ધીકતા અંગાર કે જ્વાલા જેવાં સરસ લોહિત વર્ણનો.

માદાના માથા અને પીઠનો રંગ ભૂખરો કાળો. કપાળ પીળાશ પડતું. હેઠળનો ભાગ, પાંખમાંના ચાંદલા, કમ્મર અને પૂંછડી ઉપર બંને બાજુનાં પીંછાં પીતવર્ણાં. પાંખો અને પૂંછડી મેલી બદામી.

ચાંચ: કાળી. આંખો: ઘેરી બદામી. પગ: ધુમાડારંગે.

વસંતથી ગ્રીષ્મના અંત સુધીનો ગાળો એના ગર્ભાધાનનો કાળ છે. એકાદ ઊંચા ઝાડની ડાળી પર, ઘાસ, ડાંખળીઓ, શેવાળ, પીંછાં, વગેરે ગૂંથી છીછરો પણ દૃઢ માળો બાંધી, એમાં આછી લીલી ઝાંયવાળા શ્વેત રંગમાં. લાલ છૂંદણાવાળાં બેથી ચાર ઈંડાં મૂકી દે છે.

એનો કંઠરવ અત્યંત સુકોમળ, ઝીણી સીસોટી જેવો. સંવનનની ઋતુ સિવાય અન્ય પ્રસંગે નાનાં નાનાં જૂથ રચી, એ આ ડાળેથી પેલી ડાળે, એક ઝાડથી બીજે ઝાડે ઊડતાં ગાતાં કિલકિલાટ કરતાં અમરાઈઓ ગજાવી મૂકે છે.

૨

અલ્પકાય બુલાલચશ્મ

અમદાવાદની આસપાસ નજરે પડતું બુલાલચશ્મ આ જ. એની કાયા છ આંગળની. નરનો વાન: માથું, ગરદન અને બરડો રાબોડી જેવાં, આછાં કાળાં. દાઢી, ગળું, કાન કાળાશ પકડતા મેલા. પાંખો અને પૂંછડી ધૂમાડા જેવાં, તેલિયાં કાળાં. છાતી, પેટ, પડખાં અને કેડ ઊગતી ઉષાના તેજ જેવાં શુદ્ધ ચકચકિત. અત્યંત લોહિત વર્ણાં, પાંખોમાં નારંગી રંગનો ઊભો પટ્ટો. પૂંછડીનાં બહારનાં પીછાંના છેડા પણ

નારંગી. પેઢુ અને પૂંછડી હેઠળનો ભાગ પીળાશપડતાં.

માદાની આંખ પરનો (લટોરાને હોય છે તેવો આડો) પટ્ટો, લમણા, દાઢી અને ગળું દૂધિયા, શ્વેત વર્ણવાળાં. છાતી, પેટ, પડખાં અને પૂંછડી હેઠળનાં પીછાં હળદરિયા રંગનાં. પાંખો અને પૂંછડી મેલા કાળા રંગે. પાંખ વચ્ચેનો પટ્ટો પીળો. પૂંછડીમાં થોડાં પીંછાં નારંગી રંગનાં.

આંખો: બદામી. ચાંચ તથા પગ: કાળા.

વસંત, ગ્રીષ્મ અને વર્ષા એની પ્રજોત્પત્તિને અનુકૂળ ઋતુઓ. એ સમયે એના માળા ખૂબ ઊંચે, ઘણુંખરું આંબાનાં ઝાડમાં બાંધે છે: એટલી સફાઈથી કે એને નીચેથી ગમે તેટલું શોધીએ છતાં ઉપર ચડ્યા વિના નજરે જ ન પડે. એકાદ આડી ડાળને આધારે, સુકોમળ ઘાસ, પાન, પીછાં, શેવાળ વગેરે ગૂંથી, બે આંગળ પહોળી અને એકાદ આંગળ ઊંડી વાડકી જેવો સુંદર માળો બાંધી, એમાં ત્રણ ઇંડાં મૂકે છે: રૂપેરંગે બીજા બુલાલચશ્મનાં ઈંડાંને મળતાં.

ઉત્તર ગુજરાતના સુક્કા પ્રદેશમાં આપણી આંખોને અજવાળતું કોઈ લાલ પંખી હોય તો આ એકલું જ. ઘટાનું વસનારું ગણાય છતાં સરગવા જેવાં ઝાડની આછાં પાનવાળી ઉઘાડી ડાળીઓ વચ્ચે પણ નિઃશંક વિચરતું, ચીંચીં ગાતું, કલ્લોલ કરતું મારી નજરે પડ્યું છે.

૩

ધવલોદર બુલાલચશ્મ

અરધા ફૂટની કાયાવાળા આ બુલાલચશ્મને ગુજરાતી કહેવાય છતાં એ ભાગ્યે જ નજરે ચડશે. આટલાં વરસમાં મારા જોવામાં એ એક જ વખત આવ્યું છે અને તે પણ રહુના રસ્તે. એટલા ઉપરથી એને અમદાવાદી કહેવાની હું હિંમત ન કરું.

એના નરનો ઉપરનો વર્ણ ચળકતો બ્લ્યુ બ્લૅક. હેઠળનો ભાગ નારંગી રંગનો કે આથમતા સૂરજનાં અજવાળાં જેવો પીતવર્ણો. કમ્મર પરનો ભાગ જ માત્ર ઘેરો લાલ. માદાનો કાળો રંગ આછો મેલો અને હેઠળનાં અંગ શ્વેતરંગી. વનેચર



ચાલુ નવી ઢબની 'એ બી સી ડી'ના અક્ષરોમાં સાદાં છતાં જોરદાર અને ઉઠાવભર્યાં જે અનેક રૂપો હમણાં થયાં છે તેનો એક નમૂનો ઉપર આપ્યો છે. ચોપડીઓનાં પૂંઠા પર, બારણા પર કે દરવાજા પર નામની તક્તી માટે તે આકર્ષક ગણાય. કંપાસ ફૂટપટ્ટી અને સેટસ્ક્વેરની મદદથી કોઈ પણ કુશળ વિદ્યાર્થી આ અક્ષરો લખી શકશે. રંગીન કાગળોમાંથી પણ સરળતાથી અક્ષરો કાપી ચોડી શકાશે. નાના મોટા કદ માટે તો બેવડાં તેવડાં કે જરૂર પૂરતાં પ્રમાણો લેવાય.

સરદાર શ્રી પૃથ્વીસિંહજીનું નિવેદન

'સ્વામીરાવ' નામે પૂર્વે પ્રસિદ્ધ થએલા સરદાર પૃથ્વીસિંહજી ગુજરાત કાઠીઆવાડને હવે અજ્ઞાત વ્યક્તિ રહ્યા નથી. તેમણે પૂ. ગાંધીજીના આદર્શોમાં સ્વાર્પણ કરવાનું પણ લીધું છે. તે પાર ઉતારવાને તેમના આદેશ અનુસાર દેશની શારીરિક સંપત્તિ સુધારવાના કાર્યમાં પ્રવૃત્ત થતાં પૂર્વે જે નિવેદન તેમણે બહાર પાડ્યું છે તેનો સારાંશ નીચે પ્રમાણે છે:

'હું વ્યાયામ દ્વારા શારીરિક બળ ઉત્પન્ન કરવા માગું છું અને એ બળને કાબૂમાં રાખી અહિંસાની દૃષ્ટિએ કેવી રીતે વધારી શકાય તે હું જાતે શીખવા માગું છું અને બીજાઓને શીખવવા માગું છું . . . . . . આપણા દેશમાં એક રાજદ્વારી શક્તિ ઉત્પન્ન થઈ છે. એ શક્તિને અહિંસાના માર્ગ ઉપર લાવવા માટે મહાત્માજી છેલ્લાં ૨૦ વર્ષથી પ્રયત્ન કરી રહ્યા છે. તેમાં કઇ જાતની મુશ્કેલીઓ પડે છે તેનો ખ્યાલ દરેક જણ કરી શકશે . . . એ જ પ્રમાણે નવયુવાનોમાં શારીરિક બળ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન પણ ૨૦ વર્ષથી ચાલે છે. તેમાં ઘણું કામ થયું છે, પણ મને તેનાથી સંતોષ નથી. હું જેટલી અને જે જાતની શક્તિ પેદા કરવા માગું છું તેટલી અને તે જાતની શક્તિ હજુ સુધી ઉત્પન્ન થઈ શકી નથી. જે કાર્ય ચાલે છે તેને હું વધારે વેગ આપી તેથી ઉત્પન્ન થએલ શક્તિના સ્વરૂપમાં પરિવર્તન કરવા માગું છું. મારો એ પ્રયત્ન રહેશે કે એ રીતે પેદા થએલી શક્તિ કાબૂમાં લાવી અહિંસાના માર્ગ ઉપર વ્યવસ્થિતરૂપે પ્રકટ કરવી . . . . . . મહાત્માજી સામે સવાલ એ હતો કે કયા ક્ષેત્રમાં કાર્ય કરવાથી મારી અહિંસાની ભાવના બરોબર ખીલવી શકાય. મેં એમની સમક્ષ બાળકોમાં શરીરબળ પેદા કરવાનો કાર્યક્રમ મૂક્યો તેનું મુખ્ય કારણ એ છે કે બાળક નિર્દોષ હોય છે; કોઈ પણ મોટા કાર્ય માટે તેનામાં અગાધ શક્તિ ભરેલી હોય છે; એ મહત્ત્વાકાંક્ષી હોય છે અને પોતાના કામમાં તલ્લીન રહી ગમે ત્યારે પોતાનું બલિદાન આપવાની શક્તિ તેનામાં સ્વાભાવિક હોય છે. બાળકમાં હિંસાનો ભાવ કે હિંસાના કાર્યને સ્થાન હોતું નથી. એથી મેં બાળકોનું ક્ષેત્ર પસંદ કર્યું છે. બાળકોની દુનિયામાં રહીને હું જાણી શકીશ મારામાં સત્ય અને અહિંસાની ભાવના કેટલી હદ સુધી જાગી છે . . . . . . હિંદુસ્તાનના નવયુવકો જે શરીરબળ પેદા કરશે તેનો અણુએ અણુ દેશના હિતમાં વપરાય એવી જાતની કાર્યરચના થવી જોઇએ . . . અહિંસાનો માર્ગ એટલે પોતે ઘસાઇને સમાજને સુખી કરવાનો માર્ગ. અહિંસામાં જેટલી હદ સુધીની સહનશીલતા કેળવવી પડે છે તેટલી સહનશીલતા હિંસામાં નથી કેળવવી પડતી. અહિંસાના માર્ગમાં રહેલી બલિદાનશક્તિના મૂળમાં શરીરબળ આવશ્યક તત્ત્વ છે. આજે ગાંધીજીનો અહિંસાનો માર્ગ પ્રજાને આકરો લાગે છે તેના મૂળમાં એક મુખ્ય કારણ છે કે રાષ્ટ્રમાં દુઃખ સહવા જેટલું બળ નથી. એવું રાષ્ટ્ર અહિંસાને રસ્તે ઝાઝી પ્રગતિ કરી શકે નહિ. સાચું મનોબળ તંદુરસ્ત શરીરમાં જ સંભવે છે. આવી વિચારશ્રેણીથી પ્રેરાઇને મારી સત્ય અને અહિંસાની સાધના માટે મેં વ્યાયામનું ક્ષેત્ર પસંદ કર્યું છે. હું આશા રાખું છું કે એ સૃષ્ટિ મને પૂરતો સહકાર આપશે. મહાત્માજી અને બીજા દેશનેતાઓના આશીર્વાદ મેળવવા હું ભાગ્યશાળી થયો છું. હવે પછી પ્રત્યક્ષ કાર્યની શરૂઆત કર્યા પછી જે મુશ્કેલીઓ ઊભી થાય તેને દૂર કરી દેશના યુવકોમાં શરીરબળને સંઘટિત અહિંસાને માર્ગે વાળવાની શક્તિ પરમેશ્વર મને આપો.

૨૯-૨-૪૦ —પૃથ્વીસિંહ

સોનગઢમાં વ્યાયામવર્ગ

શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફથી બહેનો તથા ભાઇઓ માટે તાલીમની સુંદર તક

ગુજરાત-કાઠિયાવાડના હણાઇ જતાં શરીરધનને સંરક્ષવા તથા ઉનાળાની સામાન્ય રીતે નિરર્થક જતી રજાઓનો સદુપયોગ અર્થે છેલ્લા અગિયાર વર્ષમાં કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફથી આઠ વ્યાયામ-વર્ગો ભરવામાં આવ્યા છે અને સેંકડો ભાઇઓએ આ વ્યાયામ-વર્ગોનો લાભ લીધેલ છે; તે અનુસાર આ વર્ષે પણ સોનગઢ મુકામે તા. ૧-૫-૪૦થી તા. ૩૧-૫-૪૦ સુધી વ્યાયામવર્ગ ખોલવાનું શ્રી. કા. વ્યા. પ્ર. મંડળે નક્કી કરેલ છે. આ વર્ગમાં ૪૦૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓ માટે સગવડ રાખવામાં આવેલ છે.

સરદાર પૃથ્વીસિંહ ઉર્ફે સ્વામીરાવ આ વ્યાયામવર્ગમાં પોતાની સેવાનો લાભ આપવા એક માસ સુધી રહેવાના છે. બહેનોને પણ તાલીમ મળી શકે તે માટે ખાસ અલાયદી ગોઠવણ કરવામાં આવી છે અને તેમને માટે વર્ધાથી ખાસ બે બહેનો આવવાનાં છે.

આખા માસ દરમ્યાન દૂધ તથા ખોરાક માટે રૂ. ૧૫) દરેક ભાઈ બહેન દીઠ લેવામાં આવશે. તાલીમને અંગે કશો ખર્ચ લેવામાં આવશે નહિ. વ્યવસ્થા ખર્ચનો સમાવેશ ઉપરોક્ત પંદર રૂપીઆમાં કરવામાં આવેલ છે.

તા. ૨૦-૪-૪૦ સુધીમાં વર્ગનો લાભ લેવા ઇચ્છનાર ભાઈબહેને ડીપોઝીટના રૂ. બે સાથે અરજી મોકલવી. નિયમો તથા પ્રવેશપત્ર માટે ટિકિટ સાથે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો.

જાદવજી કે. મોદી

મંત્રી · શ્રી. કા. વ્યા. પ્ર. મંડળ · ભાવનગર



કોલસાના ડામરમાંથી રંગ

બનાવવાની શોધ અને ઉદ્યોગની કથા

લેખક : ડૉ. નરસિંહ મૂ. શાહ ડી.એસસી.

પંચ્યાશી વર્ષનો લાંબો કાળ વહી ગયો. પર્કિન નામનો એક અંગ્રેજ યુવક રાસાયનિક શોધ-ખોળનું કાર્ય આદરતો હતો. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જેમ શોધખોળનું કામ શરૂ થતાં સ્વપ્નાં સેવે છે તેમ આ યુવકને બનાવટી ક્વિનાઈન પેદા કરવાની મહેચ્છા ઉદ્‌ભવી. કોલસાના ડામરમાંના બેન્ઝીન (Benzene) નામના પદાર્થમાંથી એનીલીન (aniline) બનાવીને તે પર પ્રયોગો આદર્યા. સફેદ ક્વિનાઈનને બદલે રંગીન પદાર્થ પેદા થયો. કોલસાના ડામરમાં આવેલ પદાર્થોમાંથી બનાવાતા રંગોમાં પ્રથમ રંગની એ ઉત્પત્તિ!

જ્યુબિલીઓના આ જમાનામાં આવી મહત્ત્વની શોધ વણઉજવી રહે! કોલસાના ડામરમાંથી રંગની બનાવટનો હીરકોત્સવ ૧૯૦૬માં ઉજવાયો. વિજ્ઞાનીઓએ પર્કિનની શોધની મહત્તા ગાઈ બતાવી. સામાન્ય જનતાએ આવી જ્યુબિલી પર નજીવું ધ્યાન આપ્યું. આજકાલ કોલસાના ડામરમાંથી રંગ એટલી સાવ સાધારણ ચીજ થઈ ગઈ છે કે એ વસ્તુ 'અતિ પરિચયાત્ અવજ્ઞા ભવતિ' એ ન્યાયે અત્યંત નજીવી લાગે છે. સામાન્ય જીવનમાં આ ડામરના રંગો કેટલે અંશે પેસી ગયા છે! આપણા પહેરવેશની ચીજોમાં, ઘરના શણગારની ચીજોમાં, બૂટ, પાકીટ એવી ચામડાની અનેક ચીજોમાં, ટૂંકામાં, હમેશ ઉપયોગમાં આવતી અનેક ચીજોની બનાવટમાં આ ડામરના રંગ સામાન્ય થઈ પડ્યા છે. આજના જીવનમાં 'હાલતાં ચાલતાં ડામરનો રંગ નિહાળું' એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય.

એટલું જ નહિ, પણ કેટલાક દેશોની આબાદાની આ શોધને લીધે ઉદ્‌ભવી છે. જર્મનીમાં મોટામાં મોટાં રાસાયનિક કારખાનાંઓ આ ડામરમાંથી રંગ બનાવવા માટે ઊભાં થયાં છે અને આવા એક કારખાનામાં તો અઢી કરોડ રૂપિયાની થાપણ રોકવામાં આવી છે. એ કારખાનામાં ૬૦૦૦ કારીગરોને રોજી મળે છે અને બસો ઉપરાંત યોગ્ય તાલીમ પામેલા રાસાયનિકો રંગના હુન્નરની પ્રગતિ અર્થે શોધખોળ માટે રોકાયા છે.

રંગવાની કળા ત્રીસ સૈકા જૂની છે. પણ તે જમાનાના રંગારાઓ માત્ર અર્ધોક ડઝન રંગ બનાવતા: કેસરીઓ (saffron), ગળીઓ (indigo), મજીઠીઓ (madder), રાતો (orchid) અને જાંબુડીઓ (Tyrian purple). આમાંથી પહેલા ચાર રંગ તો તેમના છોડમાંથી તૈયાર કરવામાં આવતા અને છેલ્લો શેલ નામની માછલીમાંથી જે એક જાતનો રસ (secretion) ઝરે છે તેમાંથી બનાવાતો. ટૂંકામાં, આ બધા રંગ કુદરત પૂરા પાડતી. જે ભાતભાતના રંગ આજે આપણે નિહાળીએ છીએ તે એ સમયમાં અત્યંત મુશ્કેલ હતા.

કોલંબસે અમેરિકા શોધી કાઢ્યો એટલે વળી આ ગણ્યા ગાંઠ્યા કુદરતી રંગોમાં થોડાક બીજા કુદરતી રંગોનો ઉમેરો થયો: જેવાં કે કોચીનીઅલ—એક જાતના થોર પર ઉછેરેલાં જીવડાંના શરીરમાંથી કાઢેલો રાતો રંગ. લૉગવૂડ, બ્રાઝીલ વૂડ, કવરશીટ્રોન ઇત્યાદિ. હિંદુસ્તાન તરફનો ટૂંકો દરિયાઈ માર્ગ ખુલ્યો એટલે ગળી યુરોપમાં જરા સસ્તી થઈ; અને ગળી જેવો જ રંગ આપતા વોડ (woad) નામના છોડના વાવેતરને યુરોપમાં ઉત્તેજન મળવા લાગ્યું. ઉપરાંત, થોડાક ખનિજ પદાર્થો પણ રંગ તરીકે ઉપયોગમાં લેવાતા. કસુંબો રંગ હિંદુસ્તાનની વિશિષ્ટતા છે અને હજી પણ તે વિલાયત અને જાપાન ચડે છે. ઉપર જણાવેલા એકાદ ડઝન રંગો એ સમયના રંગારાની સમગ્ર સામગ્રી હતી. અનેક ગૂંચવણભરી ક્રિયાઓ વડે તે રંગ ચડાવાતો અને અનેકવેળા ધાર્યો રંગ ન થઈ શકતો. આ સદીની શરૂઆત સુધી રંગાટકળાની આવી સ્થિતિ હતી.

મનુષ્યજાતનો રૂપ અને રંગ અર્થેનો મોહ આદિ

આકર્ષણ અતિ જૂનાં છે. આકાશમાં ઇન્દ્ર-ધનુષ્યના રંગ, વિવિધ સુંદર ફૂલોના રંગ ઇત્યાદિ કુદરતની સુંદર રંગીન સૃષ્ટિ મનુષ્યને આહ્લાદે છે; પોતાના ઉપયોગમાં રંગ વડે આકર્ષણ પેદા કરવા તે મથે છે. છતાં, અનેક મર્યાદાઓને લીધે રંગોની એ વિવિધતા તે લાંબા સમય સુધી ન આણી શક્યો. આપણા પૂર્વજો રસાયન સંબંધી માહિતી ધરાવતા નહોતા એમ નથી, પણ કુદરતી રંગો વિપુલ પ્રમાણમાં સહેલાઇથી ન મળી શકતા એ ખાસ અડચણરૂપ હતું; એટલે સૈકાઓ સુધી રંગવાની ક્રિયા વૃદ્ધિ પામી શકી નહિ. ઇચ્છા છતાં માત્ર ગણ્યાગાંઠ્યા રંગો વડે તેમને ચલાવવું પડ્યું; મન પસંદ રંગોની મિલાવટ તે ન માણી શકતા. આવી સ્થિતિમાં પણ રંગવામાં તો હિંદ અગ્રણી હતું. જ્યારે આજે ફક્ત ગળી સિવાય બીજો એકે દેશી રંગ અહીં રહ્યો નથી!

રાસાયનિક ઉદ્યોગોના ક્ષેત્રમાં ઓગણીસમી સદીનું પ્રથમ સાહસ કોલસામાંથી ગરમી અને પ્રકાશ માટે કોલ-ગૅસ (coal-gas) બનાવવાનું. આ બનાવટમાં દગડી કોલસાને હવા વિનાની બંધ ભઠ્ઠીઓમાં ગરમ કરવાથી ગૅસ ઉપરાંત ડામરયુક્ત અનેક પદાર્થો ઉત્પન્ન થાય છે. આ બધાંને 'ગૅસ-ટાર યા તો કોલ-ટાર' એટલે કોલસાનો ડામર એવું નામ આપવામાં આવે છે. ગૅસનું શુદ્ધીકરણ કર્યા પછી રહેતો આ ગંધાતો ડામર પ્રથમ તો સાવ નકામો ગણાતો, એટલું જ નહિ પણ તેને નાખી દેવા માટે જોઇતી જગ્યા પણ મળતી નહિ. એ વસ્તુ ઉપદ્રવરૂપ થઇ પડી હતી. એ ગંધાતો ડામર દ્રવ્યનો ખજાનો છે એ જ્ઞાન રસાયન-શાસ્ત્રીઓને ઘણું મોડું થયું!

ઇ. ૧૮૩૪માં રૂન્ગે (Runge) નામના રસાયન-વિશારદે ગંધાતા, ઉપદ્રવ રૂપ ગણાતા આ 'કોલસાના ડામર' પર અખતરા આદર્યા. તેને ગરમ કરીને અને તેમાંથી નીદળતી વરાળ (distillation) ઠંડી પાડીને સાઇએનોલ (Cyanol) નામનો એક એઝિક (ઍસિડથી વિરુદ્ધ પ્રકૃતિનો) પ્રવાહી જુદો પાડ્યો. ૧૮૨૬માં યુન્વરડોર્બેન (Unverdorben) નામના જર્મન વૈજ્ઞાનિકે ગળીમાંથી એક 'એઝિક' પ્રવાહી કાઢ્યો હતો. આનું નામ ક્રીસ્ટેલીન (Crystallin) આપ્યું હતું, કારણકે તે તેજાબોની સાથે પાસાદાર સ્ફટિક પદાર્થો આપતો હતો. આ જ અરસામાં ઝીનીને (Zinin) પણ કડવી બદામના બનાવટી તેલ(nitro benzene)માંથી એક 'એઝિક' પ્રવાહી બનાવ્યો હતો. ત્રણ જુદીજુદી વસ્તુઓમાંથી કાઢેલ આ 'એઝીક' પ્રવાહી એક જ છે—ગુણ અને રૂપમાં—એમ પ્રોફેસર હૉફમાને (Hofmann) પુરવાર કરી બતાવ્યું. આ પ્રવાહી એનીલીન (aniline) કહેવાય છે—ગળીના અરબીક નામ 'અનિલ' પરથી. બજારમાં મળતા ડામરના પુષ્કળ રંગ આમાંથી સીધી યા આડકતરીરીતે બનાવાય છે.

ઉપરની શોધખોળનું પરિણામ એ આવ્યું કે એનીલીનની માગણી વધી અને મોટા જથ્થામાં તેની બનાવટની જરૂર જણાવા લાગી. કોલસાના ડામરમાં એનીલીન અત્યંત જૂજ હોય છે અને તેમાંથી તે કાઢવાની મહેનત માથે પડે એવું લાગ્યું. પણ ડામરમાં બેન્ઝીન નામનો પદાર્થ પુષ્કળ હોય છે અને તે સહેલાઇથી તેમાંથી જુદો પાડી શકાય છે. નાઇટ્રિક ઍસિડ સાથે રાસાયનિક ક્રિયા કરવાથી આ બેન્ઝીનમાંથી કડવી બદામનું બનાવટી તેલ (nitro benzene) સહેલાઇથી બનાવી શકાય છે અને ઉપર દર્શાવેલ ઝીનીનની રીત મુજબ તેમાંથી 'એનીલીન' પ્રાપ્ત થઇ શકે છે. આ બધી મહેનત પ્રથમ પગથીઆ રૂપ નીવડી. કોલસાના ડામરમાંથી ઉપયોગી વસ્તુ મળી આવે છે એ પુરવાર થયું. પણ એથી વિશેષ પ્રગતિ ન થઇ શકી. છોડને બીજમાંથી બહાર ઊગી આવતાં અમુક સમય લાગે છે તેમ ઉપર વર્ણવેલી શોધખોળ રૂપી બીજ બહાર આવતાં પચીસ-ત્રીસ વર્ષો વહી ગયાં.

૧૮૫૬માં લંડનમાં 'રૉયલ કૉલેજ ઑફ કેમિસ્ટ્રી'માં વિલિયમ હેન્રી પર્કિન નામનો વિદ્યાર્થી પ્રોફેસર હૉફમાનનાં ભાષણો સાંભળવા જતો. એને એનીલીન પ્રત્યે લગની લાગી. કિવનાઇનમાં નાઇટ્રોજનના પરમાણુ છે અને એનીલીનમાં પણ એ જ પરમાણુ છે, તો એનીલીનમાંથી ક્વીનાઇન બનાવવાનો તેને મનસુબો ઊઠ્યો. પણ પ્રયત્ન વર્ષો વીતી ગયા તે મુજબ સફેદ કિવનાઇનને બદલે કાળો પદાર્થ તેને મળ્યો. પૂર્વે ઘણાએ આવા પ્રયોગો કર્યા હતા, પણ આંખને ન ગમે એવા કાળામેશ પદાર્થથી ગભરાઇને આ વિષયમાં શોધખોળ અભરાઇએ ચઢાવી હતી. પણ પર્કિને આગળ ધપાવ્યું. એ કાળો પદાર્થ શું છે તે તપાસવા મહેનત કરી. એ કાળી ચીજનું આલ્કોહૉલમાં દ્રાવણ કર્યું તો જાંબુડીઆ (violet)

રંગનું કારણ થયું. અને તે વડે રેશમને રંગ ચડાવી શકાયો. પર્કિને આચાર્ય હૉફમાનને બધી હકીકત કહી અને કારખાનું કાઢવાનો વિચાર જણાવી દીધો. પરંતુ આચાર્યશ્રીને બાછ વાત ગળે ન ઊતરી; ઊલટું શાખામણ મળી: "શોધખોળનું કામ છોડી નાહક ઉપાધિમાં શા માટે પડો છો?' શોધખોળનું રૂપિયા આના પાઈમાં રૂપાંતર એ સાચા વૈજ્ઞાનિકને પસંદ ન પડયું.

બીજે વર્ષે પર્કિને નવા રંગની બનાવટ માટે કારખાનું શરૂ કર્યું અને 'જાંબુડીઓ' (Tyrian purple) એ નામથી રંગ બનાવવો શરૂ કર્યો. આ રંગ 'મૉવ' (mauve) તરીકે ઓળખાય છે. છાપાંઓએ પર્કિનની શોધને ખૂબ પ્રસિદ્ધિ આપી. 'મૉવ'ની શોધ પ્રત્યે સૌનું ધ્યાન ખેંચાયું. એ વખતમાં આ વિષે એટલી ચકચાર જામેલી કે મજાકમાં એમ કહેવાતું કે રાહદારી ઉપર ઊભેલો પોલીસ પણ આ શોધથી માહિતગાર છે. કારણ કે દરેક વખતે તે બોલે છે કે 'મુવ ઑન'! પછી તો તરેહતરેહના રંગ બનાવવા માટે ઍનીલીન પર અનેક પ્રયોગો થવા માંડ્યા. નાથાનસને ઍનીલીન રેડ શોધી કાઢ્યો. પણ તેનું કારખાનું બરાબર ચાલ્યું નહિ. બીજા પણ બેચાર રંગો આવ્યા. હરીફાઈએ સંશોધનને પુષ્કળ વેગ આપ્યો.

પણ પર્કિનની મુશ્કેલી કાંઈ ઓછી ન હતી. ઍનીલીન મોટા જથ્થામાં બનાવવા માટે તેને અનેક હાડમારીઓ વેઠવી પડતી; રંગારાઓને નવો રંગ વાપરવા સમજાવવું પડતું (સૈકડો વર્ષોનું રૂઢિ-પ્રાબલ્ય!); અને કારખાનાની મુશ્કેલીઓ ઊભી જ હોય. પર્કિને એ બધી મુશ્કેલીઓનો નિવેડો આણ્યો. રંગનારાઓને ત્યાં જઈ નવા રંગથી રંગવાના પ્રયોગો કરી બતાવ્યા. ઍનીલીનની બનાવટમાં જોઈતી મુખ્ય વસ્તુ **nitro benzene** બનાવવાનું ફતેહમંદ પાર ઊતાર્યું. ગૅસનાં કારખાનાંઓમાંથી ડામર એકઠો કરવાની એજન્સી સારા પાયા પર મૂકી, જેથી કાચા માલની તાણ ન પડે. ઍનીલીનની કીમત પણ હરીફાઈથી ઊતરવા માંડી.

દરમિયાન અનેક અનુકરણ કરનારાઓ જાતજાતના રંગ બનાવવા મંડી પડ્યા. પણ એ રંગોની રાસાયનિક જાત તથા પરસ્પર સંબંધનું એ લોકોને ભાન નહોતું. પ્રોફેસર હૉફમાને આ પ્રશ્ન હાથ પર લીધો અને તેના પર પ્રકાશ ફેંક્યો. રાસાયનિક સિદ્ધાંતો અનુસાર નવા



કોલસાના ડામરમાંથી રંગો બનાવવાનો શોધક પર્કિન

રંગો શોધાવા લાગ્યા. અને કોલસાના 'ડામરમાંથી રંગો'નું નવું પ્રકરણ વૃદ્ધિ પામતું ગયું. કેક્યુલે (Kekule) ના શિષ્ય ફૉન બેયરે (Von Baeyer) ૧૭ વર્ષના સતત પરિશ્રમને અંતે ગળીનું સંયોજન (synthesis) સિદ્ધ કર્યું. આ અરસામાં ગ્રેબે અને લીબરમાન (Graebe and Liebermann) નામના જર્મન રસાયનજ્ઞોએ ડામરમાંથી નીકળતા ઍન્થ્રેસીન(anthracene) નામના પદાર્થનો અભ્યાસ શરૂ કર્યો હતો. મૅડરના છોડનાં મૂળમાંથી નીકળતો રંગ (alizarin) જૂના કાળથી વપરાતો તેમાંથી પણ ઍન્થ્રેસીન કાઢી શકાય. એટલે તેઓએ ઍન્થ્રેસીનમાંથી એ એલીઝેરીન રંગ બનાવવા અખતરા શરૂ કર્યા. પર્કિને પણ આ કામ હાથ પર લીધું હતું. ૧૮૬૯માં આ બધા અખતરા સફળ થયા. જર્મન વૈજ્ઞાનિકોએ અંગ્રેજ પેટન્ટ માટે પર્કીન કરતાં વહેલી અરજી કરી એટલે જર્મન બનાવટી ઍલીઝેરીન માટે વિલાયતનું બજાર મળી ગયું.

આ રીતે કુદરતી રંગો સાથે બનાવટી રંગોની હરીફાઈ શરૂ થઈ. આ હરીફાઈમાં બનાવટી રંગોનો વિજય થયો, કારણ કે કુદરતી રંગ અત્યંત જૂજ પ્રમાણમાં મળી શકે છે અને તેના છોડના વાવેતર માટે કીમતી જમીન રોકવી પડે છે. ઉત્તરોત્તર આ દિશામાં ખૂબ પ્રગતિ થઈ રહી છે. આજે અનેક તરેહના પુષ્કળ રંગ મળી શકે છે.

છેવટે, કોલસાના ડામરમાંથી રંગની આ બનાવટના ઉદ્યોગની અગત્ય તપાસીએ. સૌથી પ્રથમ ફાયદો એ

થયો કે ગૅસની કીમત ઘટવા લાગી. ડામર જે નિર્માલ્ય વસ્તુ ગણાતી તે એક કીમતી ખજાનો ગણાવા લાગ્યો. બીજો ફાયદો એ થયો કે રંગવાની કળાની વૈજ્ઞાનિક ખીલવણી થઇ. જર્મનીને સૌથી મોટો ફાયદો એ થયો કે ૧૮૭૭માં ત્યાં શાહી પેટન્ટ ઑફિસની સ્થાપના કરવામાં આવી. ડામરમાંથી પ્રથમ રંગ ઈંગ્લંડમાં તૈયાર કરવામાં આવ્યો, પણ એ ઉદ્યોગની ખીલવણી જર્મનીએ કરી છે એ આશ્ચર્યજનક છે. રંગની બનાવટ જર્મનીનો રાષ્ટ્રીય ઉદ્યોગ ગણાય છે. રંગની સાથે સંબંધ ધરાવતા અનેક પ્રકારના પદાર્થો, જેવા કે જંતુ-વિનાશક પદાર્થો, દારૂગોળો, અત્તર-સુગંધી પદાર્થો, ફોટોગ્રાફીમાં વપરાતી ચીજો ઇત્યાદિ ડામરમાંથી બનાવી શકાય છે. કાર્બોલિક ઍસિડ, સેલિસિલિક ઍસિડ અને તેની બીજી બનાવટો, સૅકરીન, ઍન્ટીપાઇરીન, બનાવટી વેનિલા અને કસ્તુરી વગેરે ઉપયોગી વસ્તુઓનો આમાં સમાવેશ થાય છે. ટાઇફૉઇડ, કૉલેરા, ક્ષય વગેરે દર્દોના જંતુઓ ઓળખવા માટે પણ જુદાજુદા રંગ વપરાય છે. એ પણ મનુષ્યજાત પર રંગના ઉદ્યોગનો ઉપકાર છે.

✓ ટિકીટો સંઘરવાનો શૉખ

ટપાલની ટિકીટો તરફ રસ જગાવવા પૂરતી નવીનતા તેમાં લાવવામાં આપણી સરકાર જે બેદરકારી રાખે છે તે વિષે આપણે ઉહાપોહ કરેલો છે. ત્યાર પછી તેમાં બીજી એક ખેદજનક બીના એ ઉમેરવાની રહે છે કે બ્રિટનના બી. બી. સી. (રેડિયો) ખાતાએ તાજેતરમાં જ ટિકીટોના સંઘરા વિષે રેડીઓ પર પ્રવચનો આપવા માંડ્યા છે, જ્યારે આપણા 'ઑલ ઇન્ડીઆ રેડીઓ' પર સહેજ પણ પ્રવૃત્તિ નથી દેખાતી.

હવે આ સાલ ઉજવાનારી ટિકીટની શતાબ્દી વિષે. અમેરિકાના એને અંગે ટિકીટો સંઘરનારાઓ ને વેચનારાઓમાં એટલો ઉત્સાહ વ્યાપ્યો છે કે એ પ્રસંગે ઈંગ્લંડમાં ભરાનારા એ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ત્યાં જવા સારુ એક આખા સ્ટીમર જ 'ચાર્ટર' કરી છે. એ પ્રદર્શનમાં એકલા સંગ્રાહકો કે વિક્રેતાઓ જ નહિ, પણ જગતભરની પોસ્ટ ઑફિસના અમલદારો યે ભાગ લેવાના છે. અમેરિકા પોતાનો દસલાખ ડૉલરની કીમતનો વિખ્યાત સંગ્રહ 'Million Dollar Post Office Collection' ત્યાં પ્રદર્શિત કરવાનું છે એટલું જ નહિ, પણ એ મહોત્સવ પ્રસંગે બ્રિટનની પેઠે એ પણ ટિકીટોનો ખાસ સેટ બહાર પાડવાનું છે.

આપણા હિંદ તરફથી લગભગ પાંચ લાખ રુપિયાની કીમતની ટિકીટો એ પ્રદર્શનમાં મુકાવાની છે. હિંદી ટિકીટોની બાબતમાં કેટલીક હકીકતો તમે કદાચ નહિ જાણતા હો. આપણી અહીંની જ ટિકીટો એક વખત આબીસીનિયા, એડન, અહવાઝ, બગદાદ, બસરા, બાહરેન, બુશાયર, બંદરઅબ્બાસ, દુબાઇ, ગોઆદર, હંજામ, મસ્કત, મોહમરા, મલાક્કા, પસની, પીનાંગ, સીંગાપોર ને ઝંઝીબારમાં ચાલતી હતી. કેટલીક દુષ્પ્રાપ્ય હિંદી ટિકીટોના આજે ૧૦૦૦થી ૫૦૦૦ રુપિયા ભાવ બોલાય છે. આપણા દેશનાં જુદાં જુદાં ૪૦ દેશી રાજ્યો પોતાની ટિકીટો બહાર પાડે છે. ન્યૂ દિલ્હીના પોસ્ટલ મ્યૂઝીઅમમાં ઈ. ૧૮૫૨થી બહાર પડતી હિંદની દરેક ટિકીટ સંઘરવામાં આવે છે. એ સાલમાં જ સર બાર્ટલ ફ્રીઅરે પહેલી હિંદી ટિકીટ બહાર પાડેલી.

તમે ધારો તો પશુઓની, પક્ષીઓની, બાંધકામની, પ્રાકૃતિક દૃશ્યોની કે મહાન વિભૂતિઓની અથવા નદીઓ, પર્વતો વગેરેના જેવી વિશિષ્ટ ટિકીટોના જુદાજુદા સંગ્રહ કરી શકો. હિમાલયનું ૨૯૧૪૧ ફૂટ ઊંચું ગૌરીશંકર (ઍવરેસ્ટ) શિખર તો હજુ ટિકીટો પર મુદ્રાંકિત થવાની રાહ જ જોઈ રહ્યું છે. પણ બીજા દેશો એવા કૃતઘ્ની નથી બન્યા. પોતાની ટિકીટ પર પર્વતને પહેલું સ્થાન આપ્યું નિકારાગુઆએ—ઈ. ૧૮૬૨માં. ત્યાર બાદ એવા વેરવિખેર ને વિકૃત (distorted) પ્રયાસો બાદ ઇ. ૧૮૯૪ની ઉત્તર બોર્નિયાની ટિકીટ પર કિનિ-બાલો પર્વતની સ્પષ્ટ છાપ અંકાઇ. ત્યારબાદ ન્યૂઝીલૅન્ડે માઉન્ટ કૂક દ્વારા તેનું અનુકરણ કર્યું પછી હવે તો અનેક દેશોએ એ પ્રકાર અપનાવ્યો છે. જો કે ઘણીખરી વિમાની ટિકીટો પર પર્વતો છાપેલા હોય છે, પણ એ સ્વતંત્ર નહોતાં વિમાનની પશ્ચાદ્ભૂમિની જ ગરજ સારે છે.

પનામાની નહેરની જયંતી ઉજવ્યા પછી યુનાઇટેડ સ્ટેટ્સના ટપાલ ખાતાએ આજથી ત્રણ સદી પરનો એ નવા ખંડમાં છાપખાનાનો પ્રવેશ ૩ સેન્ટની ટિકીટો પર અંકિત કર્યો છે. એની ડીઝાઇનમાં ઇ. ૧૬૩૯માં સ્ટેફન ડેયે નામના એક અંગ્રેજે આણેલું પ્રિન્ટીંગ પ્રેસ અંકિત કરવામાં આવ્યું છે ને ૬ કરોડની સંખ્યામાં તેની ટિકીટો બહાર પાડવામાં આવી છે.

મહાજનોની મુલાકાતે

ઘ. મહાજનોને દુનિયા ઓળખે છે એમની સિદ્ધિઓથી. પણ એ સિદ્ધિ પાછળ રહેલી માનસપ્રક્રિયાની સળંગ શૃંખલા મેળવવા એ ઘણી વખત નિરુપાય નીવડે છે ને તેથી તેના માત્ર યશજીવનનો જ પરિચય તે પામી શકે છે. એ બખ્તરમાં જકડાએલું એમનું આંતઃસત્ત્વ બહાર આણવાનો કોઈ સફળ કીમિયો હોય તો તેમની સાથે સંભાષણનો. એ કીમિયો સફળતાની ટોચે કોઇને હાથે પહોંચ્યો હોય તો 'ગ્લિમ્પ્સિઝ ઑફ ધ ગ્રેઈટ'ના લેખક જ્યૉર્જ સિલ્વેસ્ટર વીરેકના, અને પછી તાજેતરમાં જોન ગંથરના. 'મારાં પહેલાં બે હજાર વર્ષ'માં ભેવતન યહૂદીની આત્મકથાના વિખ્યાત નિરૂપક વીરેકે આજના વિચારજગતનું આધિપત્ય ધરાવનારી એકેક વ્યક્તિની મુલાકાતો લઇ તેનું દોહન ઉપરોક્ત પુસ્તકમાં મૂક્યું છે, એમાંથી જે કેટલીક ચૂંટેલી મુલાકાતો અહીં અપાશે તે વાચકને પોતાની મનોભૂમિકામાં નવાં તત્ત્વો ઉમેરવામાં સહાયક થશે.

— ૧ —

બર્નાર્ડ શૉ

'સિત્તેર વરસ પછી જિંદગી પર નિગાહ નાખતાં મને આટલું માલૂમ પડ્યું છે: ધર્મ વગરનો મનુષ્ય નૈતિક કાયર છે. ધર્મ વગર સંસ્કૃતિનો ઉદ્ધાર નથી. પછી તમે તેને નામ ગમે તે આપો—જીવનબલ, વિશ્વાત્મા, અમર્ત્ય તત્ત્વ (Elan Vital), સર્જક ઉત્ક્રમણ (Creative Evolution), ગમે તે. બાકી ધર્મ વિનાનું જીવન અકસ્માતોની પરંપરા સિવાય કશું જ નથી. ઈશ્વર વગર સોક્ષનના ખ્યાલ હજુ યે હું કરી શકું, પણ ધર્મ વગર તો નહિ જ.'


બર્નાર્ડ શૉ આ બોલી રહ્યો હતો. ઍડેલ્ફી ટેરેસ પરની લાયબ્રેરીમાં એની ને એની પત્ની વચ્ચે હું બેઠો હતો. શૉના પ્રવેશ સાથે જ લાયબ્રેરી જાણે વીજળીક પાવરહાઉસ બની ગઇ. લંડનના અવાજો દૂર દૂર ડૂબતા ગયા. બધું નશ્વર લાગવા માંડ્યું,—એક બર્નાર્ડ શૉના અવાજ સિવાય.

મારી પહેલી મુલાકાત કરતાં શૉના વાળની શ્વેતતા વધી ગઇ હતી. પણ એનો બાંધો હજુ યુવાનનો રહ્યો હતો ને સ્મિત હજુ શિશુનું રહ્યું હતું. ગત મહાયુદ્ધનાં વરસોએ એને ઘણો થકવ્યો, ઘણી નિરાશા આપી. આખા યુદ્ધનો ભાર જાણે એના ખભા પર લદાયો ન હોય? એની આંખોએ એવી વસ્તુઓ જોઇ, જે એના ચિત્તમાંથી કદી ખસી ન શકે. એણે એને નમ્ર બનાવ્યો, સાથે નિર્ભ્રાન્ત પણ બનાવ્યો.

વેધક કટાક્ષથી એ વિશેષ ખ્યાત થયો છે, પણ એ તો માત્ર એનું આવરણ–સંરક્ષક બખ્તર છે જેમાં એનું હૃદય એ ગોપનીય રાખે છે. છતાં એનો વિષાદ છાનો નથી રહેતો.

દેવોના સ્મિત જેવી શૉમાં રહેલી તેજરેખા વિલાવી અસંભવિત છે. મને એનું 'Back to Methuselah' સાંભર્યું ને જીવનસાતત્ય સંબંધે એનો અભિપ્રાય મેળવવા સવાલ કર્યો: 'વૃદ્ધત્વને હાંકી કાઢવાના સ્ટાઇનાક ને વૉરોનૉફના અખતરામાં તમે કેવોક રસ લો છો?'

'માનવ જીવન જરૂર પડશે ત્યારે જાતે દીર્ઘત્વ મેળવી લેશે. મારા માટે તો 'અમર બર્નાર્ડ શૉ'ના ખ્યાલથી વિશેષ ભયંકર કશું નથી. એકની એક ટોપીમાં માથું ઘાલવા જેવું એ છે.'



'પણ ત્રીસ ચાળીસ વર્ષમાં તમારું જીવનકાર્ય તમે પતાવી દઇ શકો એમ લાગે છે?'

'જીવન સદા પરિવર્તમાન છે. એ કદી પૂર્ણ નથી. છતાં મારું કામ મેં પૂર્ણ કર્યું છે.'

'તમારાં નાટકો આપીને?'

'ના, પ્રસ્તાવનાઓ આપીને.'

'ખરેખર, માણસજાતમાં સફળ વિચારક્રાન્તિ આણવામાં—'

'માણસને ડંખીને વિચાર કરતા કરી નાખનાર બગાઇ જેવો હું નથી, એટલું યાદ રાખજો. મારું કાર્ય રચનાત્મક છે. નવી ઇમારતની એકાદ બે ઇંટ મેં મૂકી છે.'

'તમારી કઇ ચોપડી 'શૉ-મંત્ર (Shaw Doctrine)'ને વિશદતાપૂર્વક બહાર આણે છે?'

'Androcles and the Lion—એની પ્રસ્તાવના હોં, નાટક નહિ. એ મારો ખ્રિસ્તી ધર્મ પરનો કરાર (testament) છે. પણ એ દિશામાં મારો સર્વશ્રેષ્ઠ પ્રયાસ તો Back to Methuselahમાં સર્જક ઉત્ક્રમણના ધર્મ પર મેં લખેલી પ્રસ્તાવના છે. મારી બધી જ પ્રસ્તાવના મહત્ત્વની છે, ખાસ કરીને Major Barbaraની. એ મારો ગરીબી પરનો કરાર છે, જ્યારે 'Getting Married'ની પ્રસ્તાવના લગ્ન પરનો; Caesar and Cleopatraની પ્રસ્તાવના પ્રતિભા પરનો, ને Heartbreak House યુદ્ધ પરનો કરાર છે. અને મારો સામાજિક સંદેશ મેં The Intelligent Woman's Guide to Socialism and Capitalismમાં આપ્યો છે.

'સંત જોન'માં તમે એને મોંએ જે નિવેદનો કરાવ્યાં છે એ એણે કરેલાં?'

'હા, એમાંનાં ઘણાંખરાં; અને બાકીનાં વખત મળત તો એ કરત.'

'તમારા વનસ્પતિ આહાર જેમ—'

શૉનો મિજાજ એ વાક્ય શરૂ કરતાં જ છટક્યો: 'હું ચોકખું કહું છું કે તમારા કરતાં વધુ વનસ્પતિ હું નથી ખાતો, ને વધુ લાંબું જીવવા મને ઇચ્છા પણ નથી.'

'મૃત્યુ એ તો સર્વસામાન્ય ભાગ્ય છે.' મેં મોંએ આવ્યો જવાબ આપ્યો.

'એથી ઊલટું, એ એક પ્રાપ્ત ટેવ છે. આપણે મરીએ છીએ, કારણ કે આપણે જાણીએ છે કે દુનિયામાં આપણે જગ્યા કરવી જોઈએ. ઉત્ક્રાન્તિ એ બહુ રહસ્યમયી પ્રક્રિયા છે. ડાર્વિનવાદના યાંત્રિક સિદ્ધાંતે ધર્મનો નાશ કર્યો, પણ એનું સ્થાન પૂરવા વળતરમાં કંઇ ન આપ્યું. નૈતિક અને રાજકીય તકવાદને એણે વિજ્ઞાનનું સ્વરૂપ આપ્યું ને ગઇ કાલના યુરોપને મહાયુદ્ધમાં હડસેલ્યું. એ માટે કોઈ ખાસ દોષપાત્ર નથી. યુરોપની એ આપત્તિનું કારણ એની ધર્મશૂન્યતા છે.'


'તો તમે ડાર્વિનને અસ્વીકાર્ય ગણો છો?'

'બિલકુલ નહિ. 'નૅચરલ સીલેક્શને' જીવનને આ ગ્રહને બંધબેસતું બનાવવા ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો હશે. પણ આ ગ્રહને વિશાળ જ્ઞાન ને વિશાળ સત્તાની આપણી સતત આકાંક્ષાને બંધબેસતો બનાવનાર તો સર્જક ઉત્ક્રમણ છે. એ દિવ્ય જિજ્ઞાસા વગર ન્યૂટનની ગુરુત્વાકર્ષણની શોધ શક્ય ન બની હોત. અને આઇન્સ્ટાઇન રૉકફેલરથી ઓછો પૈસાનો ગુલામ ન બન્યો હોત. પણ એ બધા ઉપદેશ મારી પાસેથી લેવાની જરૂર નથી.'

અંધારું થઇ ગયું હતું. બહાર શહેરના દીવા ચમકતા હતા. અંધારાને આવકારતા જતા અમારા ખંડમાં ધર્મપ્રાણ બર્નાર્ડ શૉનાં નેત્ર ચમકી રહ્યાં હતાં.

બર્નાર્ડ શૉનો એકરાર

લંડનથી નીકળતા 'જુનિયર ટીચર્સ વર્લ્ડ' નામક સાપ્તાહિકે 'શિક્ષિત મનુષ્ય કોને કહેવો?' એ ઉપર ત્યાંની જાણીતી વ્યક્તિઓના અભિપ્રાયો માગેલા. બધી વ્યક્તિઓએ પોતપોતાની માન્યતા મુજબનો નિર્ણય આપ્યો, જ્યારે બર્નાર્ડ શૉએ નીચે મુજબ ટૂંક ને ટચ લખી દીધું:



'દિલગીર છું, મને તો એવો કોઈ મળ્યો નથી.'

—ભીમભાઈ વક્કાણાકર

બર્નાર્ડ શૉનાં પુસ્તકોના પ્રકાશકે ગણતરી કરીને શૉના એક પુસ્તકના પહેલા પાન પર નોંધ કરી છે કે: "જાહેર ખબર કરતાં મિત્રોની ભલામણથી લોકો પુસ્તકો વધારે વાંચે છે." 'કુમાર'રાગીઓ આ વાત લક્ષમાં રાખશે?—અમ.



આ નકશામાં દર્શાવેલાં ઉત્તર ગુજરાતનાં સ્થળો ઘૂમીને પ્રાચીન ઇતિહાસકેન્દ્રોના અવશેષો ખોળતાં

ભૂતકાળની શોધમાં

પગપાળા કરેલા પ્રવાસની લેખમાળા

ધર્મારણ્ય

સારસ્વતમંડલના પ્રાચીન પ્રદેશ હાલ પાટણવાડા કહેવાય છે. તેની દક્ષિણે વઢીઆર પરગણું હતું. હાલ પણ તેનું એ જ નામ છે. પૂર્વે એ પ્રદેશ ધર્મારણ્ય કહેવાતો. પુરાણો અને મહાભારતમાં એનું નામ છે. આ આખા પ્રદેશ પર એક વેળા મોઢેરાના રાજ્યનો ધ્વજ ફરકતો. એ પ્રદેશમાં મોટું જંગલ હતું અને હાલ પણ ક્યાંક ક્યાંક એ જંગલના અવશેષો રહી જવા પામ્યા છે. આ ધર્મારણ્યની વચ્ચોવચ રૂપેણ નદી વહેતી હતી. હાલ પણ પાટણવાડા કરતાં વઢીઆરની જમીન ઘણી ફળદ્રુપ છે. ધર્મારણ્યની કેટલીક નદીઓ હાલ સુકાઇ ગઇ છે. લગભગ બેચરાજી અને મોઢેરાની નજીકથી માંડી હાલ સરસ્વતી જે જગ્યાએ કચ્છના રણને મળે છે ત્યાંસુધીના વિસ્તારમાં પૂર્વકાળમાં કોઇ બહુ મોટી નદી હતી. વાઘેલથી લોટેશ્વર અને વાનાહીથી સમી જતાં તેનો એથી ચાર માઇલ જેટલો પહોળો પટ મેં ઓળંગેલો છે. હાલ એ ખાર કહેવાય છે. હજી યે વરસાદમાં તેમાં પાણી ભરાઇ રહે છે. બરોડા ગેઝેટીઅરના લેખકનો અભિપ્રાય છે કે પુરાકાળમાં કચ્છના રણનો સમુદ્ર બેચરાજી સુધી લંબાએલો હોવો જોઇએ ને આ ખાર તેના જ અવશેષ રૂપે છે.

મોઢેરા અને દેલમાળનો ઇતિહાસ

સ્કંદપુરાણમાં એક મોઢપુરાણ છે ને તેમાંથી મોઢેરાના ઇતિહાસ માટે ઘણો પ્રકાશ મળે તેમ છે. એમાં ધર્મારણ્ય, મોઢેરા અને જેઠીમલ્લો વિષે જે કંઇ લખ્યું છે તેની ટૂંકી નોંધ આ નીચે આપું છું. વસ્તુની ઐતિહાસિકતાના પ્રશ્નમાં ઉતરવાનું આ સ્થાન નથી.

હાલ જ્યાં ધર્મારણ્ય છે ત્યાં પૂર્વે સતયુગમાં વૈવસ્વત મનુ. કે જેનું બીજું નામ ધર્મ પણ હતું. તેણે આ વનમાં તપ કર્યું હતું જેથી એ અરણ્ય ધર્મારણ્ય કહેવાયું. ધર્મે એમાં ધર્મેશ્વર મહાદેવને સ્થાપ્યા. એ જ વનમાં સૂર્યની સ્ત્રી સંજ્ઞાએ તપ કરતાં સૂર્યે તેણીને દર્શન આપ્યાં અને ત્યાં બે સૂર્યકુંડો થયા. એ પછી ભગવાન વિષ્ણુએ ત્યાં તપ કર્યું અને એ સ્થળે એક સરોવર થયું જે દેવ સરોવર કહેવાયું. દેલમાળનું સરોવર તે એ જ દેવસરોવર છે એમ લોકોએ મને કહ્યું. બલિરાજાના ૧૦૦મા પુત્ર લોહાસુરે પણ એ વનમાં તપ કર્યું અને તેનો વિષ્ણુએ વધ કર્યો. આ સ્થળ હાલ લોહેશ્વર (લોટેશ્વર) તરીકે જાણીતું છે. વાઘેલ અને શંખેશ્વરની વચ્ચે તે આવેલું છે. પછી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રિદેવોએ ૩૬૦૦૦ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યાં અને તેઓ જ્યાં વસ્યા એ સ્થળ મોહેરકપુર (હાલનું મોઢેરા) કહેવાયું. એ

બધાને માટે અનેક કુળદેવીઓ ઉત્પન્ન કરવામાં આવી. તેમાં દેલમાળની લીંબજા માતાનું પણ નામ છે. પછી ત્રિદેવોએ ૩૬૦૦૦ વૈશ્યો ઉત્પન્ન કર્યા. કાળાંતરે એ લોકો ત્યાંથી બીજે ચાલ્યા ગયા.

ત્રેતાયુગમાં રામે રાવણનો વધ કર્યો અને પ્રાયશ્ચિત્ત માટે તેઓ સીતા સહિત મોહેરોકપુર આવ્યા. ત્યાંના કુંડમાં સ્નાન કરી દેલમાળના સરોવરમાં તેમણે સ્નાન કર્યું. ધર્મારણ્યની દેવી ભટ્ટારિકાએ શ્રીરામને આ પ્રદેશને ફરી વસાવવા અરજ કરી. રામે હનુમાન મારફતે આ બ્રાહ્મણ અને વણિકોને ફરી બોલાવી પાછા વસાવ્યા અને એ વિષેનું તેમને એક તામ્રપત્ર કરી આપ્યું. રામે સીતાના નામ પરથી સીતાપુર નામે એક ગામ વસાવ્યું જે હજી પણ બેચરાજીની પાસે છે. દ્વાપરયુગમાં યુધિષ્ઠિર રાજા મોહેરોકપુર આવ્યા હતા. કળિયુગમાં કાન્યકુબ્જ દેશના 'આમ' રાજાના રાજ્યમાં મોહેરોકપુર આવ્યું. આમે રણગંગા નામે પોતાની કન્યાને દાયજામાં એ ગામ આપ્યું. આ કન્યા જૈન ધર્મ પાળતી હતી. એણે મોહેરોકપુર આવી તેની બધી સત્તા પોતાના હાથમાં લઇ લીધી. આથી બધા મોઢ બ્રાહ્મણો અને વણિકો આમ રાજા પાસે કાન્યકુબ્જ દેશ ગયા. રામે તેમને મોહેરોકપુર આપ્યું હતું તેની હનુમાને સાક્ષી આપી. આ ચમત્કાર જોઇ આમરાજાએ વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યો અને મોઢેરા ફરી તેમને આપ્યું.

આ મોઢ બ્રાહ્મણોમાંથી જેઠીમલ્લ કેવી રીતે થયા તેને લગતી જે કથા મેં અહીં સાંભળી તે આ પ્રમાણે છે:

દેલમાળનાં જૂનાં નામ કનકબંગાર, મોરબંગાર અને દીન્જેરી છે. જેઠીમલ્લ મૂળ જ્યેષ્ટી મોઢ બ્રાહ્મણો હતા અને અહીં અગ્નિહોત્રીનો ધંધો કરતા. પ્રાચીન કાળમાં અહીંના વડતળાવમાં સ્નાન કરવા ઘણા યાત્રાળુઓ આવતા અને તેમના ઉપર જ્યેષ્ટી મોઢોની રોજીનો આધાર હતો. વળી ગામમાં દરેકને જમીનો પણ હતી. ત્રેતાયુગમાં રામ રાવણને મારી બ્રહ્મહત્યાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા અહીં આવેલા. દક્ષિણામાં રામે જ્યેષ્ટીઓને એક મણિ આપ્યો જે દરરોજ સવા વાલ સોનું આપતો. જ્ઞાતિના દરેક જણ પાસે તે એકેક દિવસ રહે એવો ઠરાવ થયો. આમ વારાફરતી દરેક જણ તેને એક દિવસ રાખે ને સવા વાલ સોનું મેળવે એટલે કોઇ પણ જાતનો ધંધો કર્યા વગર બધા જ્યેષ્ટીઓનું ગુજરાન ચાલ્યા કર્યું. થોડાક દિવસમાં બધામાં લોભવૃત્તિ આવી અને એક કરતાં વધુ દિવસ પેલા મણિને રાખવા તેઓ લલચાયા. આથી મોટી તકરાર ઊભી થઇ. અંતે એ ઠરાવ થયો કે જ્ઞાતિમાં જેટલા જણ છે તેટલા આ મણિના કકડા કરી દરેક જણે એક એક કકડો લઇ લેવો. પણ મણિના કકડા થવાથી તેની સોનું આપવાની શક્તિ જતી રહી. આથી બધા નાસીપાસ થઇ રામની પાસે ગયા. રામે કહ્યું કે આવતા જન્મમાં હું કૃષ્ણ થવાનો છું તે વેળા તમને એ મણિ પાછો આપીશ. ત્યાં સુધી તમે તમારો અસલ ધંધો કરી ગુજરાન ચલાવો.

દ્વાપરયુગમાં રામ કૃષ્ણ તરીકે જન્મ્યા. એમના ભાઇ બળદેવ મલ્લવિદ્યામાં પારંગત હતા. પોતાની શક્તિ પર તેમને ઘણું અભિમાન હતું. શ્રીકૃષ્ણ મથુરા છોડી યાદવો સહ જ્યારે દ્વારકા જતા હતા ત્યારે રસ્તામાં દેલમાળમાં મુકામ કર્યો. રામાવતારના રૂપમાં પોતે જે વચન જ્યેષ્ટી મોઢોને આપેલું તે અહીં આવતાં યાદ આવ્યું. બળદેવનું અભિમાન તોડાવવાનો તેમને વિચાર થયો. શ્રીકૃષ્ણે પોતાનું બળ જ્યેષ્ટીઓને આપી બળદેવને મલ્લવિદ્યામાં પરાજય આપવા તેમને પડકાર્યા. સોમેશ્વર નામના જ્યેષ્ટીએ બળદેવને પછાડ્યા ને ત્યારથી જ્યેષ્ટી મોઢ બ્રાહ્મણો અગ્નિહોત્રી મટીને મલ્લ થયા અને પાછળથી જેઠીમલ્લ કહેવાયા.

(ચાલુ)

અ. વ. પંડ્યા

કદી નહિ

તમારી આસપાસના બધા થાકે તો યે તમે કદી ન થાકજો.
ગમે તેટલું મન થાય તો યે કોઇની કૃપાનું ઋણ કદી ન ચડાવજો.
દેખીતા નજીવા લાભની ખાતર તમારું ધ્યેય કદી વિસારે ન પાડજો.
તમારી કીમત જગતને સમજાવવા કદી બીજાની કીમત ન ઘટાડજો.
ગુમાન કે સામાજિક હરકતોને વશ થઇ મૈત્રીની મીઠી સાંકળ કદી ન તોડજો.
ખડા રહેવું આવશ્યક હોય ત્યારે કદી પાછી પાની ન કરજો.
તમારી પ્રાપ્ત સિદ્ધિઓ પર મનસા કે વાચા કદી અભિમાન ન કરજો.
કોઇના હોઠ પરનું સુખી સ્મિત ફૂટ્યા પહેલાં કદી ન કરમાવજો.
અને,—તમારા ધ્યેયને પતિત કરી સુખી થવાનો મનોરથ કાંઈ કાળે ન ધરજો.


સંસારનાં શહેરો—૯ બાર્સિલોના

પશ્ચાદ્ ભૂમિમાં પીરીનીઝનાં હિમછાયાં શિખરો અને સંમુખે ભૂમધ્ય સાગરનાં હિલોળતાં પાણી વચ્ચે પથરાએલા લીલાછમ મેદાન પર આવેલું આ શહેર સ્પેનનું મુખ્ય બંદર છે અને વસતિ તથા પ્રગતિમાં માત્ર પાટનગર માડ્રિડથી જ ઊતરતું છે.

બાર્સિલોનાનાં લાખો વતનીઓ લોહીએ ને ભાષાએ સ્પૅનિયર્ડોથી જુદા છે. આજનું સ્પેન પહેલાંના વખતમાં પર્વતોની હારો વડે એકબીજાથી જુદા પડતા ચાર ભાગોનું બનેલું છે. ચારેને પોતપોતાની ભાષા, પોતપોતાનો પહેરવેશ ને રીતરસમ છે. એમાંનો એક ભાગ કૅટેલોનિયા ને એનું મુખ્ય શહેર આ બાર્સિલોના. કૅટેલન ઇતિહાસકારોના કહેવા પ્રમાણે હાનિબાલના પિતા હામિલકારે તે વસાવેલું. કૅટેલોનિયન લોકો મૂળથી જ આઝાદ સ્વભાવના હોઇ, સ્પેનિશ સરકાર હમેશ તેમનાથી ડરતી રહી છે.

સાગરખેડુ ફીનિશિયન કે આયોનિયન લોકોના સઢ ભૂમધ્યમાં પહેલા ફરક્યા ત્યારથીયે પુરાણું, કૅટેલોનિયાનું અસ્તિત્વ છે એ ત્યાંનું દાનવી (Cyclopean) સ્થાપત્ય સાબિત કરે છે. એના વતનીઓએ કાર્થેજીનિયનો સાથે મળી રોમનોને હંફાવ્યા હતા. પછી તો ફીનિશિયન, ગ્રીક, કાર્થેજીનિયન, રોમન, વંડાલ, વિઝિગૉથ અને પછી બર્બર, આરબ, સીરિયન વગેરે મુસ્લિમ આક્રમણોનું તે ભોગ થતું રહ્યું. પરંતુ મધ્ય કાળમાં કૅટેલન યોદ્ધાઓએ મુસ્લિમો પાસેથી સત્તા છીનવી સાર્ડીનિયા, સિસિલી ને નેપલ્સ જેવી ઠેઠ આથેન્સ સુધી આણ વર્તાવી. એમની સમુદ્રસત્તાનો એ મધ્યાહ્ન હતો ને એ સત્તાનો પરિપાક પામેલું બાર્સિલોના ત્યારે વેનીસ, જીનોઆ, પીસા તમામને આંટી જતું. મિસરથી માંડી ઉત્તર સમુદ્ર સુધીનો વેપાર તે એકહથ્થુ ખેડતું. ૧૫મી સદીમાં કાસ્તીલની ઈસાબેલાએ આરાગૉનના ફર્ડિનાન્ડ જોડે લગ્ન કર્યાં ત્યારથી કૅટેલોનિયાનો આ દ્વીપકલ્પ સંયુક્ત સ્પેનમાં સમાઇ ગયો.

બાર્સિલોના સ્પેનનું પ્રથમ કક્ષાનું ઔદ્યોગિક મથક હોવા છતાં ધુમાડાનું ત્યાં નામનિશાન નથી. પીરીનીઝ પર ઊભું કરેલું હાઇડ્રોઇલેક્ટ્રિક સ્ટેશન બધાં કારખાનાંને વીજળિક બળ પૂરૂં પાડે છે. વિદ્યા અને વાઙ્મયમાં પણ સ્પેનમાં તે અગ્રસ્થાન ધરાવે છે. પંદરમી સદીમાં સ્થપાએલી એની યુનિવર્સિટીએ શરૂઆતથી જ સ્ત્રી પુરુષનો સમાન દરજ્જો સ્વીકારેલો છે. એનું બારૂં દુનિયાભરનાં જહાજોને આવકારે છે ને એ પ્રજાના સાગરખમીરની સાક્ષી તો તેના 'ગેઈટ ઑવ પીસ' નજીક ઊભું કરેલું કોલંબસનું જબરૂં પૂતળું આપી જ રહે છે. ગયા મહાયુદ્ધમાં ફ્રેન્ચો તરફથી લડેલો માર્શલ જૉફ્રે કૅટેલન હતો.



ભૂમધ્ય સમુદ્રની કંઠાર પર ત્રીજા નંબરનું બંદર આર્સિલોના સ્પેનનું પ્રમુખ વ્યાપારકેન્દ્ર છે. છતાં મોટા ભાગનાં એવા કેન્દ્રસ્થાનોમાં જોવામાં આવતી ગંદકી કે કચરાથી તે બિલકુલ મુક્ત છે. એના ઉદ્યોગી રસ્તાઓ પણ વૃક્ષોની લાંબી હારો ને ફૂલઝાડોથી સુશોભિત છે.

જીવી જાણનારા

'જન-પશુ-જગના [૩] કલ્યાણયજ્ઞ પર' જાત હોમી જનારા મરજીવાઓની પરિચયમાળા

આજિસ રાજા

'ઓલા જુવાનનો ચાંડિયો [ઝભ્ભો] તો સાવ સાદો છે, પણ એની ચાલ જુઓ તો જાણે કોઇ અસાધારણ પુરુષ ન હોય એવી છે. કોણ છે એ?'

'એ રાજા છે.'

'આવાં સાદાં લુગડાં એ કેમ પહેરે છે? બીજા રાજાના જેવા પચરંગી વાઘા ને સોનાના અલંકાર એ કેમ નથી પહેરતો?'

'આપણા બાપદાદા રહેતા એવી સરળ રીતે આપણે રહિએ એમ એ ઇચ્છે છે.'

સ્પાર્તાના બે નાગરિક વચ્ચે આમ સંવાદ થયો. આજિસ રાજાની સાચે જ એવી ભાવના હતી. સ્પાર્તન લોકો પ્રથમ તો જાડાંમોટાં વસ્ત્ર પહેરતા, કઠણ પથારીએ સૂતા, જાડુંમોટું અન્ન ખાતા, અને ઘણોખરો સમય કસરત અથવા લડાઈમાં ગાળતા. પણ હવે એ પુરાતન પદ્ધતિ લગભગ ઘસાઈ ગઈ હતી. થોડાક લોકો બહુ ધનાઢ્ય બન્યા હતા, ને ઘણીખરી જમીનના ધણી થઈ બેઠા હતા; અને પ્રજાનો મોટો ભાગ ગરીબ, લઘરવઘરિયો, પેટપૂરણ ખાવા નહિ પામતો તથા દેણામાં બુડેલો એવો થઈ ગયો હતો. જુવાન રાજાએ સ્પાર્તાનું દુઃખ દીઠું તો એને પોતાના દેશનો પ્રાચીન મહિમા સાંભર્યો, અને સુધારો કરવાનું એને મન થયું.

એક દિવસ એ એની મા તથા નાનીની હારે વાતો કરતો બેઠો હતો. એણે કહ્યું, 'તમે બેય ધનવાન્ છો, અને જો તમે મારું કહ્યું કરો તો બીજા ધનવાનને સારો દાખલો બેસાડો, અને એ પણ તમારું અનુકરણ કરે.'

'તે તમે શું કરવાનું કહો છો?'

'તમારા ગરાસનો મોટો ભાગ તમે છોડી દિયો એમ હું માગું છું; અને હું પણ એમ જ કરીશ. અને ઘણા ધનિક પણ એમ જ કરે તો મારી એક યોજનાને સારુ આવશ્યક ભોંય મળી જાય. એ ભોંયના હું નાના નાના ભાગ કરું; જેથી એકેએક સ્પાર્તન જમીનનો માલિક થાય, અને એ જમીન ઉપર પોતા તથા પોતાના કુટુંબ સારુ અનાજ ને ફળ પકવે. એમ થાય તો નવરા પડેલા માણસોને કામ મળે, અને આળસુ થઈ ગયા છે તે લોકો ઉદ્યોગી બને.'

આજિસની વાત માદિકરીને ગળે ઉતરી, એટલે એણે સ્પાર્તન સ્ત્રીઓની સભા ભરી અને કહ્યું:

'અમે જનસમાજના હિતાર્થે અમારું ઘણું ધન દઈ દેવાનાં છીએ. તમે પણ તમારા વરને કહો કે અમે કરીએ એમ કરે, એટલે આપણા પ્રાચીન રાષ્ટ્રમાં શાન્તિ તથા સંતોષની પાછી આણ વર્તે.'

રાજાની યોજનાના સમાચાર જાણીને ગરીબ બહુ આનન્દ પામ્યા, પણ સાહુકાર તપી ગયા; એને થયું કે હવે આપણું ધન, જમીન, સુખ ખોઈ બેસશું. સ્પાર્તન લોકોમાં એક નહિ પણ બે રાજા ચૂંટવાની રીત હતી. આજિસ નાનો રાજા હતો; મોટો રાજા લીઓનીડાસ હતો. તેણે સાહુકારનો પક્ષ લીધો, એટલે દેશમાં બે પક્ષ પડી ગયા. થોડાક સમય આજિસનો પક્ષ બળવાન્ થઈ પડ્યો તેથી લીઓનીડાસ ભાગી ગયો.

એક દિવસે સ્પાર્તનોનું મોટું ટોળું દસ્તાવેજની હોળી જોવા ચોકમાં ભેળું થયું હતું. એક માણસના કોઇ આગળ પૈસા લેણા હોય, અને લેણિયાતે હું પૈસા પાછા આપીશ એવા લખાણ ઉપર દેણદારની સહી કરાવી લીધી હોય તો તે લખાણ દસ્તાવેજ કહેવાય; અને લેણિયાત દસ્તાવેજનો નાશ કરે તો દેણદારને દેણું વાળવું ન પડે. રાજાએ હુકમ કર્યો કે જેના જેના આગળ આવા દસ્તાવેજ હોય તે તે લોકો દસ્તાવેજ આણે અને હુતાસણીમાં એનો હોમ કરે. આમ કંઇક દસ્તાવેજ ભસ્મસાત્ થઈ ગયા, તેથી લોકો આનંદથી ગર્જી ઊઠયા, પણ વ્યાજખાઉ ઉદાસ થયા અને એને રાજા ઉપર દાઝ ચઢી. રાજા આજિસે પોતાનાં ખેતરગોચર તેમજ પુષ્કળ ધન આપી દીધું હતું. એની મા તથા નાની અને કેટલાક મિત્રોએ પણ પોતાની મિલ્કતો

ત્યાગ કર્યો હતો. પણ ઘણાખરા સાહુકાર હજી વાટ જોતા હતા; એને પોતાની મિલ્કત છોડવાની ઇચ્છા નહોતી.

એકવાર એવું બન્યું કે ગ્રીસના બીજા ભાગમાં લડાઇ ચાલતી હતી તેમાં એક પક્ષની વારે આજિસ રાજા સ્પાર્તન લશ્કર લઈ ને ચડ્યો, પણ એ સ્પાર્તા પાછો નહોતો આવ્યો, ત્યાં ધનવાન લોકોએ બળવો કર્યો તથા લીઓનીડાસને પાછો સિંહાસને બેસાડ્યો. આજિસ સ્પાર્તા આવ્યો, અને તીર્થસ્થાનમાં માણસનો વધ કરાય નહિ એવો ગ્રીસમાં નિયમ હતો એટલે એક મંદિરમાં ભરાઈ ગયો.

મંદિર બહાર આવો ને રાજ ચલાવવામાં મદદ કરો એવા સંદેશા લીઓનીડાસ આજિસને મોકલતો. એના ઉપર આજિસનો વિશ્વાસ નહોતો બેસતો. પણ મંદિરથી થોડે દૂર સ્નાનઘર છે ત્યાં સુખેથી જાઓઆવો એમ લીઓનીડાસે કહેવરાવ્યું તે આજિસે માન્યું. કેટલી યે વાર એ સ્નાનઘરે ગયો ને હેમખેમ મંદિરે પાછો આવ્યો, એટલે એને થયું કે આમાં કાંઇ જોખમ નથી. પણ એક દિવસ સંધ્યાકાળે એ સ્નાનઘરથી મંદિરે આવતો હતો ત્યાં તેના ત્રણ વિશ્વાસઘાતી મિત્ર એને મળ્યા, અને એની હારે વાતે વળગ્યા, ત્યાં કેદખાનાની ગલ્લીનો ખૂણો આવ્યો. એ ઠેકાણે એક મિત્રે એકદમ રાજાના માથા ઉપર બાંડિયો નાખ્યો, ને બીજા બેએ એના હાથ ઝાલ્યા. બીજા લોકો પણ ત્યાં આવી ચડ્યા, અને આજિસને જેહેલમાં ઢરડી ગયા. એનાં લોખંડી દ્વાર ઉઘડ્યાં અને પાછાં તરત ભીડાઈ ગયાં

પાંચ ન્યાયાધીશ જેહેલના એક ખંડમાં બેઠા, અને રાજ્યબંધવા ઉપર દીવાને અજવાળે કામ ચલાવ્યું. ન્યાયાધીશે છેવટે પૂછ્યું: 'તમે સ્પાર્તામાં જે કામો કર્યાં છે એનો તમને પસ્તાવો થાય છે?'

'ના, રે, ના,' શૂરા રાજાએ જવાબ આપ્યો. 'હું મરું ભલે, પણ એવા શુભ કામનો મને પશ્ચાત્તાપ ન જ થાય.'

ન્યાયાધીશોએ આજિસને દેહાન્તદંડ કર્યો, એટલે અમલદાર એને એક નાનકડી કોટડીમાં લઈ ગયા અને ત્યાં એને મૂંગો દઇને મારી નાંખ્યો. મરતા પહેલાં એણે જોયું તો એક અમલદાર રોતો હતો.

'મારા ભાઇબંધ,' રાજા બોલ્યો, 'મારે સારુ શું રુઓ છો? મેં ક્યાં કોઇનું બગાડ્યું છે? મારા પ્રત્યે અન્યાય કરનાર એ લોકો કરતાં હું સુખી છું.'

રાજાની મા તથા નાનીને આવવા સારુ જેહલનો દરવાજો ઉઘડ્યો. બેયનાં મનમાં એમ કે આપણે ઝટ જઈને આપણા પ્રિયજનનો જીવ બચાવિએ. પ્રથમ તો વૃદ્ધ માતામહીને કોટડીમાં લઈ ગયા, અને પછી માને. પણ મા જઈને જુએ છે તો પોતાના દીકરાનું તથા વૃદ્ધ માનું એમ બેયનાં શબ પડ્યાં છે. નીચી નમીને એણે આજિસને ચુંબન કર્યું, અને કહ્યું 'દિકરા, આ દેશમાં તે તારા જેવા પ્રમાણિક ને ઉદાર રાજા હોય કે?'

'તમારા દિકરાનું પરાક્રમ તમને ગમતું હોય તો તમે પણ એને મળેલા માનમાં ભાગ પડાવશો,' દગા-બાજ મિત્રોમાંના એકે કહ્યું.

રાણી નીસાસો નાખીને બોલી, 'જે થાય તેમાંથી સ્પાર્તાનું કલ્યાણ થાઓ.'

આ વાક્ય એને મુખેથી નિકળ્યું ન નિકળ્યું, ત્યાં શત્રુઓએ પણ એનો વધ કર્યો, અને ત્રણે શબ દરવાજા આગળ ટોળે મળેલા લોકોના દેખતાં જેહલથી બહાર લઈ ગયા. લોકો ત્રાસીને ઘેર ગયા.

આજિસ રાજાના મૃત્યુમહોત્સવને આજ ૧૯૮૬ વર્ષ થઈ ગયાં, પણ એના જેવા વીરપુરુષો ને એની મા અને નાની જેવી વીરાંગનાઓ મરે છે એમ કોઇ ન માને; એવા ભવ્ય જીવો તો કાળનો પરાભવ કરે છે, અને એનાં સુચરિતનાં સ્મરણો પ્રેમપંથને સદા સર્વદા પ્રકાશિત કરે છેઃ

Say not they die; those martyr souls
Whose life is winged with purpose fine;
Who leave us, pointing to the goals,
Who learn to conquer and resign.

Such cannot die; they vanquish time,
And fill the world with growing light,
Making the human life sublime
With memories of their sacred might.

—*Malcolm Quin*

(પ્લુટાર્કના ગોલ્ડે કરેલા રૂપાન્તર ઉપરથી). હૈ. વા.

મણિ

(સ્રગ્ધરા)

લોઢા શી વજ્રધાતુ જડ ધમણ તણા પીગળે છે નિઃસાસે;
પાણા યે પીગળે છે; પણ જન-મણિઓ કોક એવા જડે છે
જેને પીગાળવામાં જીવતી ધમણ કૈં વ્યર્થ થાકી ગઈ રે!

નેહાલાલ ત્રિવેદી



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · નવમું

ઐતિહાસિક ઇતિહાસ (ચાલુ)

આવી સ્થિતિમાં પહેલી ટુકડીની કૂચ શરૂ થઈ. પહેલી જ રાતે વગડામાં ઘાસ પર સૂવાનો અનુભવ થયો. રસ્તામાં લગભગ એકસો પચાસ માણસોને સારુ વારંટો મળ્યાં. તેઓ ખુશીથી પકડાયા. પકડવાને સારુ એક જ પોલીસ અમલદાર આવ્યો હતો. તેની સાથે બીજી કંઇ મદદ ન હતી. પકડાયા તેમને કેમ લઈ જવા એ સવાલ થઈ પડ્યો. અમે ચાર્લ્સટાઉનથી માત્ર છ માઈલ દૂર હતા, એટલે મેં અમલદારને કહ્યું કે પકડાએલા માણસો ભલે મારી સાથે કૂચ કરે ને તેઓનો કબજો તે ચાર્લ્સટાઉનમાં લે: અથવા તેના ઉપરીને પૂછીને જેમ તેને હુકમ મળે તે પ્રમાણે કરે. અમલદારે આ સૂચના કબૂલ રાખી ને તે ચાલ્યો ગયો. અમે ચાર્લ્સટાઉન પહોંચ્યા. ચાર્લ્સટાઉન બહુ નાનું ગામડું છે. તેમાં વસતિ ભાગ્યે જ એક હજાર માણસની હશે. તેમાં એક જ સરિયામ રસ્તો છે. હિંદી વસતિ જૂજ છે. એટલે અમારો સંઘ જોઇને ગોરાઓ આશ્ચર્ય પામ્યા. ચાર્લ્સટાઉનમાં આટલા હિંદી કોઈ વેળા દાખલ થયા ન હતા. પકડાએલાને ન્યૂકૅસલ લઈ જવાને સારુ રેલગાડી તૈયાર ન હતી. તેમને પોલીસ ક્યાં રાખે! ચાર્લ્સટાઉનના થાણામાં એટલા કેદીને રાખવાની જગ્યા ન હતી. તેથી પોલીસે પકડાએલાઓને મને સોંપ્યા ને તેઓના ખોરાકનું બિલ ચૂકવી આપવા કબૂલ કર્યું. આ કંઈ સત્યાગ્રહને થોડું માન ન કહેવાય. સાધારણરીતે અમારી પાસેથી પકડાએલા કેદીને અમને સોંપાય જ કેમ! તેમાંના કોઈ ચાલ્યા જાય તો કંઈ જવાબદારી અમારી ન હતી. પણ સત્યાગ્રહીનું કામ તો પકડાવાનું જ હોય એમ બધા સમજતા થયા હતા. તેથી વિશ્વાસ બેસી ગએલો. આમ ચાર દિવસ સુધી પકડાએલા જણ અમારી સાથે રહેલા. તેઓને લઇ જવાને પોલીસ તૈયાર થઇ ત્યારે તેઓ ખુશીથી તાબે થયા.

ટુકડીઓની ભરતી થતી ચાલી. કોઈ રોજ ૪૦૦ તો કોઇ રોજ તેથી પણ વધારે. ઘણાઓ પગે ચાલતા તથા બૈરાંઓ મુખ્યત્વે કરીને ગાડીથી આવવા લાગ્યાં. ચાર્લ્સટાઉનના હિંદી વેપારીઓનાં મકાનોમાં જ્યાં જગ્યા હતી ત્યાં સમાસ કર્યો. ત્યાંની કૉર્પોરેશને પણ મકાન આપ્યાં. ગોરાઓ બિલકુલ કનડગત નહોતા કરતા, એટલું જ નહિ પણ મદદ કરતા હતા. ત્યાંના ડાકટર બ્રિસ્કોએ મફત સારવાર કરવાનું માથે લીધું ને અમે જ્યારે ચાર્લ્સટાઉનથી આગળ વધ્યા ત્યારે તેણે કિંમતી દવાઓ અને કેટલાંક ઉપયોગી શસ્ત્રો મફત આપ્યાં. રસોઇ મસ્જિદના મકાનમાં થતી હતી અને ચૂલો ચોવીશે કલાક સળગાવવો પડતો હતો. રસોઈ કરવાવાળા હડતાલિયાઓમાંથી જ તૈયાર થયા હતા. છેલ્લા દહાડાઓમાં તો ચારથી પાંચ હજાર માણસોને જમાડવાનું રહેતું. છતાં આ કામદારો કાયર નહિ થએલા. સવારમાં મકાઈના આટાની રાબ તેમાં સાકર ભેળવીને આપવામાં આવતી હતી તથા તેની સાથે રોટી; સાંજે ચાવલ ને દાળ તથા શાક આપવામાં આવતાં હતાં. દક્ષિણ આફ્રિકામાં બધા ઘણે ભાગે ત્રણ વખત ખાનારા હોય છે; પણ તેઓએ લડતમાં બે વેળાથી સંતોષ માન્યો. તેઓ ચીગોઝીઓ સ્વાદ કરનારા હોય છે એ સ્વાદ પણ અહીં છોડ્યા.

આ જથ્થાબંધ જમા થએલાં માણસોનું શું કરવું એ વિચાર કરવા જેવું થઈ પડ્યું. ચાર્લ્સટાઉનમાં અગવડે સગવડે આટલાં બધાં માણસોને લાંબી મુદત સુધી રાખવામાં આવે તો રોગ ફાટી નીકળવાનો સંભવ હતો. એટલા હજાર માણસ જે હમેશાં કામ કરનારાં હોય છે તે નવરાં બેસી રહે એ પણ ઠીક ન ગણાય. આ સમયે એટલું કહી જવાની જરૂર છે કે આટલા ગરીબ માણસો એકઠાં થએલાં છતાં ચાર્લ્સટાઉનમાં તેઓમાંના એકે પણ ચોરી નહિ કરેલી. પોલીસની જરૂર કોઇ પણ વેળા નહિ પડેલી, તેમ પોલીસને કોઈ પણ વેળા વધારે કામ નહોતુ કરવું પડયું. છતાં

'હવે ચાર્લ્સટાઉનમાં ન જ બેસી રહેવું' એ જ ઉત્તમ રસ્તો જણાયો, તેથી ટ્રાન્સવાલમાં દાખલ થવાનો ને છેવટે જો ન પકડાઇએ તો ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવાનો ઠરાવ કર્યો. કૂચ કરતાં પહેલાં સરકારને ખબર આપી કે પકડાવાને ખાતર અમે ટ્રાન્સવાલમાં દાખલ થવાના છીએ. અમારે ત્યાં રહેવું નથી, ત્યાંના હકની ઇચ્છા નથી; પણ જ્યાં સુધી સરકાર નહિ પકડે ત્યાં સુધી અમે અમારી કૂચ જારી રાખીશું ને છેવટે ટૉલ્સ્ટૉય ફાર્મ પર મુકામ કરીશું. સરકાર જો પાઉન્ડ ત્રણનો કર કાઢી નાખવાનું વચન આપે તો અમે પાછા જવા તૈયાર રહીશું. આ નોટીસની ઉપર સરકાર ધ્યાન આપે એવી તેના મનની સ્થિતિ ન હતી. તેના જાસુસો તેને ભમાવતા હતા. લોકો થાકશે એમ સમજાવતા હતા. સરકારે બધી ભાષાઓમાં નોટીસ છપાવીને હડતાલિયાઓમાં વહેંચી આપી.

છેવટે ચાર્લ્સટાઉનથી પણ આગળ વધવાનો વખત આવી લાગ્યો. તારીખ છઠ્ઠી નવેમ્બરે ત્રણ હજારનો સંઘ પરોઢિયે રવાના થયો. આખી હરોળ એક માઇલ કરતાં વધારે લાંબી હતી. મિ. કેલનબેક તથા હું પાછળના ભાગમાં હતા. સંઘ સરહદ ઉપર પહોંચ્યો. ત્યાં પોલીસની ટુકડી હાજર હતી. અમે બે ત્યાં જઇ પહોંચ્યા એટલે પોલીસ સાથે વાતચીત થઇ. તેણે અમને પકડવાની તો ના પાડી. એટલે સરઘસ નિયમમાં અને શાંતિથી ફોક્સ્રસ્ટ વચ્ચેથી પસાર થયું. શહેર બહાર સ્ટાંડર્ટન રોડ ઉપર જઈ બધાએ પડાવ નાખ્યો. સહુએ ખોરાક લીધો. સ્ત્રીઓ કૂચમાં સામેલ ન થાય એવી ગોઠવણ કરવામાં આવી હતી, છતાં જુસ્સાનું પૂર અટકાવવું મુશ્કેલ થઇ પડ્યું ને કેટલીક સ્ત્રીઓ સામેલ થઈ. તોપણ કેટલીક સ્ત્રીઓ તથા છોકરાં હજુ ચાર્લ્સટાઉનમાં રહ્યાં હતાં. તેમની બરદાસ્ત કરવાને મિ. કેલનબેકને ફોક્સ્રસ્ટની હદ ઓળંગ્યા પછી પાછા મોકલ્યા.

બીજે દિવસે પામફર્ડ આગળ પોલીસે મને પકડ્યો. મારા ઉપર તહોમત બિનહકદાર માણસોને ટ્રાંસવાલમાં દાખલ કરવાનું હતું. બીજાઓને પકડવાને તેને હુકમ ન હતો. એટલે ફોક્સ્રસ્ટ પહોંચ્યા પછી સરકારને મેં નીચે મુજબ તાર કર્યો: 'સત્યાગ્રહની લડતના મુખ્ય પ્રચારકને સરકારે પકડેલ છે તેથી હું ખુશ થાઉં છું; પણ તેની સાથે કહ્યા વિના રહી શકતો નથી કે તે માટે જે તક સાધવામાં આવી તે દયાની નજરે જોતાં અત્યંત કફોડી છે. સરકાર કદાચ જાણતી હશે કે આ કૂચમાં ૧૨૨ સ્ત્રીઓ અને ૫૦ બાળકો છે. તથા બધાં પોતાને ઠેકાણે પહોંચે ત્યાં સુધી જિંદગી ટકી રહે એટલા ખોરાક ઉપર નભે છે અને ટાઢ તડકાની સામે રક્ષણ રહિત છે. આવી સ્થિતિમાં મને તેથી વિખુટો કરવો એ ભારે ખંડનકર્તા કહેવાય. જ્યારે ગઇ રાત્રે મને પકડવામાં આવ્યો ત્યારે મારી સાથેનાં માણસોને જણાવ્યા વિના હું તેઓને મૂકી આવ્યો છું. તેઓ કદાચ ક્રોધથી ગાંડાતૂર બની જાય. એટલે હું માગું છું કે કાં તો તેઓની સાથે કૂચ કરવાની રજા મને આપવામાં આવશે અથવા તો સરકાર તેઓને રેલગાડીથી ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચાડશે અને ખોરાકી પણ પૂરી પાડશે. જેના ઉપર તે માણસોને વિશ્વાસ છે તે વિનાના તેઓને કરી મૂકવા અને તેની સાથે તેને માટે ખોરાકી વગેરેનો કંઇ બંદોબસ્ત ન કરવો એ અયોગ્ય ગણાય. હું ઉમેદ રાખું છું કે ફરી વિચાર કર્યા પછી સરકાર પોતાનો ઠરાવ ફેરવશે. જો કૂચ દરમ્યાન અણધાર્યો બનાવ બનશે અને ખાસ કરી ધાવણાં બચ્ચાંવાળી બાઇઓમાંથી કોઈનાં મરણ થશે તો જવાબદારી સરકારની છે.'

સરઘસ આગળ ચાલ્યું. મને વોલક્રસ્ટના ન્યાયાધીશ સન્મુખ ઊભો કરવામાં આવ્યો. મારે બચાવ તો કંઈ કરવાનો ન હતો; પણ જે માણસો પામફર્ડથી આગળ ગયાં તથા હજુ જે ચાર્લ્સટાઉનમાં પડેલાં હતાં તેમની કેટલીક વ્યવસ્થા સંભાળવાની હતી, એટલે મેં મુદત માગી. સરકારી વકીલે તેની સામે વાંધો લીધો, પણ ન્યાયાધીશે જણાવ્યું કે બેલ (જામીન) ફક્ત ખૂનના આરોપમાં જ નામંજૂર કરી શકાય. તેથી તેણે પાઉન્ડ પચ્ચાસની જામીનગીરી માગી. એક અઠવાડિયાની મુદત આપી. જામીનગીરી તુરત જ વોલક્રસ્ટના એક વેપારીએ આપી દીધી. હું છૂટો થઈ પરબારો કૂચ કરનારાઓને મળ્યો. તેઓનો ઉત્સાહ બમણો વધ્યો. દરમિયાન પ્રીટોરિયાથી તાર આવી ગયો કે મારી સાથેના હિંદીઓને પકડવાનો સરકારનો ઇરાદો નથી. આગેવાનોને જ પકડવામાં આવશે. આનો અર્થ એમ નહોતો થતો કે બીજા બધાને છૂટ આપવામાં આવશે. પણ બધાને પકડી આપણા કામને સહેલું કરવા અથવા તો હિંદીઓ

ખળભળાટ કરવા સરકાર ઇચ્છતી ન હતી.

પાછળ બીજી એક મોટી ટુકડી લઇ મિ. કેલનબેક આવતા હતા. અમારી બે હજારની ટુકડી સ્ટાંડર્ટન આગળ પહોંચી ત્યાં ફરીથી મને પકડવામાં આવ્યો અને કેસની તા. ૧૧મીની મુદત પડી. અમે તો આગળ ચાલ્યા. પણ હવે સરકારથી આ બધું જીરવાય તેમ ન હતું. એટલે તેણે પ્રથમ મને આ બધાથી એકદમ વિખૂટો પાડવાનું પગલું લીધું. આ સમયે મિ. પોલાકને હિંદુસ્તાનમાં ડેપ્યુટેશન લઈ મોકલવાની તૈયારી થઈ રહી હતી. તે માટે ઉપડતાં પહેલાં તે મને મળવા આવ્યા. પણ 'આદર્યાં અધવચ રહે અને હરિ કરે સો હોય' એમ બન્યું. મને રવિવારે ત્રીજી વખત ગ્રેલીંગસ્ટાડ આગળ પકડ્યો. આ વખતનું વૉરંટ ડંડીથી નીકળેલું હતું અને તહોમત ગિરમીટિયાઓને કામ છોડાવ્યાનું હતું. અહીંથી મને ઘણી જ ચુપકીથી ડંડી લઈ ગયા. ઉપર જણાવી ગયો છું કે મિ. પોલાક અમારી સાથે કૂચમાં હતા. તેણે આ કામ સંભાળી લીધું. ડંડીમાં મંગળવારે કેસ ચાલ્યો. મારા ઉપરના ત્રણે આરોપ મને વાંચી સંભળાવવામાં આવ્યા. મેં તે કબૂલ રાખ્યા અને રજા મેળવી જણાવ્યું કે 'મારા પોતાના તરફ અને બધી પ્રજા તરફ ન્યાયની ખાતર મારે કહેવું જોઇએ કે જે તહોમત મારા ઉપર મૂકવામાં આવ્યાં છે તેની બધી જવાબદારી એક વકીલ તથા નાતાલના જૂના રહીશ તરીકે હું મારે માથે લઉં છું. હું માનું છું કે આ લોકોને કૉલૉનીની બહાર લઈ જવાથી લોકોનાં મન ઉપર જે છાપ પડી છે તેનો હેતુ ઉમદા હતો. ખાણો-વાળા સાથે કંઈ તકરાર નથી. આ લડતથી તેમને ગંભીર નુકસાન થાય છે તે માટે હું દિલગીર છું. હું હિંદી મજૂરો રાખનારાવાળાને પણ વિનતિ કરું છું કે આ કર મારા દેશી ભાઇઓ પર બોજા રૂપ છે અને તેથી તે રદ થવો જોઇએ. મને લાગે છે કે ઑ. મિ. ગોખલે અને જનરલ સ્મટ્સ વચ્ચે જે સ્થિતિ ઊભી થઈ છે તે જોતાં અત્યંત ધ્યાન ખેંચાય તેવી લડત ઉઠાવ-વાની મારી ફરજ હતી. સ્ત્રીઓને અને ધાવણાં બચ્ચાંને જે સંકટ સહન કરવાં પડ્યાં છે તે હું સમજું છું; અને તે છતાં મને લાગે છે કે લોકોને સલાહ આપ-વાની મારી ફરજ હતી અને તે મેં બજાવી છે, અને જ્યાં સુધી તે રદ થયો નથી ત્યાં સુધી કામ નહિ કરવાની ને ભીખ માગીને પેટ ભરવાની સલાહ મારા દેશી ભાઈઓને ફરીફરીને આપવાની હું મારી ફરજ સમજીશ. મને ખાતરી છે કે દુઃખ ભોગવ્યા વિના તેઓ પરના જુલમનો અંત આવવાનો નથી.'

હું તો જેલમાં ઠરી ઠામ બેઠો. પાછળથી વોલ-ક્રસ્ટમાં મારા ઉપર કામ ચાલ્યું અને ડંડીમાં થએલી નવ માસ ઉપરાંત ત્યાં બીજી ત્રણ માસની જેલ થઇ.

આ અરસામાં મને ખબર થયા કે મિ. પોલાક પકડાયા છે અને હિંદુસ્તાન જવાને બદલે જેલમાં જઈ બેઠા છે. હું તો રાજી જ થયો. મારે મન પેલા ડેપ્યુટેશન કરતાં આ ડેપ્યુટેશન મોટું થયું. તે પછી તુરત જ મિ. કેલનબેક પણ પકડાયા અને તે પણ મિ. પોલાકની પેઠે ત્રણ માસની જેલમાં જઇને બેઠા. આગેવાનોને પકડયા પછી લોકો નમી જશે એમ માનવામાં સરકારે તો ભૂલ જ કરી. બધા હડતાલિયાઓને ચારેક ખાસ ટ્રેનો ભરી ડંડી તથા ન્યૂકૅસલમાં પાછા ખાણો ઉપર લઈ જવામાં આવ્યા. ત્યાં તેઓના ઉપર ભારે જુલમ થયો. તેમને બહુ સહન કરવું પડ્યું. પણ સહન કરવાને તો બધા બહાર પડેલા જ હતા. સહુ આગેવાનો હતા. તેઓને કહેવાતા આગેવાનો વગર પોતાનું બળ બતાવવાનું હતું અને તે તેમણે બતાવી આપ્યું. કેવી રીતે બતાવ્યું તે જગત જાણે છે. કવિ દલપતરામે ખરું ગાયું છે કે 'કષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા, ચારે જુગના જુઓ સાધુ શોધી.'..."

હડતાલ કેમ પ્રગટી, કેમ જામી, કૂચ કેમ કરવામાં આવી, એ બધું કરનારા કોણ અને કેવા હતા એ બધી વસ્તુસ્થિતિ બાપુજીના ઉપલા લખાણમાંથી બરાબર સમજાઈ, પરંતુ એ દિવસોમાં રોજેરોજ અમને જે માહિતી મળતી તે ઉપરથી મારી કલ્પનામાં આવી એ વાત ઉપર કહી તે જ ન હતી. વળી બાપુજીએ તો માત્ર લડતની અને હડતાલિયાઓની જ દશા વર્ણવેલી છે; પણ અમે તો એ વખતે માત્ર બાપુજીની જ દશા જાણવા ઉત્સુક રહેતા. એ સિવાયની બીજી ઊંડી વાતમાં મને ઝાઝી ગમ ન પડતી. બાપુજી વિષેની વાતો જે અમે સાંભળતા એમાંની જે મને યાદ છે તેનો ઇસારો પણ બાપુજીએ પોતાના લેખમાં થવા નથી દીધો. મોરી નાનકડી આંખને દેખાએલો અને બાળ મગજને અનુભવાએલો એ ઇતિહાસ આવતા પ્રકરણમાં.

(ચાલુ)

પ્રભુદાસ છ. ગાંધી



બા ળ વિ ભા ગ



પંચતંત્રની વાર્તાઓ

દમનક કહે, 'તું નીતિતત્ત્વનો જાણ નથી એટલે આમ કહે છે. શત્રુ તથા રોગ તો જેવા જન્મે એવા જ એને શમાવવા ઘટે; નહિ તો પોષીને એ મહાબળને પણ હણે છે.'

સંજીવક મંદમંદ ગતિએ સિંહ આગળ આવ્યો, અને એનો આકાર દમનકે વર્ણવ્યા પ્રમાણે જોઈને પ્રણામ કર્યા વિના દૂર બેઠો. પિંગલક પણ દમનકની વાત મળતી આવતી જોઈને એના ઉપર તૂટી પડ્યો. સંજીવકની પીઠ ઉપર સિંહના નખ લાગ્યા. પણ એના પેટમાં શીંગડાં મારીને સંજીવક એનાથી છટક્યો ને લડવા તૈયાર થઈને ઊભો.

આ જોઈને કરટકે દમનકને કહ્યું, 'ધિક્ મૂઢ

પ્રાર્થના



મોરલે મલપંતાં આવો, હો શારદા!
મોગરે મ્હેકંતાં આવો;
ન્હાનેરું બાળ બની આવો, હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો. (ધ્રુવ)

વ્હેલાં ઊઠીને અમે વાળ્યાં છે આંગણાં,
ખડકીની તડકી થૈ, આવો હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો.

આશાના આભ જોઈ એકડીઆં ઘૂંટીએ,
પાટીમાં ધાટી થઈ આવો, હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો.

ભણતાં ગણતાં રે અમે ભૂલનારાં ભૂલકાં
ભૂલોની ભાળ બની આવો, હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો.

અમારાં ગાન બધાં ઘોરે છે તાન વિના,
બજાવો! જગાવો! ચગાવો, હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો.



નીંદરના પારણાને ઝૂલાવા જોગણી!
શમણાંની રમણા થૈ આવો, હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો.

મોગરાનું વાન દીઓ, મોરલાનું ગાન દીઓ,
હંસલાની સાન દેઈ જાઓ, હો શારદા!
છૈયાંનાં હૈયાં સુહાવો.

રમણિક અરાલવાળા

મતિ, આ વિરોધ જગાડીને તેં બધું ય ડોળી નાખ્યું ને ભૂંડી કરી. સામથી સિદ્ધિ થાય ત્યાં દંડ કોણ યોજે? સાકરથી પિત્ત શમે ત્યાં કડવો પટોલ કોણ વાપરે? તારી વિદ્વત્તાનું તને મિથ્યાભિમાન છે, પણ જેનાથી ઇન્દ્રિયનિગ્રહ ન થાય, જે ધર્મમાં વર્તતી નથી, જેને પામીને માણસ લોકો આગળ કેવળ વાક્યરચના જ કરે છે, જેનાથી ચિત્ત શાંત ન થાય તે વિદ્વત્તાને શું કરે! તારી બુદ્ધિ જ વિપરીત છે. જ્ઞાનથી મદ શાન્ત થાય છે, પણ દુષ્ટને એનાથી જ મદ થાય છે; તેજ જે આંખને જગાડે છે તેનાથી જ ઘૂડ આંધળો થાય છે. તારું કુળ જ એવું લાગે છે. પુત્ર પિતાને પગલે અવશ્ય ચાલે છે; કેતકીના ઝાડ ઉપર આમળાં ક્યાંથી થાય? હિતેચ્છુનું કહ્યું ન કરનારને ઉપદેશ શું કરવો? કહ્યું છે, કે

અનામ્ય ન નમે દારુ, પત્થરે ન ક્ષુરક્રિયા।
સૂચીમુખ થકી જાણો, મૂર્ખને શીખવે જ શું ॥૪૨૭॥

દમનક કહે: 'એ કેમ?' કરટક કહે:

કથા ૨૩

એક વનમાં વાંદરાનું જૂથ હતું. તે એકવાર હેમન્ત ઋતુમાં ટાઢે થરથરતું હતું એટલે આગિયાને અગ્નિ જાણીને એના ઉપર સૂકાં લાકડાં, સાંઠી, ને ઘાસપાન મૂકતું હતું, અને કાખ, પેટ તથા છાતી ખંજોળતું તાપમનોરથનું સુખ અનુભવતું હતું. ત્યાં એક વાંદરાને વિશેષ ટાઢી વાતી હતી એટલે તે માની લીધેલા અગ્નિ ઉપર ફૂંક મારતો હતો, તે જોઈ ને સૂચીમુખ નામે પક્ષી ઝાડ ઉપરથી ઊતર્યો ને બોલ્યો: 'ભદ્ર, દાખડો કર મા, આ અગ્નિ નહિ પણ આગિયો છે. એને ધમવાથી કાંઇ ન વળે.' એક વૃદ્ધ વાંદરાએ એને કહ્યું: 'મૂર્ખા, તારે તેની શી પંચાત? એટલે જા. હારેલા જુગારીની તથા જેના કામમાં ઉપરાઉપર વિઘ્ન આવે એની સાથે વાત ન કરવી.' તો પણ સૂચીમુખ કહે, 'અરે, હાલો ક્લેશ કાં ભોગવો?' આમ કેમે ય બોલતો રહ્યો નહિ, એટલે એક વાંદરાને શ્રમ વ્યર્થ કરતો હોવાથી ક્રોધ ચડ્યો ને પાંખ ઝાલીને તથા પત્થર ઉપર પછાડીને પક્ષીને મારી નાખ્યો.

એટલે કહું છું, 'અનામ્ય ન નમે દારુ.' ઇતિ.

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિન્દજી

Our Friends Abroad

પત્રમિત્રો શોધનારા માટે

Pen Friends તરફથી એક છાપેલું લિસ્ટ બહાર પડ્યું છે. તેની વિગતો અને શરતો માટે નીચેને સરનામે લખો:

Nations' League of Pen Friends
539 Kalbadevi Road BOMBAY-2

પરદેશનો પત્ર

ભાઇ બાબુલાલ સી. પટેલ (ઘાટકોપર)પર આવેલો હેવી ગ્લાસનો આ પત્ર તેણે પ્રકટ કરવા મોકલી આપ્યો છે:

રે, પરદેશના મિત્ર! તમારો પત્ર આજે મળતાં હું બહુ આનંદમાં આવી ગયો છું. મેં તો એ ઘણા મિત્રોને વંચાવ્યો. એ બધા માનતા હતા કે તમારા લોકો અમેરિકાની ભાષા જાણતા જ નથી. અને આ પત્ર લખનારને બહુ સારી કેળવણી મળી હોવી જોઇએ એમ પત્ર ઉપરથી લાગે છે. પરદેશના મિત્રો શોધી રહ્યો હતો અને તમારો સંબંધ થતાં બહુ સુખ પામ્યો છું. મારો પત્ર તમને પણ આનંદપ્રદ થાઓ. હું મારા દેશની અને મારી વાત કહું.

હું માત્ર બાર વર્ષનો છું અને આશા રાખું છું કે ઉમ્મરનો તફાવત આપણને જુદાઈ નહિ કરાવે.

મારૂં ગામ ચેસ્ટર આખી દુનિયાને ખપ લાગતી એવી ઔદ્યોગિક બનાવટોનું ધામ છે. વહાણો, કાપડ, રેશમ, લોખંડનો સામાન, મોટરકારો વગેરે અહીં બને છે. ચારે તરફ મને અહીં મીલો જ નજરે પડે છે. દરેકમાં એમાંનું કંઇક બને છે. અમેરિકાનું ત્રીજા નંબરનું મોટું શહેર ફીલાડેલફિયા અહીંથી પંદર માઇલ ઉપર છે. ત્યાંથી ન્યુયૉર્ક ૧૦૦ માઈલને અંતરે છે. એ તો દુનિયાનું વસ્તીમાં સૌથી મોટું પહેલા નંબરનું શહેર છે. મારૂં ચેસ્ટર નગર પેનસીલવેનિયા પ્રાંતમાં ગણાય છે અને ડેલાવેર નદી પર આવેલું છે, જે આટલાંટિક મહાસાગરને મળે છે. અહીંની હવા સમશીતોષ્ણ છે, શિયાળો ઉનાળો બધાં મનનાં હોય છે. અહીંની વસતી ૬૦,૦૦૦ની છે.

અમારા પ્રાંતમાં ચેસ્ટર જૂનામાં જૂનું નગર ગણાય છે. યુનાઇટેડ સ્ટેટ્સનો નકશો તમારી પાસે હોય તો સમુદ્ર કાંઠે ન્યુયૉર્ક અને જરા નીચે ફીલાડેલફિયા દેખાશે. ચેસ્ટર બરોબર તેની લગોલગ છે.

હવે હું કંઇ બીજી વાત કહું. તમે લખ્યું હતું કે સ્ટાંપ સંઘરવાનો અને ફોટોગ્રાફો પાડવાનો તમને શોખ છે. મારો પણ એ બેઉ શોખ છે. તમારે સ્ટાંપનો ધંધો કરવો હોય તો હું તાજી બહાર પડેલી ટિકીટો મોકલીશ.

હું ફોટોગ્રાફી કરું છું તે સાથે તેનું ડેવલપિંગ પ્રીન્ટીંગ જાતે કરી લઉં છું. સાથે બીડેલું ચિત્ર મારી ફોટોગ્રાફીનો નમૂનો છે. હજુ બીજા નાના ફોટોગ્રાફો મોકલીશ. તમે તમારા ફોટોગ્રાફો જરૂર મોકલશો. તમે તમારા ગામની અને પ્રાંતની વાતો લખશો. સલામ. —હેવી ગ્લાસ

આ મહિનો (માર્ચ) ઇતિહાસમાં

તા. ૧ સાર પ્રદેશ જર્મનીને પાછો સોંપાયો (૧૯૩૫)

તા. ૨ સિયામના રાજા પ્રજાધિપોકને પ્રજાએ પદભ્રષ્ટ કરી તેના ભત્રીજા મહીદોલને ગાદી સોંપી (૧૯૩૫)

તા. ૩ ગયા મહાયુદ્ધમાં જર્મન સેનાપતિ વૉન હિંડનબુર્ગના હાથે પરાજય પામીને રશિયાએ જર્મની ને ઑસ્ટ્રિયાથી સંધિ કરી નાખી (૧૯૧૮)

તા. ૪ મહાત્મા ગાંધીજી તથા હિંદના વાઇસરૉય લૉર્ડ અરવિને (હવે લૉર્ડ હૅલિફૅક્સ) ઐતિહાસિક સંધિપત્ર પર સંમતિસૂચક સહીઓ કરી (૧૯૩૧)

તા. ૮ આમુંડસેન દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો (૧૯૧૨)

તા. ૧૨ નાઝીઓએ ઑસ્ટ્રિયા કબજે કર્યું (૧૯૩૮)

તા. ૧૪ રશિયાની રાજધાની પેટ્રોગ્રેડથી ખસેડી મૉસ્કો લાવવામાં આવી ને તેનું નામ લેનિનગ્રાડ રાખવામાં આવ્યું (૧૯૧૮)

તા. ૧૫ ચેકોસ્લોવાકિયાનો રૂથેનિયા પ્રાંત હંગેરીએ લઈ લીધો, સ્લોવાકિયા જર્મનીના સંરક્ષણ નીચે જાહેર થયું ને બાકીનો ચેક પ્રદેશ જર્મન સામ્રાજ્યમાં ઉમેરી દેવાયો (૧૯૩૯)

તા. ૧૬ ઇ. ૧૮૯૯ની સાલની મહાસભાના પ્રમુખ તથા ઇંડીઅન પાર્લામેન્ટરી કમિટીના ચેરમૅન સર વિલિયમ વેડરબર્નનો જન્મ (૧૮૩૮)

તા. ૧૯ આફ્રિકા ખંડના મહાન શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટનનો જન્મ (૧૮૧૩)

તા. ૨૦ નૉર્વેના પ્રખ્યાત નાટકકાર ઇબ્સનનો જન્મ (૧૮૨૮) • • ગુરુત્વાકર્ષણના નિયમના સ્થાપક સર આઇઝેક ન્યૂટનનું કૅન્સિંગ્ટન મુકામે અવસાન (૧૭૨૭)

તા. ૨૧ દોલતરાવ સિંધીઆનું અવસાન (૧૮૨૭) • • ઇરાનીઓએ પોતાનું રાષ્ટ્રીય નામ ઇરાન ધારણ કરી પરદેશી રાષ્ટ્રોને પણ એ નામ વાપરવાની તાકીદ કરી (૧૯૩૫)

તા. ૨૩ હિંદમાં વીજળીના પહેલા તાર નખાયા (૧૮૫૪)

તા. ૨૭ પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રા.બ.હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનું તથા પ્રખ્યાત અંગ્રેજ નવલકથાકાર આર્નોલ્ડ બેનેટનું અવસાન (૧૯૩૧)

તા. ૩૦ ઈંગ્લંડ ને હિંદ વચ્ચે વિમાની વ્યવહાર શરૂ થયો (૧૯૨૯)



આ માસની વિભૂતિ
બાબુ મનમોહન ઘોષ

ઇ. ૧૮૪૪માં વેરાગડી મુકામે જન્મ, તા. ૧૩મી માર્ચ. એમના પિતા રાજા રામમોહનરાયના નિકટના મિત્ર હોઈ આખું કુટુંબ સુધારક વિચારનું હતું. ઇ. ૧૮૫૯માં કૃષ્ણગઢની હાઈસ્કૂલમાં મૅટ્રીકની પરીક્ષા પસાર કરી.

ઇ. ૧૮૬૧માં કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાં જોડાયા. એ અરસામાં બાબુ ક્રિસ્તોદાસ પાલ 'હિન્દુ પૅટ્રીઅટ' ચલાવતા તેમાં નદિયા, જેસોર ઇત્યાદિ સ્થળે અંગ્રેજોએ ચલાવેલા જુલમો વિરુદ્ધ કડક લેખો લખ્યા.

ઇ. ૧૮૬૨: અંગ્રેજોના જુલમ સામે પોકાર ઉઠાવવા 'ઇંડીઅન મિરર' નામનું સ્વતંત્ર પાક્ષિક શરૂ કર્યું.

ઇ. ૧૮૬૪: બાબુ સત્યેન્દ્રનાથ ટાગોર સાથે સિવિલ સર્વિસની પરીક્ષા આપવા વિલાયત ગયા. પરીક્ષામાં એમને ખોટી રીતે નાપાસ કરવામાં આવ્યા. પોતાને થએલો અન્યાય ઉઘાડો પાડતું એક પુસ્તક પણ એમણે ઈંગ્લંડમાં છપાવ્યું, પણ ફરી વાર પરીક્ષામાં બેસવાની તક ન મળતાં કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને બૅરિસ્ટર થઈ હિંદ પાછા આવ્યા. હિંદના એ પહેલા જ બૅરિસ્ટર.

ઇ. ૧૮૬૫: વકીલાત શરૂ કરી ને શરૂઆતથી જ નાણાંની જાણે ટંકશાળ પડવા માંડી—માસિક દસ હજારથી વીસ હજાર. વકીલ તરીકે તે હમેશાં ગરીબોના પક્ષમાં ઊભતા. નદિયાના મંજુચંદને તેમણે માફ કરાવેલી ફાંસીનો કેસ પ્રખ્યાત છે. ત્યારના કાયદાઓમાં પણ ગરીબ લોકોને રાહત અપાવવા અનેક ફેરફારો એમણે કરાવ્યા હતા.

ઇ. ૧૮૮૫: આ દેશના લોકો પ્રત્યે થતા અન્યાય દૂર કરાવવા ને ઈંગ્લંડના લોકોને હિંદુસ્તાન સંબંધે સાચી માહિતી આપવા કૉંગ્રેસના જન્મકાળે તેઓ ઈંગ્લંડ ઊપડ્યા ને ત્યાં ભાષણો કરી હિંદ પ્રત્યે લોકમત કેળવવાનો અથાગ પ્રયાસ આદર્યો.

એમના હિંદ માટેના કાર્ય અને શ્રમનો સાચો ખ્યાલ અત્યારે આપણને ન આવી શકે; પણ વિનીત રીતે જન્મેલી કૉંગ્રેસનાં શરૂઆતનાં વર્ષોમાં તો તેમના વિચારો ને ભાષણો ખૂબ મહત્ત્વનાં ગણાતાં. કૉંગ્રેસના જન્મમાં પણ તેમની આર્થિક સહાયનો મોટો હિસ્સો છે. એ કાળે રાજકારણ પર તેમના જેવો તજ્જ્ઞ કોઇ ન ગણાતો. કૉંગ્રેસ સિવાય ગરીબો, વર્તમાનપત્રો અને સામાજિક સુધારાની પ્રવૃત્તિઓમાં પણ એમણે ખૂબ સહાય કરેલી. કૉંગ્રેસની બેઠકોમાં એમણે આપેલાં ભાષણ આજ પણ સંમાનિત ગણાય છે.

ઇ. ૧૮૯૫ના સપ્ટેંબરની ૨૮મીએ એકાએક એમનું અવસાન થયું. આજે એમના કાળથી આપણે ઠીકઠીક આગળ કૂચ કર્યા છતાં એમની ખેરકતા ઓછી થવા નથી પામી.



માધુકરી

માતૃભાષા

આશાઓ કરની, વિલોલ લસતાં સ્વપ્નો સૂતાં માનસે,
પોકારો મનુપ્રાણના, વિરહ ને સંયોગની વેદના,
ગીતો ઊર્મિલ, કલ્પનોડ્ડયનના આકાશને આંકતા
વિસ્તારો, મહિમા અમેય મનુને આમંત્રતો સર્વદા,
એ સૌને દિવ્ય દેનારૂં અપ્રરૂપ ઊજળું,
ઓજ અનંતનું, માત્ર માતૃભાષા ધરી શકે.

—પૂજાલાલ

શ્રી અણ્ણા બાબાજી લઠે

કોઇપણ એક ખૂણે ગોઠવાએલી ખાદીની ટોપી પહેરી દઢ પગલે સહેજ ધૂનમાં દરરોજ સવારમાં રીજ રોડથી મરીન લાઇન્સ ચાલતા જતા એમને જોનારને ખ્યાલ ન આવે કે એ જ મહાસભાના અર્થસચિવ શ્રી અણ્ણા બાબાજી લઠે હશે. એ ટોપીની જુદી જુદી સ્થિતિઓ એમના સૌ મિત્રોને આનંદનો વિષય થઈ પડવા છતાં એ વિષે એમણે કદી દરકાર સેવેલી નથી.

ઇ. સ. ૧૮૭૮માં કુરૂંદવાડમાં દિગંબર જૈન જ્ઞાતિમાં એમનો જન્મ. એ હિસાબે મુંબાઈના પ્રધાનમંડળમાં સૌથી વયોવૃદ્ધ એ હતા. પૂનાની ડેક્કન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા પછી મુંબાઇની શ્રી. હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગમાં રહી તેમણે એલએલ. બી. નો અભ્યાસ કર્યો.

ત્યાંથી તરત જ કોલ્હાપુરની રાજારામ કૉલેજમાં તેઓ અંગ્રેજીના અધ્યાપક નિમાયા. ત્યાર પછી ચાર વર્ષ સુધી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરીકે રહ્યા અને ૧૯૨૬થી ૩૦ લગી કોલ્હાપુરના દિવાનપ હતા. મહારાષ્ટ્રનાં મરાઠા રાજ્યોમાં આવક, વિસ્તાર તથા મોભાની દૃષ્ટિએ કોલ્હાપુર સૌથી પહેલે નંબરે આવે છે. ઇ. સ. ૧૯૨૧-૨૩માં તેઓ લેજીસ્લેટિવ ઍસેમ્બ્લીના મેંબર હતા અને ઈ.સ. ૧૯૨૪માં યુનિવર્સિટીના સુધારા માટે નિમાએલી સમિતિના સભ્ય



હતા. ઈ. ૧૯૩૦માં સરકારે એમને દિવાન બહાદુરનો ઇલ્કાબ આપ્યો અને તે પછી ગોળમેજી પરિષદમાં દેશી રાજાઓના સલાહકાર મંડળના સભ્ય તરીકે એ લંડન ગયા હતા.

લેખક તરીકે એમણે ઠીકઠીક હાથ અજમાવ્યો છે. એમનાં પુસ્તકોમાં "Introductiom to Jainism" "Problems of Indian States" અંગ્રેજીમાં છે. મરાઠીમાં "હિંદમાં અંગ્રેજી સામ્રાજ્યનો ઉદય," "શાહુ છત્રપતિનું ચરિત્ર" અને "વિશ્વની ફેડરલ ઘટના" એ છે. 'દક્ષિણ રૈયત' પત્રના એ અધિપતિ હતા, સધર્ન મરાઠા જૈન એસોસીએશન, કર્ણાટક નૉનબ્રાહ્મીન લીગ તથા બેલગામ સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅંકના તેઓ પ્રમુખ પણ હતા.

દેશી રાજ્યની નોકરી છોડ્યા પછી બેલગામમાં વકીલ તરીકે ઠીકઠીક પ્રતિષ્ઠા જમાવી હતી. દેશી રાજ્યોના પ્રશ્નોમાં એ નિપુણ ગણાતા અને પોલિટિકલ ડિપાર્ટમેન્ટ સાથેના કામકાજમાં રાજાઓને એમની સલાહ ઘણી કીંમતી થઇ પડતી.

ઇ. સ. ૧૯૩૬માં જ્યારે દિવાન બહાદુરનો ખિતાબ છોડી એમણે મહાસભામાં પ્રવેશ કર્યો ત્યારે ઘણા મહાસભાવાદીઓ આશંકામાં પડી ગયા, કોઇક ખુશ થયા, પણ સૌને એક વાત તો કબૂલ કરવી જ પડી કે એમના જોડાવાથી મહાસભાનું બળ વધ્યું છે. એમને મહાસભામાં લાવવાનો યશ શ્રી ગંગાધરરાવ દેશપાંડેને ફાળે જાય છે.

સૌ પક્ષની વાત સાંભળવી, તર્કશુદ્ધ દલીલ કરવી, દલીલમાં વાણી પર સંયમ રાખવો અને સ્પષ્ટ નિશ્ચય કરી તેને વળગી રહેવું એ એમની હમેશની વિશિષ્ટતા છે.

મુંબાઈના અર્થસચિવને શેર બજાર-રૂ બજારના પ્રશ્નો ઉકેલવા પડે; એ શેર બજારો અથવા કાચા પાકાનાં રૂના

બજારોને એક કરવાના પ્રશ્નની ચર્ચા કરવી પડે; પેટ્રોલના ભાવના અંકુશનો પ્રશ્ન વિચારવો પડે. એવા નવીન અને અપરિચિત પ્રશ્નોનો એમણે ધીરજથી ન્યાયી ઉકેલ કાઢવા પ્રયત્ન કર્યો છે. તેમજ દારૂબંધીની સફળતા મેળવવા માટે જરૂરી નવી આવક શોધવા માટેનો અતિ કૂટ પ્રશ્ન પણ ઉકેલ્યો છે. સ્થાવર મિલકત પરના કર વિષેની કાયદાની તકરાર બાજુએ રાખતાં પણ મહાસભાની દૃષ્ટિએ આથી વધુ યોગ્ય કર જડવો મુશ્કેલ છે. એ કર નાખવામાં અને એનો બચાવ તથા અમલ કરવામાં જે દૃઢતા એમણે બતાવી તે વિરલ છે. એમનાં બજેટનાં ભાષણો સ્પષ્ટ અને મુદ્દાસર છે અને એમાં એમનો અંગ્રેજી ભાષા પરનો કાબૂ જણાઇ આવે છે. કયા કર નાખવા અને કેમ નાખવા એ વિષેની એમની સાથેની ચર્ચામાં ધીરજ અને જ્ઞાન બંને મળતાં.

પણ એમને મુખ્ય રસ તો ખેતીવાડી, ગ્રામસુધારણા અને સહકારી પ્રવૃત્તિમાં હતો. ઋણરાહતનું એમનું બિલ એ એમની અથાગ મહેનત અને અભ્યાસનું પરિણામ છે અને લેણદાર તથા દેણદાર વચ્ચે સમતુલા જાળવવામાં પક્ષના સભ્યોની કોઇ વિશિષ્ટ વિચારસરણી કે દબાણને એ વશ થયા નથી, પણ એ વિષયમાં તો એમણે આદરેલાં અધૂરાં રહ્યાં.

ચુસ્ત કર્મકાંડી જૈન ન હોવા છતાં એ ધર્મના અભ્યાસી હોઈ એના તત્ત્વને તે બુદ્ધિપૂર્વક અનુસરે છે. એમની વૃત્તિ હમેશાં નિરભિમાની અને પૂર્વગ્રહ વિનાની છે. પણ કોઈ આડીઅવળી વાત કરે અથવા મૂળ મુદ્દો છુપાવવાનો યત્ન કરે તો તેને પકડીને ચોકખી વાત તરત જ કહી દેતાં અચકાતા નથી.

એમની હાજરજવાબી પણ એવી જ. રાજીનામાં આપવાના બેચાર દિવસ પહેલાં પ્રધાનોની નવી મોટરોનો ખર્ચ ધારાસભામાં મંજૂરી માટે આવ્યો ત્યારે શ્રી ઝાબવાળાએ સૂચના કરી કે પ્રધાનો સાઇકલ વાપરે તો ખર્ચ બચે. ત્યારે શ્રી લઠ્ઠેએ જવાબ દીધો કે અમારા પછી આવનારા મિત્રો આ સૂચના ધ્યાનમાં લેશે એમ હું આશા રાખું છું! અને આખી સભા હસી ઊઠી.

આજે તો એ બેલગામમાં પોતાના ધંધામાં પાછા જોડાઇ ગયા છે; પણ જરૂર એમ કહી શકાય કે ધારાસભામાં, મહાસભા-પક્ષના સભ્યોમાં અને મુંબઈમાં જેને જેને એમનો પરિચય થયો છે તે સૌમાં એ પ્રામાણિકતા, એકનિષ્ઠા અને સહૃદયતાની છાપ મૂકતા ગયા છે.

(પ્રબુદ્ધ જૈન) —શાંતિલાલ શાહ

'અમારો દેશ સિયામ'

આજે અમારા દેશ વિષે અનેક પ્રકારના ગપગોળા ગબડાવવામાં આવે છે, પણ એ બધા નાપાયાદાર છે. સિયામ જાપાનનું તરફદાર નથી કે બીજા કોઈ રાષ્ટ્રોનું વિરોધી નથી. યુરોપની મધ્યમાં જેવું તાટસ્થ્ય સ્વિટ્ઝર્લેંડ જાળવે છે એવું જ તાટસ્થ્ય એશિયાની મધ્યમાં જાળવવાનો અમારા દેશે નિર્ણય કર્યો છે.

ચીનના ઈશાન ખૂણામાંથી ઊતરી આવેલી તાઇ જાતિ દ્વારા નિર્માએલા અમારા દેશનું સ્વાતંત્ર્ય આઠ સૈકા જૂનું છે. ચારસો વરસ સુધી તો સિયામ હિંદી ચીનના દ્વીપકલ્પનું પણ પ્રભુત્વ ધરાવી રહેલું; પરંતુ અઢારમી સદીના અપરાર્ધથી જાણે કઠણાઇ બેઠી. નજીકના જ હરીફ બ્રહ્મદેશે તેને દબાવી તેની પ્રાચીન રાજધાની ૧૭૬૭માં હાથ કરી લીધી અને સિયામ બ્રહ્મદેશનું માંડલિક બની જશે કે શું એવી બીક લાગવા માંડી. પરંતુ ત્યાં તો તાઈ (જેનો અર્થ 'સ્વતંત્ર' પણ થાય છે) આત્મા ચેતી ઊઠયો ને બ્રહ્મીઓને હાંકી કાઢી સિયામ પાછું સ્વતંત્ર થયું.

રાજા તક્ષિનના અમલ પછી પ્રજાએ સેનાપતિ ચક્રીને પોતાની પસંદગીથી રાજગાદી સોંપી, જેનો આઠમો વંશજ આજે સિયામની ગાદી પર છે. ગોરાઓની કુટિલ નીતિનું ભોગ એશિયા બન્યું ત્યારે યે સિયામ પોતાની જાતને કુનેહપૂર્વક અળગી રાખી શક્યું. બ્રહ્મદેશ, કંબોજ, અનામ વગેરેનો હ્રાસ થયા છતાં એણે સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું. જોકે ૧૮૯૬ તથા ૧૯૦૭માં ફ્રાન્સે તેનો ઘણો મુલક પડાવી લીધો ને ૧૯૦૪માં મલય દ્વીપકલ્પમાંનાં ચાર સમૃદ્ધ રાજ્યો ઉપરનું આધિપત્ય થોડા હક્કોના બદલામાં બ્રિટનની તરફેણમાં એને જતું કરવું પડયું, છતાં જેટલું રહ્યું એટલું તો આજે સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવે છે. ઇ. ૧૯૩૨માં સિયામે એકહથ્થુ રાજતંત્રને સ્થાને રાજા સાથેની બંધારણીય સરકાર અપનાવી, અને તે પછી ૧૯૩૮માં એણે પરદેશો સાથેના બધા જૂના કોલકરારો રદ કરીને જે નવી નીતિ જાહેર કરી તે પર પહેલી સહી બ્રિટને કરેલી અને જાપાને તો સૌથી છેલ્લી! એટલે જાપાનની દોરવણીથી આ નીતિ અખત્યાર થવાની વાત વજૂદ વિનાની ઠરે છે.

અમારા શસ્ત્રીકરણ પાછળ જાપાનનો હાથ રહ્યો છે એ વાત પણ એટલી જ નાપાયેદાર છે. સારાં અને સસ્તાં હથિયારો અમને જ્યાંથી મળે ત્યાંથી ખરીદીએ છીએ. જો કે અમે પોતે યે ઉત્પાદન આદર્યું છે, છતાં મોટો ભાગ પરદેશોથી આયાત કરવો પડે છે. ઇટલી, જાપાન અને બ્રિટન પાસેથી લડાયક નૌકાઓ, સ્વીડન પાસેથી ભારે તોપો, અમેરિકા પાસેથી મશીનગનો ને વિમાનો તથા બ્રિટન પાસેથી ટેંક અમે ખરીદીએ છીએ. અમારું ૨૫૦૦૦નું તૈયાર લશ્કર છે જ્યારે જરૂર પડે તો [illegible] છે. અમારા ભૂદળ, નૌદળ કે હવાઈ દળમાં એકે વિદેશી અફસર નથી. જાપાની અફસરોનું અસ્તિત્વ [illegible] કલ્પના જ છે.

અમારા દેશનું ક્ષેત્રફળ બે લાખ ચોરસ માઈલ અથવા ફ્રાન્સથી સહેજ ઓછું છે. જનસંખ્યા ૧,૪૦,૦૦,૦૦૦ છે. વસતિનો મોટો ભાગ ખેડૂતોનો છે. વેપારધંધા મોટે ભાગે

ચીનાઓના અને બીજા પરદેશીઓના હાથમાં છે. સ્વાભાવિક રીતે જ અમારી સરકાર આજે એ ધંધાઓ સિયામીઓના હાથમાં મૂકવાની યોજના કરે છે, અને અમારા એ કુદરતી હક્કને પરદેશવિરોધી કહીને આજે વિદેશો નિંદે છે.

અમારા દેશની મુખ્ય નિકાસ સાગ, ચોખા, કલઇ અને ટોર છે. વેપાર મોટે ભાગે સિંગાપોર ને હૉંગકૉંગ મારફત બ્રિટિશ સામ્રાજ્ય જોડે ચાલે છે. માલની લાવ-લઈજામાં અમે નૉર્વેજિયન જહાજોને પહેલી પસંદગી આપીએ છીએ. અમારી સિવિલ સર્વિસમાં પણ એકે જાપાનીઝ નથી; ઊલટું પરદેશ કચેરીમાં એક અમેરિકન સલાહકાર, તિજોરીખાતામાં એક અંગ્રેજ અને ન્યાયખાતામાં એક ફ્રેન્ચમૅન છે.

છ લાખની વસતિ ધરાવતું અમારું પાટનગર બાંગકોક મુખ્ય બંદર હોવા ઉપરાંત એશિયાના વિમાની માર્ગોનું પણ એક અગત્યનું મથક છે. સિયામી ઘાટે બંધાએલા રાજ-પ્રાસાદો કે દેવપ્રાસાદોથી રમણીય એ બાંગકોક એના શબ્દાર્થ મુજબ ખરેખર 'દેવધામ' જ છે.

આવું અમારું સિયામ છે. આજે અમને કર્તવ્યની ઝંખના જાગી છે. અમે શાંત અને સ્વતંત્ર રહી તે સાધીશું. અમે કોઇના દુશ્મન નથી, અને જાપાન સુદ્ધાં તમામ રાષ્ટ્રોના અમે મિત્રો છીએ. સભ્યભરી તટસ્થતા એ અમારી પર-દેશનીતિ અમે પહેલેથી જ જાહેર કરી દીધી છે.

(લંડનમાં વસતા એક સિયામી વિદ્યાર્થીના ભાષણમાંથી)

રંગીન ફોટોગ્રાફીનો કૅમેરા સરજનાર હિંદી

ફોટોગ્રાફીમાં રંગીન ફિલ્મો તો ઘણા સમયથી ચાલુ થઈ ગઈ છે, પણ રંગીન છાપો ઉતારવામાં તેમજ તેને સર્વ માટે સુલભ બનાવવામાં કૅમેરાની જે કેટલીક મુશ્કેલીઓ કોઈ ટાળી શકતું ન હતું તે બધીનો ખુલાસો કરી મુંબાઇના જાણીતા ફિલ્મનિષ્ણાત નવલ ગાંધીએ એક કૅમેરા બનાવ્યો છે અને તેનું કામકાજ 'સમિટ સ્ટુડિયો'-મુંબઈ મારફત ચાલુ કર્યું છે. કૅમેરા નિષ્ણાતોએ તપાસી જોઇ તેને હિંદી ભેજાનો એક ચમત્કાર જ ગણ્યો છે. આમ એક હિંદીએ ફોટોગ્રાફિક જગતમાં આગેકદમ કરી છે એટલું જ નહિ. પણ વિશ્વની શોધોમાં પણ એક નામચીન શોધ કરી બતાવી છે.

આ કૅમેરા વડે એકજ છટકે કોઇપણ વસ્તુ, પદાર્થ કે ચિત્ર અસલ રંગમાં ત્રણ કાચ પર એક સાથે તેના રંગોના પૃથક્-કરણ રૂપે આવી જાય છે, અને તે બારીક પ્રમાણ અને ચોકસાઇમાં યુરોપના એવા નમૂનાઓની સંપૂર્ણ હરીફાઈ કરે છે. તે કૅમેરાનું નામ Orient tricolor કૅમેરા રાખ્યું છે. સ્ટુડીઓ માટે તેમજ ઘરગથ્થુ કામ કરનારા માટે વેચાતો આપવાને એ કંપની તૈયાર કરશે. આ શોધથી વસ્તુઓની જાહેરાતને, કુદરતના નમૂના લેવાને, રંગીન બ્લૉકને અને છાપવાની ઘણી બાબતોને મહાન મદદ અને પ્રગતિ મળશે.

દુનિયાનું મોટામાં મોટું મોતી

કૉબ નામના એક અમેરિકન દરિયાખેડુને એ મળ્યું છે. એની વાત પણ ચમત્કારિક છે. ફિલિપ્પાઇન ટાપુઓમાંના મનીલાની દક્ષિણે ૪૫૦ માઇલ નીચે માલાવન કરીને ટાપુ છે. એ જગ્યાએ તીરોને પાવાની ઝેરી વનસ્પતિ ઊગે છે અને ડયાક જાતિ દૂરથી પણ તે લેવા ત્યાં પહોંચે છે.



થોડા વર્ષો પહેલાં છીપમાછલી પકડવા માટે થોડાક ડયાકો ડૂબકી મારતા હતા તેમાંથી એક જણ ઉપર આવી ન શક્યો, એટલે બીજાઓએ અંદર તપાસ કરી તો ૨૫૦ મણની એક માછલીએ પોતાની છીપની ફાડમાં તેનો પગ સકંજે લીધો હતો! એનું મુડદું ઉપર લાવવાને તે છીપને સપડાવીને દરિયાકિનારે લાવ્યા અને તોડી તો તેમાંથી આ રાક્ષસી મોતી મળી આવ્યું. તેની એક બાજુ ખુદાઈ કુદરતે માણસ જેવી શકલ બની હતી. એટલે ડયાકોએ એનું નામ 'ખુદાઇ શકલ' પાડ્યું. એ મોતીની માલિકી એ પ્રદેશના અંગલીર નામના સરદારે ધરાવીને કબજે રાખ્યું.

ત્રણેક વર્ષ બાદ દરિયાખેડુ કૉબનો કાફલો ત્યાં પહોંચ્યો. તેને ખબર મળ્યા હતા કે અંગલીરનો એકનો એક દીકરો મૅલેરિયામાં બહુ માંદો પડ્યો છે. તેને કિવનાઈન-ની જરા યે અસર થઈ નહિ, એટલે કૉબે પોતાની દવા-ની પેટીમાંથી મૅલેરિયાની રામબાણ દવા 'આટાબ્રીન' આપી. ડયાક સરદારે એને એ દવા આપવાની છૂટ આપી અને પરિણામ ચમત્કારિક આવ્યું. થોડા વખતમાં છોકરો હરતોફરતો અને કૉબની સાથે સમુદ્રમાં તરતો થઇ ગયો.

પછી કૉબે જ્યારે વિદાય લીધી એ વખતે બુઢ્ઢા અંગલીરે એકાંતમાં તેને બોલાવી કહ્યું કે તેના હાથે છોકરો આજે

થાય તો ખુદાઈશફલ તેને ભેટ આપી દેવાના લાગ ખાધા રાખી હતી અને તે પ્રમાણે એ મોતી અમેરિકા પહોંચ્યું. એ મોતી ૯ ઇંચ લાંબું, સાડા પાંચ ઇંચ પહોળું અને ૭ ઇંચ ઊંચું છે. દુનિયાનું બીજા નંબરનું મોટું મોતી તો તેના સિત્તેરમા ભાગનું થાય. આ મોતીની કિંમત ૪૫,૦૦૦ ડૉલર અંકાઈ છે. તે સંપૂર્ણ ઘાટનું ગોળ હોત તો ત્રીસ લાખ અંકાત. પણ આવું મોટું મોતી બની શી રીતે શક્યું તે વિજ્ઞાનીઓને કોયડાનો વિષય છે. અને કુદરતમાં કેટલાં વર્ષે તે બન્યું હશે? એક વિદ્વાન ૬૦૦ વર્ષનો અંદાજ મૂકે છે. કોલંબસે અમેરિકા જોયો તે પૂર્વે ૨૦૦ વર્ષથી છીપે તેને પોષવા માંડ્યું હશે અને એની આટલી વૃદ્ધિ પછી તો છીપનું મોં પૂરું બીડાતું પણ નહોતું.

માનવ બૉમ્બ!

યુનાઇટેડ સ્ટેટ્સથી ખબર આવે છે કે યુદ્ધ સરંજામમાં એણે એક નવી પ્રયુક્તિ શોધી કાઢી છે. એ પ્રયુક્તિ તે ૯૫૦થી માંડી ૨૨૦૦ રતલ સુધીના વજનના વિશિષ્ટ બૉમ્બના ઉત્પાદનની. એ બૉમ્બ સામાન્ય બૉમ્બ નથી; માનવ બૉમ્બ એને કહી શકાય. એનું ધાતુપડ નાનાસરખા વિમાનની રચનાનું; એક માણસ સમાવી શકાય એવડું છે. માણસે તેમાં ચત્તા સૂઇ જવાનું અને અંદરના એક કાણા (peep hole)માંથી બધી પ્રવૃત્તિ જોવાની. એક હાથે એણે લિવર પકડી રાખવાનું, જેથી વિમાનના સુકાન પર કાબૂ રાખી ચાહે તે દિશામાં તેને વાળી શકાય.

દુશ્મન વિમાન સામું આવતાં જ આરોહક આ બૉમ્બ ફોડે છે. એનું ઢાંકણું ઉઘાડતાં જ હવાનો પ્રવાહ વેગથી અંદર ધસી આવે છે ને આરોહક ધકેલાઇને હવામાં ઉછળી પડે છે. આમ બૉમ્બ જ્યારે વિનાશકતાની છેલ્લી કામગીરી કરી રહ્યો હોય છે ત્યારે આરોહક એની હવાઈ છત્રી ખોલી આકાશમાં ખુશહાલ તરી રહ્યો હોય છે. જો દરિયા પર એ બૉમ્બ ફોડવાનો વખત આવે તો આરોહક પાસે લાઇફબેલ્ટ પણ હોય છે અને તે એવી તરાહનો કે તેને રબરની નાનીસરખી હોડીના રૂપમાં ફેરવી શકાય.

અલબત્ત, આ પ્રકારના બૉમ્બ અનેકગણી ચપળતા અને હિંમત માગી લે. બૉમ્બરની ગતિ કલાકે ૨૨૦ માઇલની રાખવી પડે અને છૂટ્યા પછી ૩૨ સેકન્ડમાં તો એણે પોતાનું લક્ષ્ય સર કરવું જ જોઇએ. અમેરિકા કહે છે કે આવા માનવ બૉમ્બથી વૈમાનિક હલ્લાઓમાં થતી ખુવારી અનેકગણી નિવારી શકાશે.

જગતના નામીચા જળધોધ

પૃથ્વીનો સૌથી ઊંચો જળધોધ વેનેઝવેલામાં આવેલો ઈ. સ. ૧૯૩૯માં મિ. ઍન્જેલ નામના અમેરિકન વિમાનીએ તે શોધી કાઢ્યો. એની ઊંચાઈ લગભગ એક માઈલની અંદાજવામાં આવે છે!

હિંદમાં પશ્ચિમ ઘાટમાં આવેલા શરાવતી નદીના ગેરસપ્પા અથવા જોગના ધોધ ૮૩૦ ફૂટ ઊંચા છે. બ્રિટિશ ગિયાનામાં ઈ. ૧૮૭૧માં શોધી કાઢેલો બ્રિટિશ ગાયેનાનો કાઇતર ધોધ ૮૨૨ ફૂટ ઊંચો છે, જ્યારે ઉત્તર રહોડેશિયાના કાલામ્બો ધોધની ઊંચાઈ ૯૦૦ ફૂટ થવા જાય છે.

દુનિયાના પહોળામાં પહોળા ધોધ તરીકે ૪૦૦૦ ફૂટ પહોળા નાયાગરાના ધોધ પ્રસિદ્ધ છે. એમાંનો ૨૬૦૦ ફૂટ પહોળો હૉર્સ શૂ અથવા કૅનેડિયન નાયાગરાનો ધોધ. અમેરિકન નાયાગરા ધોધથી માત્ર એક નાનકડા ટાપુથી જ અલગ પડે છે. પહેલાની ઊંચાઈ ૧૫૫ ફૂટ છે, જ્યારે બીજાની ૧૬૫ ફૂટ.

આકારે જુદા પરંતુ નાયાગરાના જેવા જ ભવ્ય ધોધ મધ્ય આફ્રિકામાંના ઝાંબેઝી નદીના વિક્ટોરિયા ધોધ ગણાવી શકાય. નદી જ્યાં ૫૫૮૦ ફૂટની પહોળાઇએ પહોંચે છે ત્યાં એકાએક તે ૨૫૬થી ૩૪૩ ફૂટ ઊંડી એક ગર્તામાં ગરી પડે છે, જે એટલી સાંકડી છે કે પાણી સામી દીવાલને અથડાય છે. આને લઇને ધુમ્મસ જેવાં જળવાદળાં એને મથાળે જામેલાં જ રહે છે. ત્યાંના દેશીઓ એથી એને 'ગરજતા ધુમાડા' તરીકે ઓળખે છે.

જગતની ખૂબસૂરત ખીણોમાંની એકમાં આવેલા કૅલિફૉર્નિયાના યોસેમાઇટ ધોધ ત્રણ તબક્કે કુલ ૨૬૦૦ ફૂટનો કૂદકો મારે છે. એમાં લાંબામાં લાંબો કૂદકો ૧૪૩૦ ફૂટનો છે. એ સિવાયના જાણીતા ધોધમાં ન્યૂ ઝીલૅન્ડના ૧૯૦૪ ફૂટ ઊંચા સધરલૅન્ડ ધોધ તથા ગીનીઆમાં આવેલા ૧૫૧૫ ફૂટ ઊંચા ગોવાની ધોધ ગણાવી શકાય.

ઉલ્કાપાત

ઇ. ૧૯૦૮ના જૂન મહિનાની ૩૦મી તારીખે સાઈબીરિયામાં પોડકામેન્નાયા તુંગુસ્કા નદી નજીક એક અતિ ભયંકર ઉલ્કાપાત થએલો—ખરતો તારો જમીન પર પડેલો, તેનાં પરિણામોનું સંશોધન કરવા રશિયન વિજ્ઞાનીઓની એક ટુકડી ત્યાં પહોંચી છે. એમાગે લીધેલી ૯૩ ચોરસ માઈલની વિમાની ફિલ્મ પરથી માલૂમ પડે છે કે એ તારાના પડવા સાથે ઊખડી પડેલાં ઝાડો જુદીજુદી દિશામાં ઉખડ્યાં છે. એ બીના બતાવે છે કે એ તારો જુદાજુદા ટુકડામાં વિભક્ત થઈ જમીન સાથે અથડાયો હશે. એ ટુકડા જમીનમાં ઉપરથી ૧૫૦ ફૂટ ઊંડા ઊતરી ગયા છે.

આ ઉલ્કાપાત થએલો ત્યારે તેનો અવાજ ૬૦૦ માઈલ સુધી સંભળાયો હતો ને એવો તો જબરો વંટોળિયો ઊપજ્યો હતો કે ૪૦૦ માઈલ સુધીમાં જનજનાવરો બધાં તેમાં ઊડી નીકળ્યાં હતાં. ઘેટાંનું એક ટોળું તો આખું હવામાં ઊંચકાઇને નદીમાં ફેંકાઈ ગયું હતું! એ પ્રપાત સાથે ઊઠેલી જ્વાળાઓ સેંકડો માઇલો સુધી દેખાઈ હતી.

ઍસ્પિરીનથી સાવચેત રહો

આજકાલ ઘણા ઍસ્પિરીન ટીકડીઓ વાપરે છે. ઍસ્પિરીન તત્કાળ માટે દુખાવો મટાડે છે, પણ દર્દનો નાશ કરી શકતું નથી. ટાઢીઆ તાવમાં કે ઇન્ફ્લ્યુએન્ઝા વખતે ઍસ્પિરીન લેવું જોખમભર્યું છે. તેથી દરદીનો તાવ નરમ પડે છે, પણ તે ઈચ્છવા જેવું નથી. અંદરના સોજાના પ્રતિકાર રૂપે કુદરત જ તે તાવની ગરમી ઉત્પન્ન કરે છે. કેટલાંક દર્દોમાં તો તાવ લાવવો પડે છે.

ઍસ્પિરીન બીજી રીતે પણ નુકસાનકર્તા છે. દર્દીને તરત આરામ થાય એટલે તે માની લે છે કે છૂટયા, પણ ખરેખર તો તેના દર્દનું કારણ જુદું જ હોય છે. દુખાવો તો માત્ર તેની નિશાની છે. તે બંધ થાય એટલે કંઈ ફાયદો થયો ન ગણાય. મૂળ દર્દ તો રહે છે જ.

ત્રીજો ભય ઍસ્પિરીન તાજું ન હોય તેનો છે. લાંબે વખતે તેમાં ઍસેટિક અને સેલિસિલિક ઍસિડો ઉત્પન્ન થાય છે અને તેનાથી હોજરીમાં સખત પીડા ઊપડે છે.

વિંડસરનાં મંતવ્યો

પોતાનો નસીબપલટો નહોતો થયો ત્યાર પહેલાં પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે હાલના ડ્યૂક ઑફ વિંડસરે પોતાનાં જે કેટલાંક મંતવ્યો જાહેર કરેલાં તે અહીં આપ્યાં છે:

લગ્નઃ ૩૨ વર્ષ પહેલાં કોઇએ લગ્ન કરવું યોગ્ય નથી.

યુદ્ધઃ ગયા યુદ્ધે આપણને જે અનેક પાઠ શીખવ્યા તેમાં સૌથી અમૂલ્ય એ છે કે ફરી કદી યુદ્ધનો પ્રશ્ન કે તે માટેની તક ઊભાં થવાં ન જોઇએ.

શિસ્તઃ તંદુરસ્ત શિક્ષણ અને શિસ્ત હું અનિવાર્ય ગાનું છું.

ઘરોઃ 'સ્લમ્સ' એ આપણી સંસ્કૃતિનું જબરૂં કલંક છે.

શિકારઃ સિંહને મારવા કરતાં તેને ફિલ્મમાં ઉતારવો એ વધુ સારૂં છે.

આદર્શઃ હું રાજા થઈશ ત્યારે આ ત્રણ વસ્તુ કરીશઃ (૧) કૂતરાંની પૂછડીઓ કાપવા સામે હું કાયદો કરીશ. (૨) ઘોડાઓના મોં પરથી લગામો દૂર કરાવીશ. અને (૩) પછી દુનિયામાંથી તમામ પાપ નાબૂદ કરવા હું મથીશ.

જિંદગી શું છે?

જિંદગી એક સ્વપ્ન છે—કૅલ્ડેરન
જિંદગી એક કિલ્લો છે—નેપોલિયન
જિંદગી જ્વાળા છે—બર્નાર્ડ શૉ
જિંદગી એક સીડી છે—રિચાર્ડ બર્ટન
જિંદગી માત્ર મશ્કરી છે—જોન ગે
જિંદગી એક કારુણી છે—સ્વિફ્ટ
જિંદગી એ પરીક્ષા છે—હૅન્સ ઍન્ડરસન
જિંદગી ધુમાડો છે—ડબલ્યુ. ઇ. હેન્લે

આ પાશ્ચાત્ય મહાજનો સામે મૂકવા આપણા મહાજનોનાં વક્તવ્ય કોઈ શોધી કાઢશે?

ભારતીય સંવતો (૩ વીરનિર્વાણ સંવત્)

જૈનોના અંતિમ તીર્થંકર મહાવીર (વીર, વર્દ્ધમાન)ના નિર્વાણથી જે સંવત્ ગણાય છે એને 'વીરનિર્વાણ સંવત્' કહે છે. એનો પ્રચાર બહુધા જૈન ગ્રંથોમાં મળે છે, તોપણ ક્યારેક ક્યારેક શિલાલેખો પર પણ તે કોરેલો મળી આવે છે.

શ્વેતાંબર મેરુતુંગસૂરિએ એમના 'વિચારશ્રેણિ' પુસ્તકમાં વીરનિર્વાણ સંવત્ અને વિક્રમ સંવત્ વચ્ચેનું અંતર ૪૭૦ આપ્યું છે. એ હિસાબે વિક્રમ સંવત્‌માં ૪૭૦, શક સંવત્‌માં ૬૦૫ અને ઇ.સ.માં ૫૨૭ મેળવવાથી વીરનિર્વાણ સંવત્ આવે.

શ્વેતાંબર અંબદેવ ઉપાધ્યાયના શિષ્ય નેમિચન્દ્રાચાર્યે રચિત 'મહાવીરચરિયં' નામક પ્રાકૃત કાવ્યમાં લખ્યું છે કે 'મારા (મહાવીરના) નિર્વાણથી ૬૦૫ વર્ષ ને ૫ મહિના વીત્યા બાદ શક રાજા ઉત્પન્ન થશે. દિગંબર સંપ્રદાયના નેમિચંદ્ર રચિત 'ત્રિલોકસાર'માં, મેઘનંદિના 'શ્રાવકાચાર'માં અને 'હરિવંશપુરાણ'માં પણ એટલો જ ગાળો ઉલ્લેખાએલો છે. 'ત્રિલોકસાર'ના ટીકાકાર માધવચંદ્રે 'શક' રાજાને ભૂલથી 'વિક્રમ' માની લેવાથી તેના પછીના કેટલાક દિગંબર લેખકોએ વિક્રમ સંવત્‌થી ૬૦૫ (શક સંવત્‌થી ૭૪૦) વર્ષ પૂર્વે વીરનિર્વાણ માની લીધું, જે બરાબર નથી. દિગંબર જૈન લેખકોએ ક્યાંક શક સંવત્‌થી ૪૬૧, ક્યાંક ૯૭૯૫ તો ક્યાંક ૧૪૭૯૩ વર્ષ પૂર્વે વીરનિર્માણ થયું હોવાનું લખ્યું છે, પણ એ મત સ્વીકારવા યોગ્ય નથી.

૪–બુદ્ધનિર્વાણ સંવત્

બૌદ્ધોમાં બુદ્ધ (શાક્યમુનિ)ના નિર્વાણથી જે સંવત્ મનાય છે તેને 'બુદ્ધનિર્વાણ સંવત્' કહે છે. એ બૌદ્ધ ગ્રંથોમાં તથા ક્વચિત્ શિલાલેખોમાં મળી આવે છે. બુદ્ધનું નિર્વાણ સીલોન, બ્રહ્મદેશ, આસામ ને સિયામમાં ઈ. સ. થી ૫૪૪ વર્ષ પહેલાં માનવામાં આવે છે. ચીનનિવાસીઓ તે ઈ. પૂ. ૬૩૮માં માને છે. ઇ. સ. ૪૦૦માં અહીં આવનાર ચીના યાત્રી ફાહિયાને લખ્યું છે કે 'આ સમય સુધી નિર્વાણનાં ૧૪૯૭ વર્ષ વ્યતીત થયાં છે. બીજા ચીના યાત્રી હુએનસંગે નિર્વાણના ૧૦૦મા વર્ષમાં અશોક (ઇ.પૂ. ૨૬૯થી ૨૨૭)નું રાજ્ય દૂર દૂર ફેલાયાનું લખ્યું છે તે પરથી નિર્વાણકાળ ઇ. પૂ. ની ચોથી શતાબ્દીની અધવચ આવે. ડૉ. બૂલ્હરે ઈ.પૂ. ૪૮૩-૨થી ૪૭૨-૧ વચ્ચે, પ્રોફેસર કર્નેઈ. પૂ. ૩૮૮માં, જનરલ કનિંગહામે ૪૭૮માં, મૅક્સમૂલરે ૪૭૭માં, પંડિત ફર્ગ્યુસને ૪૮૧માં, ભગવાનલાલ ઈંદ્રજીએ ૬૩૮માં મિસ ડફે ૪૭૭માં, ડૉ. બાર્નેટે ૪૮૩માં, ડૉ. ફ્લીટે ૪૮૨માં અને સ્મિથે ઇ. પૂ. ૪૮૭-૮૬માં નિર્વાણનું અનુમાન કર્યું છે. બુદ્ધનિર્વાણ સંવત્‌વાળા અધિક લેખો ~~ન મળવાથી એના પ્રારંભ સંબંધે~~ ઈ. પૂ. ૪૮૭ આસપાસ સ્વીકાર કરવો ઠીક લાગે છે.


(મ.પં.ગૌરીશંકર ઓઝાના 'પ્રાચીનભારતીયલિપિમાલા' પરથી)

નવી કેડીઓ

અત્યારે રેલવે ઉપરાંત બસ સર્વિસો મોટા પ્રમાણમાં શરૂ થઈ છે, તેથી ઘણી અનુકૂળતાઓ સધાઈ છે. રેલવેનાં ટાઇમ ટેબલ મળે છે, પણ બસ સર્વિસ ક્યાંક્યાં છે તેની જાણ મેળવવી મુશ્કેલ છે. કોઈ સાપ્તાહિકે કે માસિકે પોતાનાં લેખકો અને વાચકો દ્વારા આવી માહિતી એકઠી કરી તેનો ખાસ લેખ કે અંક આપવો જોઇએ. દિવાળીના થીથરીઆ અંકોમાં અપાતા સાહિત્ય કરતાં આ વધુ ઉપયોગી નીવડે.

–માધવલાલ ત્રિભુવન રાવળ

નવા નુસ્ખા



દોરાના ખાલી રીલમાંથી ઉપર બતાવ્યા મુજબનું સરસ રમકડું તમે થોડી જ મિનીટોમાં તૈયાર કરી શકો. રીલના બંને છેડાનાં કાણાં આગળ સાબુની બે પતરીઓ મૂકી તેમાંથી કાણાં સોંસરી રબરની ચપટી દોરી પરોવીને તેને બેવડી કરો; પછી તેના એક છેડે એક આખી દીવાસળી તથા બીજે છેડે દીવાસળીનો એકાદ ટુકડો એ દોરીમાં પરોવી દો અને દોરી બરાબર ખેંચાઇ રહે એટલા વળ આપો એટલે પત્યું. કોઇ પણ નાના સરખા ચઢાણ નજીક એને મૂકશો એટલે ટ્રૅક્ટરની પેઠે એ ચઢાણ તે ચઢી જશે. ચઢાણ વધારે સરળ બનાવવું હોય તો રીલની ધારોમાં થોડા આંકા પાડવા. ટ્રૅક્ટર વધુ ગતિમાન ન બની જાય તે માટે સાબુના ટુકડા સાથે પરોવવા આવશ્યક છે.

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

આપણી ચિત્તશક્તિ પંદરમે વર્ષે પરિપક્વ થાય છે ને એકત્રીસમા વર્ષથી ઓસરવા માંડે છે.

ઓછામાં ઓછી ગણત્રી પ્રમાણે હિંદીવાનને રોજિંદો ૧.૬ રતલ ખોરાક મળવો જોઇએ તેને બદલે માંડ ·૯૪ રતલ મળી શકે છે.

આપણી પૃથ્વી આસપાસ સૂર્યનો પ્રકાશ એક સેકંડમાં સાત વખત ઘૂમી વળે છે.

નવાં પુસ્તકો

શતદલ–(ઈન્દુલાલ ગાંધી) મુક્તક શૈલીનાં નાનાં ૧૦૦ કાવ્યોનો સંગ્રહ.

ગોરસી–(ઇન્દુલાલ ગાંધી) 'ખંડિત મૂર્તિઓ'ના કવિનો એવો જ લાક્ષણિક બીજો કાવ્ય સંગ્રહ.

બંને સુઘડ સુંદર રૂપરંગમાં, ૧૦૦–૧૧૦ પાનામાં; કીમત બંનેની રૂા. એક; પ્રકાશકઃ ઈન્દુલાલ ગાંધી, સમરસેટ સ્ટ્રીટ, કૅમ્પ, કરાચી.

વાતોનાં વડાં–એ નામથી સૂરતના 'લોકવાણી' અને 'પ્રતાપ' પત્રમાં આવેલાં હાસ્યરસિક લખાણોનો સંગ્રહ; લેખક અને પ્રકાશકઃ બળદેવ પ્રહ્લાદ મોલીઆ, વાડી ફળિયા, સૂરત. લગભગ ૨૦૦ પાનાં. ૦–૮–૦.

લોકપોથી–આ ત્રીજી આવૃત્તિએ જેની સંખ્યા અરધા લાખે પહોંચે છે તે પ્રૌઢશિક્ષણ માટેની પ્રથમ વાચન માળા. લેખકઃ શ્રી જુગતરામ દવે તથા શ્રી નરહરિ પરીખ, ૦-૧-૦; પ્રકાશકઃ નવજીવન પ્રકાશન. મંદિર અમદાવાદ.

મારૂં ગામડું–ગ્રામસેવાના માર્ગો અને અનુભવો વર્ણવતું એ દિશામાં કીમતી સામગ્રી રજૂ કરતું પુસ્તક, શ્રી બબલભાઇ મહેતા કૃત, ૦-૯-૦; પ્રકાશકઃ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ.

કુરુક્ષેત્ર–એ ધર્મયુદ્ધની કાવ્યગાથાના જે બાર કાંડ કવિ શ્રી ન્હાનાલાલે કરવા ધાર્યાં છે (અને જેમાંના સાત બહાર પડ્યા છે) તેમાંનો અષ્ટમકાંડ–માયાવી સન્ધ્યા; પ્રકાશક પોતે જ, એલિસબ્રિજ, અમદાવાદ, ૦–૧૨–૦.

કલ્કી અથવા **સંસ્કૃતિનું ભાવિ**–'માનવી સંસ્કૃતિનું વહાણ ક્યાં સુધી આવ્યું છે, ક્યા ક્યા સમુદ્ર એણે ખેડ્યા છે, કેટલું ઊંડાણ માપ્યું છે અને આગળ જતાં એ વહાણ આગળ કેવા સમુદ્રો પડ્યા છે, એ બધાનો ક્યાસ કાઢી આપણને દિશા સુઝાડનાર માણસ' તરીકે જેને કાકાસાહેબ ઓળખાવે છે એ મહાન તત્ત્વજ્ઞ સર રાધાકૃષ્ણનનું પુસ્તક, અનુવાદ કરનાર–નગીનદાસ પારેખ; પ્રકાશકઃગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ૦-૧૦-૦

પ્રેરક વ્યાખ્યાનમાળા-વ્યાયામવિષયક ૧૦ વ્યાખ્યાનોનો સંગ્રહ. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ–કરાડી, ૦–૭–૦.

વળામણાં–'જન્મભૂમિ'એ ૧૯૩૯ની શ્રેષ્ઠ નવલ તરીકે ઓળખાવેલી શ્રી પન્નાલાલ પટેલની પહેલી નવલકથા. પ્રકાશક-ગતિ ગ્રંથમાળા, પીપલ્સ બૅંક બિલ્ડીંગ અમદાવાદ, ૦–૮–૦.

હીંદના દલેર પારસી વીરલાઓ-પારસી મર્દાનગી અને પારસી બહાદુરીના કિસ્સાઓથી ભરપૂર પુસ્તક. લેખક-એન. એચ. બીલીમોરીઆ, પ્રકાશક–'જામે જમશેદ' બેલાર્ડ એસ્ટેટ, મુંબઇ.

ગયા મહાયુદ્ધની સંધિ થઈ એ જ દિવસે (૧૯૧૮ના નવેમ્બરની ૧૧મીની બપોરે) કાળા સમુદ્રમાં બે જર્મન અને બ્રિટિશ સબમરીનો સામસામી આવી પડી. બંનેમાંથી એકેને તહનામાની ખબર ન હોઇ બંનેએ સામસામે ટૉર્પીડો ફેંકી, પણ બંને નિશાન ચૂકી ગઇ. સેબાસ્ટોપોલ પહોંચતાં બંને કપ્તાનોને સુલેહની ખબર પડી એટલે સામસામી સલામી આપી, એકબીજાની પત્નીને કાગળ લખ્યા: 'બાનુ, મને બહુ આનંદ થાય છે કે આપના પતિનો પ્રાણ હું લઈ શક્યો નહિ!'

અનેકાર્થી શબ્દ: **અવેર**=કરકસર; કાબૂ, દેખરેખ; મૈત્રી; સમેટી લેવું તે, એકઠું કરવાપણું; વ્યવસ્થા; વિલંબ.

ગણિતગમ્મત

$૧૧^2 = ૧૨૧$

$૧૧૧^2 = ૧૨૩૨૧$


$૧૧૧૧^2 = ૧૨૩૪૩૨૧$

$૧૧૧૧૧^2 = ૧૨૩૪૫૪૩૨૧$

કહેવતોના અર્થ: 'દીકરા, મોટો થા પરણાવશું'—બાપાને મન દીકરો કદી મોટો થાય જ નહિ ને એ રીતે વાયદાનો અંત આવે જ નહિ. એવા 'પલક કા પખવાડીઆ, ઘડી કે ખટ માસ' જેવા લાંબા લાંબા વાયદા માટે 'રાણાજીનાં અબારાં (આ ઘડી)' કે 'અગસ્ત્યના વાયદા' એ કહેવતો આપણામાં પ્રચલિત છે. એને મળતી બીજી કહેવતો: 'સોમવતી અમાસ ને શુક્રવાર,' 'મેસાણાના ભાટ જમે કાલ,' 'લાંબી કરે ધવરાવવું,' 'કોણીએ ગોળ ચોંટાડવો' વ૦

દુનિયામાં વધુમાં વધુ કીમત કોઇ ચિત્રની ચૂકવાઈ હોય તો ટિશ્યાં નામે ચિત્રકારના 'કૉર્નેરો' નામના ચિત્રની. લંડનની નૅશનલ ગૅલેરીએ એ એક ચિત્રના ૧,૨૨,૦૦૦ પૌંડ ચૂકવેલા!

લંડનનો ઘેરાવો ૭૦૦ ચોરસ માઇલનો વિસ્તાર રોકે છે.



સળંગ એક જ રેખા વડે આલેખેલું ચિત્ર

યુનાઇટેડ સ્ટેટ્સ જગતને જોઈતું અર્ધા ભાગનું લોઢું, ત્રીજા ભાગના કોલસા, અર્ધાં કરતાં વધારે રૂ, ત્રીજા ભાગની તમાકુ ને ચોથા ભાગનું પેટ્રોલિયમ પૂરૂં પાડે છે.

ઇ. ૧૮૦૦માં આપણી પૃથ્વીની જનસંખ્યા ૭૦ કરોડ હતી તે આજે લગભગ બે અબજ પર પહોંચી છે.

પ્રાણીઓના હૃદયનું સ્પંદન એમના કદ ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે કૅનૅરી જેવા નાજુક પક્ષીનું હૃદય મિનીટે ૧૦૦૦ સ્પંદન અનુભવે છે, જ્યારે હાથીનું હૃદય ૨૫.

માર્ચ મહિનાનું સૅક્સન નામ પહેલાં 'લેન્ક્ટેનટિડ' હતું.

આપણે માનીએ છીએ તેમ દુનિયામાં સૌથી વધુ ધરતીકંપો જાપાનમાં નહિ, પણ દક્ષિણ અમેરિકામાં પાસિફિક કાંઠે આવેલા ચીલિ દેશમાં થાય છે—વરસે લગભગ ૧૦૦૦!

દુનિયામાં મોટામાં મોટી રેલવે ટિકીટ કૅનેડિયન પૅસિફિક રેલવેએ મિસ એલિસ જૅક્સનના કૅનેડાના વ્યાખ્યાનપ્રવાસના પ્રસંગે ગઇ સાલ તેને કાઢી આપેલી—૧૫ ફૂટ, ૧૧ ઇંચની!

કબૂતરો મનુષ્યનો અવાજ સાંભળી શકતાં નથી.

ગાયની જીભ પર સ્વાદુકળીઓ મનુષ્ય કરતાં પાંચગણી વધારે હોયછે.

એકાદ પ્યાલામાં એક ચમચી નવસાર નાખેલા પાણીથી સોનાચાંદીની ચીજો સરસ રીતે સાફ થશે.

મધમાખીને બે પેટ હોય છે, અને કરચલાને બે નાક.

આપણી ભાષામાં એક જ અક્ષરના બનેલા કેટલા શબ્દો છે તેની તમને ખબર છે? નીચેનો એકેએક અક્ષર પોતે એક સંપૂર્ણ શબ્દ છે. એના અર્થ ન જાણતા હો તો શબ્દકોશમાં જોશો:—ક, ખ, જ, ઠ, ન, ક્ષ, આ, કાં, ઘા, ઠા, તા, દા, ધા. ના, પા, બા, ભા, મા, રા, વા, શા, હા, ધી, છી, ધી, ફી, બી, લી, શ્રી, સ્ત્રી, ક, ચૂ, જૂ, દું, ભૂ, રૂ, લૂ, શું, હું, એ, કે, છે, જે, તે, બે, ભે, રે, હે, ને, પૈ, શૈ, ઓ, ખો, ગો, ધો, છો, જો, તો, બો, ભો, સો, મૌ.


સાઇબીરિયામાં ચાને દબાણ આપીને તેમાંથી જ બનાવેલા પ્યાલામાં ગરમ પાણી રેડતાં, તેનો થોડો ભાગ ઓગળી ચા મળે છે. આવા પ્યાલા છ માસ સુધી ચા પૂરી પાડે છે.




'ઍનોર લિન' એ એક નામ ૩૬ વિ[illegible] રીતે ચીનીમાં આ ઉપર લખેલું છે.

ફોટોગ્રાફી







હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ–'ઉત્તરાયણ ઊતરતાં' ચીમન મેવાડા (કલોલ); બીજું ઇનામ–'ફેરીઓ' ચતુરભાઇ પટેલ (ખાનપુર) ત્રીજું ઈનામ–'જર્જરિત જાળી' એન. જી. શાહ (મલાડ).

ફોટોગ્રાફીના વિશારદો કોઈ પણ ફોટો–ચિત્રને પ્રદર્શન લાયક ગણતાં પહેલાં તેને અનેક કસોટીએ તાવે છે. ચિત્રનો વિષય, તેની મૌલિકતા, વસ્તુ, સંયોજન, ટેકનીક વગેરે બહુવિધ દૃષ્ટિકોણથી તેને તપાસે છે. ઘણીવાર એવું પણ બને છે કે અમુક ચિત્રો કોઇક પ્રદર્શનોમાં પ્રશંસાપાત્ર ઠરે છે, જ્યારે કેટલાકમાં બિલકુલ નાપાસ થાય છે. ત્યારે સારો ફોટોગ્રાફ કોને કહેવો? સારો ગણવા માટે કાંઇ ધોરણ હશે? આ પ્રશ્નો ઘણા વાચકના મનમાં સહસા ઉદ્ભવતા હશે. સામાન્ય જનતા માટે તેના જવાબો આ રહ્યા: કોઇ પણ ફોટોગ્રાફ હાથમાં લઈ તેના પરત્વે તમે ત્રણ સવાલ વિચારી જુઓ–(૧) ફોટોગ્રાફરે કેવા વિષયનું ચિત્ર ઉતારવા પ્રયત્ન કર્યો છે? (૨) સર્જન યોગ્ય તેમાં કાંઇ વસ્તુ છે? (૩) સર્જકનો એ ઉદ્દેશ પાર પડ્યો છે? ઉપરના ત્રણે પ્રશ્નોનું સમાધાન એ ચિત્રમાંથી મળે તો માનવું કે તે જરૂર સારૂં ફોટો-ચિત્ર છે.

પહેલું ઈનામ મેળવનાર ભાઈ મેવાડાના ચિત્ર 'ઉત્તરાયણ ઊતરતાં'ને આપણે એ રીતે નિહાળીએ. ગુજરાતમાં સ્ત્રી-પુરુષ, નાનામોટા સૌ ઉત્તરાયણ જુદીજુદી જાતના આનંદમાં ગુજારે છે. સર્વે બાળકો તથા થોડાં મોટેરાંને પતંગ દોરીનું આકર્ષણ અજબ હોય છે. તે પર્વના આગળપાછળના દિવસોમાં શેરીએ શેરીએ બાળકો પતંગ–દોરીના વ્યવસાયમાં નિમગ્ન હોય છે. ભાગ્યે જ કોઇ ફોટોગ્રાફરે આ બાળ-પ્રવૃત્તિનાં ચિત્રો ઉતાર્યાં છે. ભાઇ મેવાડાએ એ નવીન વસ્તુ તરફ નજર દોડાવી છે. નિશાળે જતાં જતાં પણ નહિ ભુલાતાં દોરી -ઘિસ્સાની રમત રમતા બે છોકરાઓને તેમની લાક્ષણિક ઢબમાં તેમણે ઝડપી સુંદર ચિત્ર ઉતાર્યું છે. આ ચિત્રમાં ઉપરના ત્રણ સવાલોનું સંતોષકારક સમાધાન જડે છે. માટે જ 'ઊત્તરાયણ ઉતરતાં' સૌને ગમે તેવું ચિત્ર છે. એની ટેકનીક પણ ઉચ્ચ પ્રકારની કહેવાય. વિષયના વર્ણભેદ (ટોન) સંપૂર્ણરીતે જળવાયા છે.

બીજું ઈનામ જીતનાર 'ફેરીઓ' પણ એ જ દૃષ્ટિએ નિહાળતાં સુંદર અને આકર્ષક ચિત્ર જણાય છે. સામા પ્રકાશમાં પરંતુ છાયાદાર બૅકગ્રાઉન્ડ સાથે વસ્તુ લેવાથી લારીમાંનો માલ–કાચનો સામાન ઝળઝળિત બની આંખને આકર્ષે છે. એથી ચિત્રના મુખ્ય લક્ષ્ય તરફ જોનારની નજર સ્થિર થાય છે. એ એની વિશિષ્ટતા. અમદાવાદની બેનમૂન કારીગરીવાળી જાળી કોઈ ગુજરાતીથી અજાણી નથી જ. પણ એને 'જર્જરિત જાળી' શા માટે કહી? હજી યે તે મજબૂત છે. એ ચિત્રની ફોટોગ્રાફી ઠીક છે. જો કે કળાના અવશેષોની ફોટોગ્રાફી કરતી વખત તેના મૂળ સર્જકને સંપૂર્ણ ન્યાય મળે એવી ફોટોગ્રાફી કરવામાં ઘણી મૌલિકતાની જરૂર પડે છે.

બલવન્ત ભટ્ટ



કલાપી (જેમની જન્મજયંતી ગયે મહિને ઉજવાઇ) ચિત્રકાર · રવિશંકર રાવળ


પ્રણય અને પ્રણયની ફિલસૂફીને ગુજરાતી કવિતામાં મઅલખપણે ગાનાર લાઠીના રાજવી કવિ 'કલાપી'—ઠાકોર શ્રી સુરસિંહજી–નો જન્મ ઈ. ૧૮૭૨ના ફેબ્રુઆરીની ૨૬મીએ થયો હતો. ૧૮૯૧માં રાજકોટની રાજકુમાર કૉલેજમાં અભ્યાસ પૂરો કરીને તે હિંદની સફરે ઉપડ્યા જેમાંથી 'કાશ્મીરનો પ્રવાસ' નામનું તેમનું જાણીતું પુસ્તક સર્જાયું. સ્વ. મણિલાલ નભુભાઇએ ગુજરાતીમાં અવતારેલા ગઝલના નૂતન કાવ્યપ્રકાર દ્વારા એમણે ૧૮૯૨ના ઑક્ટોબરની ૧૫મીએ પોતાના કવિતાધારા પ્રથમ વહાવી, જે ગઝલો 'સુદર્શન' માસિકમાં 'ફકીરી હાલ' નામથી પ્રગટ થઈ. 'ત્યારથી ગુજરાતના ગરીબ થએલી વાડીમાં કલાપીની કેકા સંભળાવી શરૂ થઇ તે એમના અવસાન (૧૯૦૦ના જૂનની ૧૦મી) સાથે જ વિરામ પામી.' કચ્છની બે જાગીરોની કુંવરીઓ સાથેનાં શરૂઆતમાં થએલાં લગ્નો ઉપરાંત એમણે ૧૮૯૮ના જુલાઈની ૧૧મીએ પોતાનાં પ્રણયરાજ્ઞી શોભના સાથે કરેલું લગ્ન એમના જીવનનો મહત્ત્વનો બનાવ છે. કવિતાઓ સિવાય બીજું ચિરંજીવ તત્ત્વ 'કલાપી'ના અસંખ્ય પત્રોમાં રહેલું છે. એ ઉપરાંત એમણે સંવાદો, નવલિકાઓ, નવલો વગેરે પર પણ હાથ અજમાવેલો, પરંતુ આત્મરંગે રંગાએલી તેમના કાવ્યની ઉચ્ચ ભૂમિકાને પહોંચવા જેટલા સમર્થ અન્ય પ્રકારો નથી. માત્ર ૨૮ વર્ષની વયે એમનો જીવનદીપ ન બુઝાઇ ગયો હોત તો ગુજરાતને ચિરકાલ ઋણી રાખે એવું સાહિત્યસર્જન તે આપી ગયા હોત.



આકાશી ચિતારા

(ચિત્રકાર • હરિવદન ભટ્ટ)

નૃત્યના આવિર્ભાવ કળાકારની પીછીમાં કેવી રીતે ઉછળે છે તેનું રૂપક દર્શાવતું
આ રેખાચિત્ર સ્વ. ભાઈ હરિવદનના એક ફાટેલા આલેખ પરથી લેવાયું છે



એકાંતી
વાતાવરણ અને સંકેતની જમાવટવાળું ચિત્ર
ફોટો
આર. આર. ભારદ્વાજ